# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
દેસી ગર્લ પ્રિયંકા ચોપરાના અંદાજે ફરી ફેન્સનું દિલ જીત્યું...





પેજ-09
પાકિસ્તાન સામે મેચ પહેલા વિરાટ કોહલીનું મોટું નિવેદન


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 19.00 |
| વડોદરા | 32.00 | 19.00 |
| સુરત | 34.00 | 20.00 |


પેજ 5






SEBIએ આ કંપનીને બતાવી લાલ આંખ ફટકાર્યો 6 કરોડ રૂપિયાનો દંડ


20 FEBRUARY-2025 THURSDAY


US Russia Talks on War: અમારી પીઠ પાછળ કોઇ ખંજર ન ઝિંકશો : ઝેલેસ્કી




પેજ 10


**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 75939.18 ▼ | 28.21 |
| નિફ્ટી | 22932.90 ▼ | 12.40 |
| સોનું | 86327.00 ▲ | 214.00 |
| ચાંદી | 96600.00 ▼ | 248.00 |


વર્ષ-14 । અંક-093 । વિક્રમ સંવત-2081 । મહા વદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# સેનાને રાજનીતિમાં ન ઢસડો...

## આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ રાહુલ ગાંધીને આપી સલાહ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને સલાહ આપતા કહ્યું કે, 'સેનાને રાજનીતિમાં ન ઢસડો. જો આવુ થયું તો આ ચિંતાની વાત છે.' જનરલે જણાવ્યું કે, 'ચીન સાથે બોર્ડર વિવાદને લઈને અમે વાતચીત આગળ વધારી રહ્યા છીએ. જો અમે એકબીજા સાથે વાત કરીશું તો ઘણીબધી શંકાનું સમાધાન આવી શકે છે. અમારો મત એવો રહ્યો છે કે શંકાઓ કોઈપણ કિંમતે દૂર થવી જોઈએ. આ માટે અમે કોર્પ્સ કમાન્ડરોને શક્ય હોય ત્યાં નિર્ણયો લેવાની સત્તા આપી છે. જો કોઈ મુદ્દો વાતચીત દ્વારા ઉકેલી શકાય તો તે થવો જોઈએ. તેમને આ સત્તા આપવામાં આવી છે કે જો કોઈ બાબત તેમના સ્તરે ઉકેલી શકાય તો તે કરવું જોઈએ. તેના માટે કોઈપણ પ્રકારની મંજૂરીની રાહ જોવાની જરૂર નથી.'



### જરૂર હશે તો અમે લડાય કરવાથી પાછળ રહીશું નહી

ભારત લાંબા સમયથી કહી રહ્યું છે કે અમે વાતચીત કરવા ઇચ્છીએ છીએ. પરંતુ જ્યારે જરૂર હશે તો અમે લડાય કરવાથી પાછળ રહીશું નહી. સેનામાં કોઇ જવાન શહીદ થાય છે તો તેમના પરિવારમાં આ અંગે જાણ કરવી તે ખૂબ જ પીડાદાયક હોય છે. જો કે, અમે એક પરિવારની જેમ કામ કરીએ છીએ. સેનામાં એન્જિનિયર, આર્ટી, ઈન્ફેન્ટ્રી સહિત તમામ લોકો એક પરિવાર જેમ હોય છે.

# રેખા ગુપ્તા દિલ્હીના નવા મુખ્યમંત્રી

## પરવેશ વર્મા ડેપ્યુટી સીએમ , આવતીકાલે શપથગ્રહણ સમારોહ



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

26 વર્ષ બાદ દિલ્હીમાં સત્તામાં આવનાર ભારતીય જનતા પાર્ટી(BJP)ના નવા મુખ્યમંત્રી નામની જાહેરાત કરી દેવાઈ છે. રેખા ગુપ્તા દિલ્હીના નવા મુખ્યમંત્રી બનશે. ત્યારબાદ આવતીકાલે(20 ફેબ્રુઆરી) રામલીલા મેદાનમાં શપથ ગ્રહણ સમારોહ યોજાશે. જણાવી દઈએ કે, 5 ફેબ્રુઆરીના રોજ મતદાન થયું હતું અને 8 ફેબ્રુઆરીના રોજ પરિણામ જાહેર થયા હતા. જેમાં ભાજપે ત્રણ વખત સરકાર બનાવનાર આમ આદમી પાર્ટીને હરાવીને 48 બેઠકો જીતી છે. જ્યારે છેલ્લી બે ચૂંટણીઓમાં ભાજપ માત્ર 3 અને 8 બેઠકો સુધી જ સીમિત રહી હતી. છેલ્લી ચૂંટણીમાં 62 બેઠકો જીતનાર AAP આ વખતે માત્ર 22 બેઠકો જ જીતી શકી છે.

### ભાજપ કાર્યાલયમાં ધારાસભ્યોની બેઠક યોજાઈ

પર્યવેક્ષક ઓપી ધનખડ અને રવિશંકર પ્રસાદની અધ્યક્ષતામાં દિલ્હી સ્થિત ભાજપ કાર્યાલયમાં ભાજપના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. જેમાં પરવેશ વર્મા, વિજેન્દ્ર ગુપ્તા સહિતના ભાજપના ધારાસભ્યો અને નેતાઓ પણ હાજર રહ્યાં.

### ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં રેખાના નામ પર મહોર લાગી

### વિજેન્દ્ર ગુપ્તા વિધાનસભા અધ્યક્ષ રહેશે

મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ ગુરુવારે (20 ફેબ્રુઆરી) બપોરે 12:35 વાગ્યે રામલીલા મેદાનમાં થશે. દિલ્હીના મુખ્ય સચિવ દ્વારા મોકલવામાં આવેલા આમંત્રણ પત્રમાં મુખ્યમંત્રી સાથે મંત્રીઓના શપથ ગ્રહણ સમારોહનો પણ ઉલ્લેખ છે.

## કોઈ પુરાવા ન મળ્યા... લોકાયુક્તે આપી ક્લીનચીટ

# MUDA કેસમાં કર્ણાટકના CM સિદ્ધારમૈયાને મોટી રાહત

**ક્લિન ચીટ, પણ તપાસ ચાલુ :** ક્લિન ચિટ મળી હોવા છતાં લોકાયુક્તે જણાવ્યું હતું કે 2016 અને 2024 વચ્ચે MUDA દ્વારા કરવામાં આવેલી જમીનની ફાળવણીની તપાસ હજુ ચાલુ રહેશે. પૂરક તપાસ ચાલી રહી છે, અને તે પૂર્ણ થયા પછી CrPCની કલમ 173 (8) હેઠળ કોર્ટમાં બીજો રિપોર્ટ સબમિટ કરવામાં આવશે.

(એજન્સી) બેંગ્લોર । તા. 19

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને મૈસુર શહેરી વિકાસ સત્તામંડળ (MUDA) જમીન કૌભાંડ કેસમાં લોકાયુક્ત તરફથી ક્લીનચીટ મળી ગઈ છે. લોકાયુક્ત પોલીસે જણાવ્યું હતું કે, સિદ્ધારમૈયા અને તેમની પત્ની પાર્વતી સહિત ચાર આરોપીઓ સામે કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. તપાસ અધિકારીઓએ ફરિયાદી સ્નેહમયી કૃષ્ણાને જણાવ્યું હતું કે, પુરાવાના અભાવે બંને સામેના આરોપો સાબિત થઈ શક્યા નથી. આ મામલે અંતિમ રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. સિદ્ધારમૈયા અને તેમની પત્ની ઉપરાંત તેમના સાળા મલ્લિકાર્જુન સ્વામી અને જમીન માલિક દેવરાજુ પણ આરોપી છે.



### શું હતી ફરિયાદ?

ફરિયાદમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને અન્યો પર MUDAની સાઈટ ફાળવણીમાં અનિયમિતતાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જેમની વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, બેનામી વ્યવહાર (પ્રતિબંધ) અધિનિયમ અને કર્ણાટક લેન્ડ ગ્રેબ એક્ટની કેટલીક કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જો કે, લોકાયુક્તની તપાસમાં કોઈ ગુનાહિત ગેરરીતિ જોવા મળી ન હતી, જેના કારણે આરોપીઓને નિર્દોષ છોડવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

**લોકાયુક્તે કહ્યું- સિદ્ધારમૈયા, તેમની પત્ની અને અન્ય આરોપીઓ વિરુદ્ધ કોઇ પુરાવા નથી**

### MUDA શું છે?

મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીને ટુંકમાં MUDA કહેવામાં આવે છે. જે મૈસુર શહેરના વિકાસ કાર્યો માટે એક સ્વાયત્ત સંસ્થા છે. જમીન સંપાદન અને ફાળવણીની કામગીરી સત્તાધિકારીની જવાબદારી છે. આ મામલો જમીન કૌભાંડનો છે, તેથી શરૂઆતથી જ આ મામલાને MUDAના નામ સાથે જોડવામાં આવ્યું છે. સિદ્ધારમૈયા જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે MUDA દ્વારા વળ પેટે ફાળવવામાં આવેલી જમીન પર વળતર સંબંધિત ગેરરીતિઓ થઈ હોવાનો આક્ષેપ સામાજિક કાર્યકરોએ કર્યો હતો.

# અમેરિકાએ H-1B વિઝાના નિયમોમાં કર્યા ફેરફાર

## માત્ર ટેક્નિકલ ડિગ્રી નહીં ચાલે, કુશળતા સાબિત કરવી જરૂરી




(એજન્સી) ન્યુયોર્ક । તા. 19

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી સત્તામાં આવ્યા બાદ અનેક નિયમો બદલવાનું શરૂ કરી દીધું છે. જેમાં અમેરિકાએ H1B વિઝાના નિયમોમાં મોટા ફેરબદલ કર્યા છે. ટ્રમ્પ દ્વારા લાગુ કરાયેલા નવા નિયમ હેઠળ H-1B વિઝા માટે માત્ર ટેકનિકલ ડિગ્રી પૂરતી રહેશે નહીં, પરંતુ કુશળતાને ધ્યાને લેવામાં આવશે. પરંતુ તેમાંથી એક લાયકાત સીધી રીતે તેના કાર્ય સાથે સંબંધિત હોવી જોઈએ. તાજેતરમાં અમેરિકા દ્વારા H-1B વિઝા અંગે જાહેર કરાયેલા ડેટામાં જાણવા મળ્યું હતું કે, બહાર પાડવામાં આવેલા કુલ H-1B વિઝામાંથી 20 ટકા ભારતીય મૂળની ટેકનિકલ કંપનીઓ દ્વારા મેળવવામાં આવ્યા હતા.

### અમેરિકામાં હવે ટેક્નિકલ કુશળતાને પણ ધ્યાને રાખશે

અમેરિકા દર વર્ષે ટેક્નિકલ કર્મચારીઓ માટે આશરે 65 હજાર H-1B વિઝા જાહેર કરે છે. આ હેઠળ ભારત સહિતના અન્ય દેશના લોકો કામ માટે અમેરિકા જાય છે. અત્યારસુધીમાં H-1B વિઝા માટે ગ્રેજ્યુએશનની ડિગ્રી માન્ય ન હતી. પરંતુ હવે તેમાં થોડા ફેરફાર કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, પહેલા જો તમારી પાસે કોમ્પ્યુટર સાયન્સની ડિગ્રી હોય, તો તમને તેનાથી સંબંધિત કોઈપણ નોકરી માટે H-1B વિઝા માટે લાયક ગણવામાં આવતા હતા, પરંતુ હવે અરજદારોને તેમની ટેક્નિકલ કુશળતા વિશે પણ પૂછવામાં આવશે.

**H-1B વિઝા એટલે શું?** આ એક નોન-ઈમિગ્રન્ટ વિઝા છે, જે સામાન્ય રીતે અમેરિકામાં કામ કરવા જતા લોકોને આપવામાં આવે છે. જેમની પાસે H-1B વિઝા છે તેઓ તેમની પત્ની અને બાળકોને પણ પોતાની સાથે રાખી શકે છે. જો કોઈનો H-1B વિઝા સમાપ્ત થાય છે, તો તે અમેરિકન નાગરિકતા માટે અરજી કરી શકે છે. જોકે તેનો સમયગાળો ત્રણ વર્ષનો છે, તેને 6 વર્ષ સુધી વધારી શકાય છે.

## વિધાનસભામાં બોલ્યા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી

# સંગમનું જળ સ્નાન યોગ્ય, વિપક્ષ સપાના લોકોએ ખોટો પ્રચાર કર્યો

(એજન્સી) લખનઉ । તા. 19

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહાકુંભમાં સંગમનું પાણી પીવા લાયક ન હોવાનો દાવો ફગાવ્યો છે. તેમણે સંગમનું જળ માત્ર ડૂબકી માટે જ નહીં પણ પીવા લાયક પણ હોવાનો દાવો કર્યો છે. તેમજ સીપીસીબીના રિપોર્ટને મહાકુંભને બદનામ કરવાનું વિપક્ષનું ષડયંત્ર ગણાવ્યું છે. ગઈકાલે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ રિપોર્ટ સોંપતા જાહેરાત કરી હતી કે, 'સંગમનું પાણી સ્નાન માટે પણ યોગ્ય નથી. તેનું આચમન કરી શકાય નહીં. તેમાં ફેકલ



કોલિફોર્મ બેક્ટેરિયાનું પ્રમાણ વધ્યું છે. જો કે, સીએમ યોગીએ આ રિપોર્ટને ખોટો ગણવતાં આજે જણાવ્યું હતું કે, 'સનાતન ધર્મ વિરૂદ્ધ ખોટા વીડિયો વાયરલ કરવામાં આવી રહ્યા છે. તેમજ પાયાવિહોણા આરોપો પણ મૂકાઈ રહ્યા છે. મા ગંગા, મહાકુંભ એ કરોડો લોકોની આસ્થાનુ પ્રતિક છે.

### શાયરીની સાથે વિપક્ષ પર કટાક્ષ કર્યો

યોગીએ વિધાનસભામાં વિપક્ષને કહ્યું કે, 'ધ્યાન આપો, આ ઉર્દૂમાં નથી, આ શાયરી હિન્દીમાં છે. એમ પણ સપાના સંસ્કાર જ આ છે કે, તે સારી બાબતોનો વિરોધ કરે છે. બડા હસીન હે ઈનકી જુબાન કા જાદુ, લગા કે આગ બહારો કી બાત કરતે હૈ, જિન્હોને રાત કો ચુન ચુન કે બસ્તીઓ કો લૂંટા વહી અબ બહારો કી બાત કરતે હૈ.'

## શિંદેએ ફડણવીસ સાથેના મતભેદના અહેવાલોને ફગાવ્યા

# અમારી વચ્ચે કોઈ કોલ્ડ વોર નથી સાથે મળીને કામ કરી રહ્યા છીએ

(એજન્સી) મુંબઈ । તા. 19

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે કોઈપણ મતભેદના અહેવાલોને ફગાવી દીધા છે. તેમણે કહ્યું કે મહાયુતિ ગઠબંધન માં બધું બરાબર છે અને તેમની વચ્ચે કોઈ પણ પ્રકારનું કોલ્ડ વોર ચાલી રહ્યું નથી. શિંદેએ મુખ્યમંત્રી રાહત ભંડોળ જેવો મેડિકલ સેલ બનાવ્યો ત્યારે તેમની વચ્ચે અણબનાવના સમાચાર ચર્ચામાં આવ્યા હતા. શિંદેના આ પગલા અંગે વિપક્ષે પ્રશ્નો ઉઠાવ્યા હતા. શિંદેએ મંગળવારે જણાવ્યું હતું કે આ નવો



સેલ કોઈ કોમ્પીટીશન વ્યવસ્થા તરીકે નહીં પરંતુ દર્દીઓને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રીના વોર રૂમ સાથે સહયોગમાં કામ કરશે. , જેમાં શિવસેના (UBT) સાંસદ સંજય રાઉતે દાવો કર્યો હતો કે રાજ્યમાં 'સમાંનાંતર સરકાર ચલાવવામાં આવી રહી છે'.

### ફડણવીસે પણ વિવાદને ફગાવી દીધો

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ મતભેદોના અહેવાલોને નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું, 'આવા સેલ બનાવવામાં કંઈ ખોટું નથી કારણ કે તેનો હેતુ જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાનો છે. જ્યારે હું નાયબ મુખ્યમંત્રી હતો, ત્યારે મેં પણ આવા જ સેલની રચના કરી હતી.' શિંદેની સ્પષ્ટતા વિરોધ પક્ષોના આરોપો બાદ આવી છે.

## અરવિંદ કેજરીવાલ જેવા હાલ થશે એમના પણ...

# મમતાના મૃત્યુકુંભ વાળા નિવેદન પર સંતો રોષે ભરાયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

સંત સમાજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના મહાકુંભને 'મૃત્યુકુંભ' ગણાવ્યા પર તીખી પ્રતિક્રિયા આપી છે અને મમતાના નિવેદનને સનાતન ધર્મનું અપમાન ગણાવ્યું છે. સંતોએ મમતા બેનર્જીની જાહેરમાં માફી માંગવાની માંગ કરી છે. શ્રી પંચાયતી અખાડા મહાનિર્વાણીના રાષ્ટ્રીય સચિવ, મહંત જમુના પુરીએ જણાવ્યું હતું કે, 'મમતા બેનર્જી જે જવાબદાર હોદ્દા પર છે તે આ પ્રકારનું નિવેદન આપે તે યોગ્ય નથી. પ્રયાગરાજ એ મહાકુંભ અમૃત પર્વ છે, જેની દિવ્યતા અને ભવ્યતા આખી દુનિયાએ જોઈ છે. તેમણે મહાકુંભના નામે આવા અપમાનજનક શબ્દોનો ઉપયોગ ન કરવો જોઈએ.'

### મમતા બેનર્જીએ ઉત્તરપ્રદેશની નહિ પરંતુ પશ્ચિમ બંગાળની ચિંતા કરવી જોઈએ



પંચ દશનમ આવાહન અખાડાના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અરુણ ગિરીએ તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સુપ્રીમો મમતા બેનર્જીના નિવેદનની આકરી ટીકા કરી અને કહ્યું, 'પશ્ચિમ બંગાળ હિન્દુ સનાતનીઓ માટે મૃત્યુનું રાજ્ય બની રહ્યું છે. ચૂંટણી સમયે હજારો સનાતનીઓની હત્યા કરવામાં આવી રહી છે અને લાખો હિન્દુઓને ભાગી જવાની ફરજ પડી છે. તેમણે ઉત્તર પ્રદેશની નહીં પણ પોતાના રાજ્યની ચિંતા કરવી જોઈએ. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને ભવ્ય મહાકુંભના આયોજન માટે વિશ્વભરમાંથી પ્રશંસા મળી છે. તેમણે એક ભવ્ય કાર્યક્રમ સાથે નવો ઈતિહાસ રચ્યો છે.'

**મમતા બેનર્જીનું નિવેદન સનાતન ધર્મનું અપમાન છે :** નિર્મોહી અની અખાડાના પ્રમુખ મહંત રાજેન્દ્ર દાસે કહ્યું કે, 'મમતા બેનર્જીનું નિવેદન સનાતન ધર્મનું અપમાન છે. પ્રયાગરાજ મહાકુંભમાં સનાતન ધર્મની દિવ્યતા ટોચ પર સ્થાપિત થઈ છે. તેઓ મહાકુંભનું મૂલ્યાંકન કરે છે કારણ કે તેમણે હંમેશા સનાતન અને તેના પ્રતીકોનું અપમાન કર્યું છે. આવા નિવેદનો કરીને મમતા બેનર્જી પણ અરવિંદ કેજરીવાલના માર્ગે ચાલી રહ્યા છે અને કેજરીવાલ જેવા જ એમના પણ હાલ થશે.'

### મમતાનું નિવેદન તેમની માનસિકતા દર્શાવે છે

મહામંડલેશ્વર ઈશ્વરદાસ મહારાજે કહ્યું કે, 'મમતા બેનર્જીનું નિવેદન સનાતન ધર્મ વિરુદ્ધ તેમની માનસિકતા દર્શાવે છે. તેમણે આરોપ લગાવ્યો કે TMC સુપ્રીમો હંમેશા સનાતનનો વિરોધ કરે છે અને પશ્ચિમ બંગાળને બીજું બાંગ્લાદેશ બનાવવા માંગે છે.'

**મમતા પોતે મહાકુંભમાં આવે અને પછી બોલે :** અખિલ ભારતીય સંત સમિતિના રાષ્ટ્રીય મહાસચિવ સ્વામી જિતેન્દ્રનંદ સરસ્વતીએ કહ્યું, 'સંત સમાજ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની સખત નિંદા કરે છે. મહાકુંભ સનાતન સંસ્કૃતિ અને આસ્થાનું પ્રતિક છે.' જ્યારે સ્વામી અધોક્ષજાનંદ દેવ તીર્થે કહ્યું, 'મમતાપોતે પ્રયાગરાજ મહાકુંભમાં આવવું જોઈએ અને તેનું અવલોકન કરવું જોઈએ. મહાકુંભ કહેવાય છે, જેમાં 50 કરોડથી વધુ સનાતનીઓએ પુણ્ય પ્રાપ્ત કર્યું .

## તમે કોચની મર્યાદાથી વધારે ટિકિટ શા માટે વેચો છો...?

# નવી દિલ્હી સ્ટેશન દુર્ઘટના પર હાઈકોર્ટે હવે ભારતીય રેલવેનો ઉધડો લીધો

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

નવી દિલ્હી રેલવે સ્ટેશનમાં નાસભાગનો મામલો હવે કોર્ટ પહોંચ્યો છે. દિલ્હી હાઈકોર્ટે આ મામલે દાખલ અરજી પર સુનાવણી કરતાં આદેશ આપ્યો છે કે, તમે અરજીમાં રજૂ કરવામાં આવેલા મુદ્દાઓની તપાસ કરો. ચીફ જસ્ટિસ ડી.કે. ઉપાધ્યાય અને જસ્ટિસ તુષાર રાવ ગેડેલાની બેન્ચે સંબંધિત અધિકારીઓ પાસેથી સોગંદનામુ લખાવી આ દુર્ઘટના મામલે લેવામાં આવેલા પગલાંઓની માહિતી આપવા કહ્યું છે. તેમજ રેલવે બોર્ડમાં ઉચ્ચ સ્તરે તપાસ હાથ ધરી લેવામાં આવેલા નિર્ણયોની વિગતો રજૂ કરવા આદેશ આપ્યો છે.

PILની સુનાવણી દરમિયાન કોર્ટે સવાલ કર્યો હતો કે, તે એક કોચમાં પેસેન્જર્સ માટે ઉપલબ્ધ સીટ કરતાં વધુ ટિકિટ કેમ વેચે છે. જો તમે એક કોચ માટે મુસાફરોની સંખ્યા નક્કી કરો છો, તો ટિકિટની સંખ્યા મર્યાદા કરતાં વધુ કેમ રાખો છે. આ એક મોટી સમસ્યા છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું કે, આ મામલાને હળવાશમાં લેવામાં આવશે નહીં. રેલવે કાયદાનું પાલન કરવા બંધાયેલું છે. PILમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને ઉચ્ચત્તમ સ્તરે વિચાર કરવામાં આવશે. કોર્ટે જણાવ્યું હતું કે, PIL હાલની નાસભાગની ઘટના સુધી સીમિત નથી. તેમાં એક ડબ્બામાં યાત્રીઓની મહત્તમ સંખ્યા અને પ્લેટફોર્મ ટિકિટના વેચાણો સંબંધિત કાયદાકીય જોગવાઈઓ લાગુ કરવાની માગ કરી છે. જો કાયદાકીય જોગવાઈઓ પર્યાપ્ત રૂપે લાગૂ કરવામાં આવે તો નાસભાગ જેવી ઘટનાઓથી બચી શકાય. આ મામલે આગામી સુનાવણી 26 માર્ચે થશે.

**9600થી વધુ નોન-રિઝર્વ ટિકિટ વેચી :** ફરિયાદીના વકીલે જણાવ્યું હતું કે, ઘટનાના દિવસે રેલવે 9600થી વધુ નોન-રિઝર્વ ટિકિટ વેચી હતી. જો અધિકારીએ કાયદાકીય જોગવાઈઓનું પાલન કર્યું હોત તો આ ઘટનાને રોકી શકાઈ હોત. જો રેલવે પોતાના નિયમો અને જોગવાઈઓનું પાલન કર્યું હોત તો, દુર્ઘટના ટળી હોત. આ PIL રાષ્ટ્રના હીતમાં છે. હું માળખાગત ઢાંચા અને નીતિગત મુદ્દાઓ પર ટીપ્પણીઓ કરી રહ્યો નથી.

# શિવ છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે આહવા તેમજ વઘઇ ખાતે વિશાળ શોભાયાત્રા સાથે ભવ્ય ઉજવણી

સુશીલ પવાર । ડાંગ



હિન્દુ સ્વરાજ્યનાં સ્થાપક,હિન્દુ હૃદયસમ્રાટ અને મરાઠા શાસનના ઉચ્ચ રક્ષક એવા છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિ નિમિત્તે આહવા અને વઘઈનાં નગરજનો દ્વારા શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી છત્રપતિ શિવાજી મહારાજની શોભાયાત્રા કાઢી હતી.ડાંગનાં વઘઈમાં અંબામાતાનાં મંદિરથી શોભાયાત્રાનો પ્રારંભ કરાયો હતો. જ્યારે આહવામાં સાપુતારા સર્કલથી શોભાયાત્રાનો પ્રારંભ કરાયો હતો. જે શોભાયાત્રામાં નગરના અનેક લોકો જોડાયા હતા.અને શિવાજી મહારાજ કી જય, જય ભવાની-જય શિવાજીનાં જયઘોષ સાથે શોભાયાત્રા જુદા જુદા વિસ્તારમાં ફરી હતી.બાદમાં છત્રપતિ શિવાજી મહારાજ ની પુજા અર્ચના કરી શોભાયાત્રા પુર્ણ કરાઈ હતી. ત્યારબાદ આહવા અને વઘઈનાં નગરજનો દ્વારા શિવાજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે પ્રસાદીનું પણ આયોજન કરાયુ હતુ.જેમાં દરેક સમાજના લોકોએ પ્રસાદીનો લાભ લઈને ધન્યતા પ્રાપ્ત કરી હતી.ડાંગ જિલ્લામાં શિવાજી જન્મ જ્યંતીની ઉજવણી પ્રસંગને શોભાવવા વઘઈ અને આહવાનાં મરાઠા સેવા સંઘના મિત્ર મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ડાંગ જિલ્લાના આહવા અને વઘઈમાં શિવાજી જ્યંતિ નિમિત્તે જય શિવાજીનો જયઘોષ ગુંજી ઉઠ્યો હતો.

# વાઘોડિયાથી વડોદરા ધોરીમાર્ગ પર ટૂ વ્હીલર ચાલકનું અકસ્માત દરમિયાન મોત નિપજ્યુ

કિશન રોહિડા । જરોદ

વાઘોડિયા તાલુકાના વાઘોડિયા થી વડોદરા ધોરીમાર્ગ પર આવેલ દત્તપુરા ગામ નજીક એક સુઝુકી મોપેડ ના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા વરસાદી પાણી ની કાંસ ખાબકતા એક નું મોત નિપજ્યું જ્યારે બીજા ને ઈજાઓ પહોંચી હતી મળતી માહિતી મુજબ વડોદરા સન ફાર્મા માર્ગ પર રહેતા આકાશ અરૂણ ભાઈ ધુલે ઉ વર્ષ 24 તથા તેનો મિત્ર આકાશ વિનોદચંદ પરમાર બંને મિત્રો વાઘોડિયા તાલુકાના ગોરજ પાસે આવેલ નર્મદા કેનાલ તરફ ફરવા આવ્યા હતા અને ત્યાં થી સાંજના સમયે પોતાની સુઝુકી મોપેડ લ ઈ ને ઘરે પરત વડોદરા જવા નીકળતી વેળા એ આકાશ પરમારે પોતાની સુઝુકી મોપેડ ને ગફલતભરી રીતે હંકારતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા નજીક રહેલ રોડની સાઈડમાં ખુલ્લી વરસાદી પાણી કાંસ માં રહેલ સિમેન્ટ ની પાઈપ સાથે ભટકાતા મોપેડ ચાલક આકાશ પરમાર અને પાછળ બેઠેલા આકાશ ધુલે ને માથાં ના ભાગે અને અન્ય શરીર ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચતા સાથે અન્ય બાઈક પર સવાર સાથી મિત્રો એ 108 એમ્બ્યુલન્સ સેવા ને ફોન કરતાં 108 મારફતે વડોદરા એસ એસ જી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા જ્યાં આકાશ અરૂણ ભાઈ ધુલે ઉ વર્ષ 24 નું ટુંકી સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું જ્યારે ઈજાગ્રસ્ત આકાશ વિનોદચંદ પરમાર ને ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા હતા.

# જિલ્લામાં સુચારૂ અને તણાવમુક્ત માહોલમાં ધોરણ 10 અને 12ની પરીક્ષા યોજવા જિલ્લા વહીવટી તંત્ર તૈયાર

રાકેશ મહેતા । ધનસુરા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૭ ફેબ્રુઆરીથી ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષા શરૂ થવા જઈ રહી છે ત્યારે અરવલ્લી જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પરીકના માર્ગદર્શન હેઠળ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા યોજાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અરવલ્લી અને જિલ્લા પરીક્ષા સમિતિ દ્વારા પૂરતી તૈયારી કરી દેવામાં આવી છે.ધો.૧૦-૧૨ કુલ-૪૪ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું આયોજન કરાયું છે જેમાં ૧૩૬ દિવ્યાંગ ઉમેદવાર અને ૧ કેદી ઉમેદવાર સહિત કુલ ૨૮,૨૯૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાના સુચારુ આયોજન માટે

## અરવલ્લી જિલ્લામાં ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષામાં ૨૮,૨૯૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

જિલ્લા ટ્રોલ રુમ ઉપરાંત એસ. એસ.સી. અને ઝોનલ અધિકારીઓની નિયુક્તિ કરી દેવામાં આવી છે. ઉપરાંત કેન્દ્ર સંચાલક, સરકારી પ્રતિનિધિની પણ તાલીમ યોજવામાં આવી છે.ઉપરાંત કેન્દ્ર પર વીજ પુરવઠો, પાણી વ્યવસ્થા, આરોગ્યની ટીમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લાના ૬ તાલુકામાં ધો.૧૦ના ૨૭ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહ ૧૫ અને વિજ્ઞાન પ્રવાહના ૩ પરીક્ષા કેન્દ્રો મળી કુલ- ૪૪ પરીક્ષા કેન્દ્રો ઉપર બોર્ડ પરીક્ષા યોજાશે અને આ માટે ધો.૧૦ મોડાસા અને શામળાજી ઝોન અને ધો.૧૨ માટે મોડાસામાં ઝોન સહિત કંટ્રોલરુમ ઉભો કરવામાં આવ્યો છે.તમામ પરીક્ષા કેન્દ્રો સી. સી.ટીવી કેમેરાથી સજ્જ છે અને શાળાના કોઈપણ કર્મચારીનું સંતાન પરીક્ષા આપતું હશે તો તેમને પરીક્ષા કામગીરીમાંથી મુક્ત રાખવા સ્પષ્ટ સુચના બોર્ડ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી તથા કેન્દ્ર સંવાહકોને આપી દેવામાં આવી છે.પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ સાહજિક રીતે ચિંતિત રહે છે અને માનસિક દબાણ અનુભવે છે સદર પરીક્ષા માટે અત્રેના જિલ્લાના વિધાર્થીઓને માર્ગદર્શન, મુંઝવણ,પરીક્ષાની તૈયારી સંદર્ભે ઉપસ્થિત થતા પ્રશ્નો માટે સલાહકારશ્રી નો સંપર્ક કરી શકાશે.

# મહીસાગરમાં SSC અને HSC સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાઈ



જગદીશ ત્રિવેદી । લુણાવાડા

મહીસાગર જિલ્લામાં એસ એસ સી અને એચ એસ સી નાં કુલ ૨૭,૩૯૫ વિધાર્થીઓ પરીક્ષા આપશે. મહીસાગર જિલ્લામાં અગામી ધોરણ ૧૦ અને ૧૨ ની સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા સંદર્ભમાં સ્થાયી પરીક્ષા સમિતીની બેઠક જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીનાં અધ્યક્ષ સ્થાને લુણાવાડા જિલ્લા સેવા સદન સભાખંડ ખાતે યોજાઈ હતી અને શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરની વર્ચુઅલ ઉપસ્થિતિમાં વિડિઓ કોન્ફરન્સ યોજાયો હતો. આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીએ જણાવ્યું હતું કે અગામી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ શાંતિપૂર્વક અને નિર્ભય પણે યોજાય તે માટે જરૂરી આયોજન કરવા સંબધિત અધિકારીઓને સુચના આપી હતી અને વિધાર્થીઓને સમયસર પરીક્ષા બિલ્ડિંગ ખાતે પોહચી જાય તે માટે વ્યવસ્થા કરવા, પરીક્ષા દરમિયાન વીજ પુરવઠો જળવાઈ રહે અને વિધાર્થીઓ માટે આરોગ્યની સુવિધા પૂરી પાડવા સંબંધિત અધિકારીશ્રીઓ જણાવ્યું હતું.

# બિહારના મુજફ્ફરપુરથી પાલનપુર પહોંચી ગયેલાં માનસિક રોગગ્રસ્ત કિરણબેનના સંઘર્ષની હૃદયસ્પર્શી કથા

## માનસિક અસ્થિર મહિલાનું ૧૫ વર્ષ પછી પરિવાર સાથે મિલન કરાવતું બનાસકાંઠા વહીવટી તંત્ર

(માહિતી બ્યુરો,પાલનપુર)



પરિવારથી વિખૂટા પડવું એ જીવંત રહીને પણ અધૂરા જીવન જેવું ગણાય છે. પોતાના પરિવારથી વર્ષો સુધી દૂર થઈ જવાનું દુ:ખ વર્ણવી શકાય તેવું હોતું નથી. આવી જ એક સંઘર્ષની હૃદયસ્પર્શી કથા છે, બિહારના મુજફ્ફરપુરના બુધનગરાના કિરણબેન સાહનીની. આ બહેન ૧૫ વર્ષ અગાઉ બિહારથી ટ્રેન મારફત પોતાના પરિવારથી વિખૂટા પડી ગયા હતા. તેમની માનસિક સ્થિતિ સારી ના હોઈ તેઓ ટ્રેન મારફત પાલનપુર રેલ્વે સ્ટેશન ખાતે ઉતરી ગયા હતા. અહીં તેઓ અલગ અલગ ગામડાઓમાં ભીખ માગીને પોતાનું જીવન ગુજારતા હતા. માનસિક રીતે બીમાર મહિલાની ગ્રામ્ય લોકોએ પોલીસ સ્ટેશન છાપી ખાતે જાણ કરતા પોલીસ વિભાગ દ્વારા મહિલાને પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યા હતા. આ અંગે નારી સંરક્ષણ કેન્દ્રના મેનેજરશ્રી નીલોફર દિવાનએ જણાવ્યું કે, આજથી લગભગ છ મહિના પહેલા કિરણબેનને નારી સંરક્ષણ કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યા ત્યારે તેમની હાલત ખરાબ હતી. આ બહેન કંઈપણ બોલી કે વિચારી શકે તેવી હાલતમાં નહોતા. તેઓ વ્યક્તિને જોઈને મારવા માટે દોડતા હતા. આક્રમક વ્યવહાર સાથે તેઓ રડતા રહેતા હતા. પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રની ટીમ દ્વારા આ બહેનનું કાઉન્સિલિંગ કરવા પ્રયત્નો કરાયા પણ આ બહેન કશું જ બોલી શકતા નહોતા. બહેનની સ્થિતિને જોતા નારી કેન્દ્ર દ્વારા સંવેદના દાખવી સિવિલ હોસ્પિટલ, પાલનપુર ખાતે મનોચિકિત્સક વિભાગમાં સારવાર કરાવવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, સારવાર અને કાઉન્સિલિંગ થકી આ બહેનના પરિવાર વિશે જાણવા માટે પ્રયત્નો હાથ ધરાયા હતા. મહિનાઓ પછી બહેનની સ્થિતિ સારી થતા તેઓ મુજફ્ફરપુર નગર અને ટ્રેન જેવા શબ્દો બોલતા થયા હતા. નારી સંરક્ષણ કેન્દ્ર, પાલનપુર દ્વારા મુજફ્ફરપુર બિહાર ખાતે ચાલતા સખી વન સ્ટોપ સેન્ટરનો નંબર મેળવી તેના કેન્દ્ર સંચાલક જોડે વાતચીત કરી હતી. આ બહેનની માહિતી ત્યાં મોકલતા ત્યાંના સેન્ટર દ્વારા અલગ અલગ ગામડાઓમાં તપાસ કરતા બહેનનું ઘર મળી આવ્યું હતું.

# લીલીયા મોટા ખાતે પિરે તરિકત એહમદ મુનીર બાપુએ સુન્ની મુસ્લિમ જમાતની મુલાકાત લીધી



કિશોર આર. સોલંકી । જાફરાબાદ

લીલીયા મોટા ખાતે સરકાર દાદાબાપુ ના દીકરા પીરે તરીકત સૈયદ એહમદ મુનીર બાપુ એ સુન્ની મુસ્લિમ જમાત ની મુલાકાત લીધી જેમાં પુંજાપાદર ફાટક પાસેથી એહમદ મુનીર બાપુને બાઈક રેલી સાથે જુમ્મા મસ્જિદ સુધી લવાયા જ્યાં સમાજના આગેવાનો દ્વારા બાપુ નું સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ સરકાર દાદા બાપુ ના નેક કામ મિશનને આગળ ધપાવવા માટે પીરે તરીકત સૈયદ એહમદ મુનિર બાપુ દ્વારા લીલીયા સુન્ની મુસ્લિમ જમાતની મુલાકાત દરમિયાન જુમ્મા મસ્જિદ લીલીયા મોટા ખાતે સરકાર દ્વારા દાદા બાપુના મિશન જેવા કે વ્યસન મુક્તિ,નેક કામ ના ડબ્બા વિતરણ, દારૂલ ઉલુમના બાળકોને દતક લેવા, જેવા મિશનમાં જોડાવા માટે હાકલ કરવામાં આવી હતી આ તકે ખુબ મોટી સંખ્યા માં સુન્ની મુસ્લિમ જમાત ના લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે.

# મોટી પાનેલી સ્થિત કે.જે.પટેલ હાઈસ્કૂલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો : આશરે 300 વિદ્યાર્થીઓએ મેળવ્યો ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ

કિશોર આર. સોલંકી । જાફરાબાદ



ગુજરાત સરકારે રાજ્યના બાળકોના શ્રેષ્ઠ ભાવિ માટે વિવિધ યોજનાઓ અમલીકરણમાં મૂકી છે. જે અન્વયે રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના મોટી પાનેલી ગામ સ્થિત કે.જે. પટેલ હાઈસ્કૂલ ખાતે પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ, રોજગાર કચેરી રાજકોટ અને વ્યવસાયિક સંસ્થા અમદાવાદ(રાયખડ)ના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કે.જે. પટેલ વિદ્યાલયના ધોરણ ૯ થી ૧૨ના એમ કુલ મળીને આશરે ૩૦૦ વિદ્યાર્થીઓએ મેળવી કારકિર્દીને ઉજાગર કરવા ઉજ્જ્વળ ભવિષ્યનો માર્ગ બતાવવામાં આવ્યો હતો.

પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટના માહિતી મદદનીશશ્રી રિધ્ધિબેન ત્રિવેદીએ વિદ્યાર્થીઓને માહિતી ખાતાની કામગીરી તેમજ માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાત પાક્ષિક, રોજગાર સમાચાર અને અન્ય પ્રકીર્ણ સાહિત્ય અંગેની માહિતી આપી હતી. અને બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી સાહિત્ય અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. અને સ્કૂલની લાઈબ્રેરીને સમૃદ્ધ બનાવવા પ્રકીર્ણ સાહિત્યની ભેટ આપી હતી. વિદ્યાર્થીઓ પોતાની આવડત અને કૌશલ્યને સાચી દિશા આપે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શાળા સલાહકારશ્રી ભાવનાબેન ભોજાણીએ વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવા માટે તેઓએ પોતાના રસના વિષયો પર વધુ કામ કરવા તેમજ જીવનમાં દરેક પરિસ્થિતિ સામે લડવા મજબુત મનોબળ રાખવા અનેક કિસ્સાઓના માધ્યમથી સમજાવ્યું હતું. વધુમાં તેઓએ શિક્ષણ, આત્મનિર્ભરતા અને કારકિર્દીના મહત્વ અંગે ખુબ જ ઊંડાણપૂર્વક વિદ્યાથીઓને સમજાવ્યું હતું. રમતગમત, વિજ્ઞાન, શિક્ષણ સહિતના ક્ષેત્રોમાં સંઘર્ષ કરીને સફળતા હાંસિલ કરેલા મહાનુભાવોના ઉદાહરણ આપીને ઉપસ્થિત સર્વેને પ્રેરિત કર્યા હતા.આ તકે રોજગાર કચેરીના કરિયર કાઉન્સિલરશ્રી રાજેશભાઈ ચૌહાણે રોજગાર કચેરી વિદ્યાર્થીઓના ભાવિ કારકીર્દિને ઉજળી બનાવવા મદદરૂપ થાય તે તમામ પાસાઓનું વિસ્તૃત વર્ણન કર્યું હતું.

# શિવરાત્રીના શુભ પર્વે ચાણસ્માના ભાટસર ગામ નાગેશ્વર મહાદેવનો પાંચમો પાટોત્સવની ઉજવણી કરાશે

નિતીન ઠાકર । ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના ભાટસર ગામે પૌરાણિક પાર્ષદ શિવલિંગ સ્થાપીત નાગેશ્વર મહાદેવ શિવાલય ના પાંચમાં પાટોત્સવનું શિવરાત્રી ના શુભ દિને ભવ્ય આયોજન કરાયું છે જે દરમિયાન લઘુરુદ્ર.યજ્ઞ સંકલ્પોક્ત રૂદ્રાભિષેક. ભજન સંધ્યા સહિત ધાર્મિક કાર્યક્રમો નું ભાટસર ગ્રામજનો દ્વારા સુંદર આયોજન કરાયું છે જ્યારે દર્શનાર્થે આવતા શિવભકતો માટે ફરાળી પ્રસાદ નું સુંદર આયોજન કરાયું હતું જ્યારે પવિત્ર શ્રાવણ માસમાં શ્રવણીયા સોમવાર દરમિયાન નાગેશ્વર મહાદેવ ખાતે મેળો ભરાય છે નાગેશ્વર મહાદેવ ખાતે ગુજરાત ભર માંથી શિવભકતો દર્શનાર્થે પધારી ધન્યતા અનુભવતા હોવાનું ભાટસર ના શિવભક્ત ડાહયાભાઈ દેસાઈ એ જણાવ્યું હતું.

# સાવરકુંડલા સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમમાં મહાશિવરાત્રિ મહોત્સવમાં રક્તદાન કેમ્પમાં 500 બોટલ રક્ત એકત્રિત કરવામાં આવશે

કિશોર આર. સોલંકી । જાફરાબાદ



સાવરકુંડલાના મહુવા રોડ ખાતે આવેલ સુપ્રસિદ્ધ સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ ખાતે શિવરાત્રી ના પવિત્ર દિવસે મહાશિવરાત્રિ મહોત્સવમાં મહારક્તદાન કેમ્પમાં 500 બોટલ રક્ત એકત્રિત કરવામાં આવશે નિ:શુલ્ક માનવ સેવા હોસ્પિટલ ટીંબીના લાભાર્થે 500 કરતા વધુ યુવા રક્તદાતા ભાઈઓ બહેનોએ બ્લડ ડોનેટ માટે નોંધણી કરાવીછે સમગ્ર વિશ્વભરમાં જેમની સેવાની સુવાસ પ્રસરી રહીછે એવી સ્વામીશ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ટીંબીના પ્રણેતા માનવસેવાના પ્રખર હિમાયતી જીવસેવા એજ શિવસેવા ના સૂત્રને સ્વજીવનમાં ચરિતાર્થ કરીને દર્દીનારાયણો માટે સર્વરોગ નિદાન કેમ્પો, રક્તદાન કેમ્પોનું આયોજન કરીને નિ:સ્વાર્થ સેવાની જ્યોત પ્રજ્વલ્લિત કરનાર બ્રહ્મલિન સદ્દગુરુદેવ સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજના આર્શીવાદ થી આગમી તારીખ 26/02 ને બુધવારે મહાશિવરાત્રી ના પવિત્ર દિવસે મહાશિવરાત્રિ મહોત્સમાં મહારક્તદાન શિબિર યોજાશે સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ટીંબીના લાભાર્થે દર્દીનારાયણ ની સાચી આરોગ્ય પૂજા માટે રક્ત એકત્રિકરણ કરવામાં આવશે તારીખ 26/02ને બુધવારે સવારે 8થી બપોરે 3 કલાક સુધી પૂજ્ય સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી સત્સંગ આશ્રમ પ્રાગજીભાઈ કથિરિયાની વાડીમાં કલ્યાણ સોસાયટી નવા બસ સ્ટેન્ડ પાછળ મહુવા રોડ સાવરકુંડલા ખાતે યોજાશે જેમાં સમગ્ર ગુજરાત ઉપરાંત આસપાસ ના રાજ્યો માંથી સ્વામી નિર્દોષાનંદજી સેવકો અને આશ્રમ પ્રેમીઓ શિવભક્તો હજારો ની સંખ્યામાં ઉપસ્થિત રહેશે સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ટીંબીના લાભાર્થે મહા રક્તદાન શિબિરમાં રક્તદાન કરવા માટે નીચે નંબર નામ નોંધાવી શકાશે 99092 41242, 94283 40096, 94274 12748 તેમ આશ્રમ સેવક અમિતગીરી ગોસ્વામી ની યાદી જણાવેલ.

# ડાંગ દરબારનાં મૂળ ગ્રાઉન્ડમાં યોજાય છે તે જ સ્થળે કાયમી યોજવામાં આવે તેવી વેપારીઓની માંગ



ડાંગ : હાલમાં થોડા દિવસમાં ડાંગ દરબારનો ભાતિગળ મેળો યોજાનાર છે ત્યારે પરંપરાગત ડાંગ દરબાર ગ્રાઉન્ડમાં જ આ મનોરંજન મેળાનું આયોજન થાય છે તે જ સ્થળ પર કાયમી આ મેળાનું આયોજન કરવામાં આવે તેવી માંગ સાથે આહવા નગરના વેપારીઓએ ડાંગ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.ડાંગ દરબારનો ભાતીગળ મેળો ડાંગ જિલ્લાની શાન છે. જેમાં દર વર્ષે ગુજરાત રાજયના મહામહીમ રાજયપાલનાં હસ્તે ડાંગ દરબારનો શુભારંભ કરાવી ડાંગનાં પાંચેય રાજવીઓને સાલીયાણુ આપવામાં આવે છે.અને લોકોનાં મનોરંજન માટે મેળાનો પ્રારંભ કરવામાં આવે છે. આ પ્રથા બ્રિટીશકાળથી પરંપરાગત ચાલતી આવેલ છે. જે ડાંગ જિલ્લામાં તમામ રહેતા લોકો માટે એક ગૌરવ અને સન્માન આપનારી છે.વર્ષો વર્ષથી પરંપરાગત ડાંગ દરબારનો મનોરંજન મેળો તાલુકા સ્કુલની બાજુમાં આવેલ આહવા નગરનાં મધ્ય કેન્દ્ર સમાન ગ્રાઉન્ડમાં તમામ નાની - મોટી મનોરંજનની રાઈડસો લગાડવામાં આવે છે.અને આ ગ્રાઉન્ડના આજુબાજુના પરીસરમાં નાના મોટા તમામ વેપારીઓ પોતાનો વેપાર કરી ગુજરાન ચલાવતા આવેલા છે.હાલ ડાંગ -2025નું આયોજન કરવાની શરૂઆત થયેલ છે.જેમાં વહીવટી તંત્ર દ્વારા ડાંગ દરબારનાં મનોરંજનની પ્રવૃતિઓ નાની મોટી રાઈડસો માટે એક નવા ગ્રાઉન્ડની જગ્યાએ ખસેડવાની ચર્ચા-વિચારણા તેમજ આયોજન ચાલી રહેલ છે.

# અરવલ્લી જીલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા એન.સી.ડી. પ્રોગ્રામ હેઠળ "સ્પેશિયલ સ્ક્રીનીંગ ડ્રાઈવ" યોજાશે

રાકેશ મહેતા । ધનસુરા

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અરવલ્લીનાં માર્ગદર્શન હેઠળ જીલ્લામાં તા.૨૦ મી ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૩૧ મી માર્ચ-૨૦૨૫ સુધી ચાલનારા આ મેગા અભિયાન અંતર્ગત આરોગ્ય કર્મચારી દ્વારા 30 વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકોની બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની નિઃશુલ્ક તપાસ કરવામાં આવશે. સ્પેશિયલ સ્ક્રીનીંગ ડ્રાઈવ' અંતર્ગત ૩૦ વર્ષ કે તેથી વધુ વયની વસ્તીનું એન. સી.ડી. અંતર્ગત "સ્પેશિયલ સ્ક્રીનીંગ ડ્રાઈવ' તરીકે ડાયાબિટીસ , હાયપરટેન્શન અને ત્રણ કેન્સર (ઓરલ,બ્રેસ્ટ અને)નું સ્ક્રીનીંગ-નિદાન-સારવાર-ફોલોઅપ હાથ ધરાશે.એન.સી.ડી. પ્રોગ્રામ હેઠળ આયોજિત આ ઝુંબેશમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ઘરે ઘરે સ્ક્રીનિંગ કરશે. સાથે આરોગ્ય સુખાકારી અર્થે નાગરિકો પોતાના નજીકના આરોગ્ય કેન્દ્ર, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અથવા આયુષ્માન આરોગ્ય મંદિર-પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે પણ તપાસ કરાવી શકશે.

# લિંગા સ્ટેટનાં રાજવી દ્વારા ડાંગ દરબારને લઈ માંગણી અને રજૂઆતો સાથે કલેકટરને રજુઆત

## ડાંગ દરબારમાં રાજા રજવાડા વખતની અસ્મિતા અને સંસ્કૃતિની જાળવણી થાય તે માટે લિંગા આમાલા સ્ટેટનાં રાજવી છત્રસિંગ ભવરસિંગ સૂર્યવંશીએ રજુઆત કરી



ડાંગ : ડાંગ જિલ્લામાં ટૂંક સમયમાં જ ડાંગ દરબાર યોજાનાર છે. ત્યારે ડાંગ દરબારમાં ડાંગના પાંચ રાજવીઓની બગી અલગ અલગ ફાળવવામાં આવે તેમજ બગી સામે તેમના રાજવીનું નામ પણ લખવામાં આવે તેવી અનેક માંગણી અને રજૂઆત સાથે લીંગા આમાલા સ્ટેટનાં રાજવીએ જિલ્લા કલેકટરને લેખિતમાં રજૂઆત કરી હતી.

ડાંગ દરબાર-2025 અન્વયે તમામ રાજવીઓમાં ગાઢવી, વાસુર્ણા, લિંગા(આમાલા), પીંપરી, દહેર મુજબ તમામ પાંચ રાજવીઓની બગી અલગ ફાળવવા આવે તેમજ તેમની બગી સામે તેમના રાજ એટલે સ્ટેટનાં નામો પણ દર્શાવવામાં આવે,ડાંગ વહીવટી તંત્ર દ્વારા દર વર્ષે માત્ર 2 થી 3 બગીમાં જ તમામ રાજવીઓને બેસાડી દેવામાં આવે છે તે અયોગ્ય અને શરમજનક બાબત જણાય છે.જ્યારે પ્રવાસન નિગમ તરફથી ડાંગ દરબારની ઉજવણી માટે લાખો રૂપીયાની માતબાર રકમ ફાળવવામાં આવે છે.તો આ બાબતને પણ અગ્રીમતાના ધોરણે ધ્યાને લઈ ઘટતુ કરવામાં આવે. તથા ડાંગ દરબારનું વર્ષોથી જ્યાં આયોજન કરવામાં આવે છે.ત્યાં જ ડાંગ દરબાર ઉજવવામાં આવે તેમજ જે પ્લોટની ફાળવણી કરવામાં આવે છે તે રીતે જ જે તે વેપારીઓને તેમની મૂળ જગ્યા પર જ પ્લોટની ફાળવવા કરવા તેમજ તેમના પ્લોટ અનામત રાખવા માટે અગાઉના વર્ષે જેમ આહવાના જ મોટી વગના ઈસમો દ્વારા 10 થી 15 પ્લોટ એક જ વ્યક્તિ દ્વારા ખરીદ કરી તેનું વેપારીકરણ કરેલ હતુ તેવું બનવા ન પામે તે અંગેની તકેદારી રાખવામાં આવે,તેમજ સને 2025માં પણ ડાંગ દરબાર તેના મૂળ જગ્યાએ જ રાખવા તેમજ રાત્રિ દરમ્યાન પણ ચાલુ રાખવામાં આવે તથા ડાંગના તમામ રાજના પોલીટીકલ પેન્શનરોના વારસાઈના બાકી રહેલ કેસો તેમજ તેમના નાણાની ચૂકવણી ડાંગ દરબાર-2025 માં ચૂકવાઈ જાય તે અંગે ઘટતુ કરવા તથા ડાંગના તમામ રાજવીઓના કુંટુંબીજનોના બાળકો પણ વિવિધ મનોરંજનની રાઈડસનો લાભ લઈ શકે તે માટે દરેક રાજવીઓને પણ 5 (પાંચ) પાસ મનોરંજન રાઈડસના ફાળવવા આવે તથા ડાંગના રાજવીઓને તેમની જમીન સામે બોજ પાડવામાં આવેલ છે. તો તમામ રાજવીઓને જીવન નિર્વાહ માટે નાણાકીય અગવડ પડે છે.તો આ બાબતે લોનની માંડવાળ કરવા કલેકટર દ્વારા સરકારમાં લોન માફી અંગે ઘટતુ કરવામાં આવે.આવી અનેક માંગણી અને રજૂઆત સાથે લિંગા આમાલા સ્ટેટનાં રાજવી છત્રસિંગ ભંવરસિંગ સૂર્યવંશી ડાંગ જિલ્લા કલેકટરને લેખિતમાં રજૂઆત કરી હતી.

# પવન ઉર્જામાં ક્રાંતિ: TEC PDEU દ્વારા આર્કિમિડિઝ વિન્ડ મીલ અને ટ્રમ્પેટ વિન્ડ ટર્બાઇન સાથે હાઈબ્રિડ પવન સિસ્ટમ વિકાસ




અમદાવાદ : પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) ખાતે ટેક્નોલોજી એનેબ્લિંગ સેન્ટર (TEC) એ નવીન અને ક્રાંતિકારી પવન ઉર્જા સિસ્ટમ વિકસાવી છે, જેમાં આર્કિમિડિઝ વિન્ડ મીલ અને ટ્રમ્પેટ વિન્ડ ટર્બાઈનનું એકીકરણ કરવામાં આવ્યું છે. શ્રી રોહિત પવાર અને ડો. શાલિન મારાથે દ્વારા ડો. અનિર્બિદ સિરકરના માર્ગદર્શન હેઠળ ડિઝાઈન કરાયેલ આ અનોખી સિસ્ટમ ઉનાઈ સ્થિત સોલાર-જીઓથર્મલ પ્લાન્ટની કાર્યક્ષમતામાં વધારો કરવા માટે તૈયાર કરવામાં આવી છે. સંશોધન ટીમ, જે ઉનાઈમાં જીઓપાર્ક પણ સંચાલિત કરે છે, જ્યાં પહેલેથી જ ભૂતાપીય અને સ ઉર્જાનું એકીકરણ થયેલું છે, એ પવન ઉર્જા હાઈબ્રિડાઈઝેશન દ્વારા નનીકરણીય ઊર્જાના વધુ અસરકારક ઉપયોગ માટે પ્રયત્નશીલ છે. આર્કિમિડિઝ વિન્ડ મીલ તેની વિવિધ પવન પરિસ્થિતિઓમાં કાર્યક્ષમતા સાથે કામ કરવાની ક્ષમતા માટે પ્રખ્યાત છે. તે 0.9 મી/સે જેટલા ઓછા પવન ગતિએ કાર્ય કરવાનું શરૂ કરી શકે છે અને 14 મી/સે સુધી સુસંગત રીતે કાર્યશીલ રહે છે. 22 મી/સે જેટલી કઠોર પવન પરિસ્થિતિઓમાં, સ્વચાલિત બ્રેકિંગ સિસ્ટમ સક્રિય થાય છે જેથી નુકસાનને રોકી શકાય. ફાઈબર રીફોર્સ્ડ પ્લાસ્ટિક (FRP) બ્લેડ સાથે બનાવવામાં આવેલી આ ટર્બાઈન લાંબી આયુષ્ય અને હલકાપણું સુનિશ્ચિત કરે છે. વધારાની ખાસિયત તરીકે, તે <42 dB જેટલો ઓછો અવાજ ઉત્પન્ન કરે છે, જે પરંપરાગત પવન ટર્બાઈન કરતાં ઘણી શાંત છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## જામનગર-ખંભાળિયા હાઈવે પર દંપતીની લાશને પાવડાથી એકઠી કરી, માંડવી ઝંખવાવ રોડ પર લગ્નપ્રસંગમાંથી પરત ફરતાં ચારનાં મોત

# બેફામ ટ્રકોનો કહેર, છ લોકોને કચડી નાખ્યા...



બારડોલી | ગુજરાતમાં બે અલગ-અલગ અકસ્માતની ઘટનામાં છ લોકોના મોત નીપજ્યાં છે. આજકાલ બેફામ વાહનચાલકો દ્વારા નિર્દોષ લોકોનો ભોગ લેવાની ઘટનાઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે, ત્યારે જામનગર-ખંભાળિયા હાઈવે પર બેફામ ટ્રકે બાઈક પર સવાર પતિ-પત્નીને કચડી નાખ્યાં હતાં. અકસ્માત એટલો ભયાનક હતો કે, દંપતીની કચડાયેલી લાશોને પાવડાથી એકઠી કરવામાં આવી હતી. તો માંડવી ઝંખવાવ રોડ પર ટ્રક અને પીકઅપ બોલેરો અથડાતાં લગ્નપ્રસંગમાંથી પરત ફરતાં ચાર લોકોના મોત થયાં હતાં.



### જામનગર-ખંભાળિયા હાઈવે પર ટ્રાફિકજામ

પ્રથમ બનાવની વાત કરીએ તો, જામનગર-ખંભાળિયા હાઈવે પર સિક્કા પાટિયા પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બેફામ સ્પીડે જઈ રહેલા ટ્રકે બાઈક પર સવાર પતિ-પત્નીને કચડી નાખ્યાં હતાં. અકસ્માત એટલો ભયાનક હતો કે, બંને વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અકસ્માતની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

**દંપતીની કચડાયેલી લાશોને પાવડાથી એકઠી કરી :** મૃતદેહોની સ્થિતિ એટલી ગંભીર હતી કે, તેમને એકઠા કરવા માટે પાવડાનો ઉપયોગ કરવો પડ્યો હતો. અકસ્માતને કારણે હાઈવે પર લાંબા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ટ્રાફિક દૂર કર્યો હતો. હાલમાં પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે. અકસ્માત સર્જનાર ટ્રકચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સુરત જિલ્લામાં ગતમોડી રાત્રે દોઢ વાગ્યાની આસપાસ વધુ એકવાર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી હતી. જેમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાના સઠવાવ ગામ નજીક પસાર થતાં માંડવી ઝંખવાવ રોડ પર ટ્રક અને પીકઅપ બોલેરો અથડાયાં હતાં.
જેને પગલે પીકઅપમાં સવાર એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ત્રણ લોકોના સારવાર દરમિયાન મોત થયા હતા. અત્યારસુધીમાં કુલ ચાર લોકોના મોત થઈ ચૂક્યા છે. જ્યારે અન્ય ઈજાગ્રસ્તો માંડવી તાલુકાની રેફરલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મળતી માહિતી મુજબ, મૃતકો અને ઈજાગ્રસ્તો તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના હોવાનું જાણવા મળ્યું છે. તેઓ સબંધીને ત્યાં ઉમરપાડા તાલુકામાં લગ્નપ્રસંગમાં આવ્યા હતા. લગ્નપ્રસંગ પૂર્ણ કરી ઘરે પરત ફરી રહ્યા હતા, તે દરમિયાન તેઓને અકસ્માત નડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ માંડવી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માત અંગે કેસ નોંધીને આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# BREAKUP બાદ મળવા બોલાવી, બાથ ભીડી ચપ્પુના ઘા માર્યા : માંગરોળના બોરિયામાં તેજસ્વીની અંતિમયાત્રા નીકળી

(એજન્સી) સુરત | તા. 19

સુરતના માંગરોળમાં મંગળવારે (18 ફેબ્રુઆરી) સવારના સમયે પ્રેમીયુગલ ગળા કપાયેલી હાલતમાં મળી આવ્યા બાદ યુવતીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે યુવક સારવાર હેઠળ છે. 10 દિવસ પહેલાં પ્રેમીયુગલનું બ્રેકઅપ થયું હતું. જે બાદ પ્રેમી સુરેશે પ્રેમિકા તેજસ્વીને મળવા બોલાવી આડેધડ ચપ્પુના ચાર ઘા માર્યા હતા. જેમાં તેજસ્વીને ગળા, પેટ અને હાથના ભાગે 3 ઘા માર્યા હતા અને ચોથો ઘા પીઠ પર મારતા તેનો ઝાટકો ફેફસાં અને કિડની સુધી પહોંચ્યો હતો. આ કરુણ ઘટનાને અંજામ આપીને સુરેશે પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ ભયંકર બનાવને નજરે નિહાળનાર ગામના એક યુવકે પોલીસને સનસનીખેજ માહિતી આપી હતી.
આજરોજ (19 ફેબ્રુઆરી) માંગરોળના બોરિયા ગામે યુવતીના અંતિમસંસ્કાર કરવામાં આવ્યાં છે. અહીં યુવતીના પરિવાર અને સમાજના આગેવાને કેસનો ફાસ્ટટ્રેકમાં ચલાવી આરોપીને ફાંસીની સજા કરવાની માગ કરી છે. હાલ તો પોલીસે પિતાની ફરિયાદના આધારે આગળની કાર્યવાહી શરૂ કરી છે.
આજરોજ (19 ફેબ્રુઆરી) માંગરોળના બોરિયા ગામે મૃતક તેજસ્વીની અંતિમયાત્રા નીકળી હતી. અહીં મોટી સંખ્યામાં આજુબાજુ વિસ્તારના લોકો અંતિમયાત્રામાં જોડાયા હતાં. અહીં આદિવાસી સમાજના આગેવાન અનિલ ચૌધરીએ જણાવ્યુ હતું કે, આ ઘટનાને સરકાર અને પોલીસે ગંભીરતાથી લેવી જોઈએ. યુવતીની હત્યા કરનારા યુવકને ફાંસીની સજા થઈ જોઈએ. અમારો સમાજ એવી અપેક્ષા રાખી રહ્યો છે કે, યુવતીનો કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવા આવે. ઉલ્લેખનીય છે કે, ઘટનાને પગલે આજે વાંકલ ગામ સંપૂર્ણ બંધ રહ્યું હતું.

### મારી બેનનું ગળું કપાયેલી હાલતમાં હતું: યુવતીનો ભાઈ

આ મામલે તેજસ્વીના ભાઈએ જણાવ્યું હતું કે, મારા પિતાએ આવીને જણાવ્યું કે મારી બહેનનો કોઈ અકસ્માત થયો છે. હું અને મારા પિતા ઘટનાસ્થળે ગયા હતા. જ્યાંથી જાણ થઈ હતી કે, તેને સરકારી દવાખાને લઈ જવામાં આવી છે.
ત્યાં જઈને જોતા મારી બેનનું ગળું કપાયેલી હાલતમાં હતું અને શરીરમાં બીજા ઘા મારેલા હતા. મારી બહેન સાથે જે થયું તેને લઈને તે છોકરાને ફાંસીની સજા થવી જોઈએ, જેથી આવો બનાવ બીજીવાર ન બને. આદિવાસી જ નહીં, તમામ વિસ્તારમાં છોકરીઓ સાથે આવું બની રહ્યું છે, તો તે બંધ થાય તે માટે ઉદાહરણ રૂપે સરકારને વિનંતી છે કે આ છોકરાને ફાંસીની સજા આપે.

### પ્રેમસંબંધ અંગે અમને કોઈ જાણ નહોંતી: યુવતીનાં પરિવારજનો

તેજસ્વીના પરિવારનું કહેવું છે કે, તેઓ સુરેશને ઓળખતા પણ ન હતા. પોતાની પુત્રીએ ક્યારેય સુરેશ અંગે ઘરમાં વાત કરી ન હતી. તેજસ્વી આવા કોઈ મામલાથી વ્યથિત કે ચિંતિત હોય તેવું પણ પરિવારને લાગ્યું ન હોવાથી આ વાત જ્યારે બહાર આવી ત્યારે પરિવાર ચોંકી ઊઠ્યો હતો.
માંગરોળના બોરિયા ગામની વસ્તી 2000ની છે. માત્ર ત્રણ ફળિયા છે. તેજસ્વીના પિતા જીઆઈપીસીએલમાં ઈલેક્ટ્રિક ડિપાર્ટમેન્ટમાં નોકરી કરે છે. તેમનો મોટો પુત્ર દિવ્યેશ બીએડનો અભ્યાસ કરે છે, જ્યારે નાનો પુત્ર પાર્થ એમએ કરી રહ્યો છે. તેજસ્વી સૌથી નાની હતી અને પરિવારની એકની એક દીકરી હતી. જે કોલેજમાં બીએના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી હતી.

# રેસ્ટોરન્ટ માલિક-કારીગરોને માર માર્યો

## સુરતમાં બિરયાની સાથે ગ્રેવી ન આપતા અસામાજિક તત્વોએ બબાલ કરી; કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર સવાલ...

સુરત | સુરતના ડિંડોલી વિસ્તારમાં અસામાજિક તત્વોનો આતંક વધતો જઈ રહ્યો છે. ડિંડોલી પોલીસનો કોઈ ડર ન હોય તેવું વર્તન કરતા તત્વોએ એક નોનવેજ રેસ્ટોરન્ટમાં તોડફોડ કરી અને રેસ્ટોરન્ટના માલિક તથા કારીગરોને માર માર્યો હતો.
આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં છે. આ ઘટનાને પગલે પોલીસની કામગીરી સામે ફરી સવાલો ઉભા થયા છે.
મુખ્ય ચોકડી સાઈ પોઇન્ટ વિસ્તારમાં આવેલી પાટીલ નોનવેજ રેસ્ટોરન્ટ ખાતે બિરયાની સાથે ગ્રેવી ન આપવાની નાની બાબતે કેટલાક અસામાજિક તત્વોએ હિંસક વલણ અપનાવ્યું હતું. આ તત્વોએ રેસ્ટોરન્ટના માલિક અને કારીગરો સાથે ઝઘડો કરીને ઢોર માર માર્યો હતો. આ સમગ્ર ઘટના રેસ્ટોરન્ટમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ પણ થઈ છે.
ચોંકાવનારી વાત એ છે કે, રેસ્ટોરન્ટ ડિંડોલી પોલીસ સ્ટેશનના ડીસ્ટાફ ઓફિસથી માત્ર 100 મીટરની દુરીએ છે, છતાં આવા ગુંડાતત્વો ખૂલ્લેઆમ આતંક મચાવતા જોવા મળ્યા છે. સીસીટીવી ફૂટેજ સામે આવતાની સાથે જ ડિંડોલી પોલીસ હરકતમાં આવી છે. રેસ્ટોરન્ટ માલિક અને કારીગરોના નિવેદન લેવામાં આવ્યા છે.
સાથે જ આરોપીઓની શોધખોળ માટે વિશેષ તપાસ શરૂ કરી દેવામાં આવી છે.
આ ઘટનાને પગલે ડિંડોલી પોલીસના પેટ્રોલિંગ અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર અનેક સવાલો ઉભા થયા છે. સ્થાનિક વેપારીઓ અને નાગરિકોએ પોલીસ પ્રશાસનને આ મામલે તાત્કાલિક અને કડક પગલાં લેવા માટે અપીલ કરી છે.
પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓની ઓળખ શરૂ કરી છે અને ટૂંક સમયમાં તેમની ધરપકડ થશે, એવી આશા વ્યક્ત કરી છે. સુરત મહાનગરપાલિકાના વહીવટદારો અને સ્થાનિકોએ પણ આવા કિસ્સાઓ સામે પોલીસની કામગીરી વધુ સઘન અને ઝડપી બનાવવા માટે દબાણ વધાર્યું છે.

# ભાદરવામાં મિત્રની મદદથી વિદ્યાર્થિની સાથે દૂષ્કર્મ આચર્યું, અંગત પળોના ફોટો-વીડિયો વાઇરલ કર્યા

(એજન્સી) રાજકોટ | તા. 15

વડોદરા | જિલ્લાના ભાદરવા પોલીસ મથક વિસ્તારમાં ચોંકાવનારી ઘટના બની છે. શાળાએ જતી વિદ્યાર્થનીને ધમકી આપી યુવાને દુષ્કર્મ આચર્યું હતું. મિત્રની મદદ લઇ દુષ્કર્મ આચરનાર યુવાને અંગત પળોની ખેંચેલી તસવીરો સોશિયલ મીડિયામાં વાઇરલ કરતાં પરિવાર ચોંકી ઉઠ્યો હતો. આખરે પરિવારે ભાદરવા પોલીસ મથકમાં હવસખોર યુવાન સહિત બે યુવાનો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.
ભાદરવા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, તાડીયાપુરા ગામનો યુવાન સુરેશ સોલંકી સ્કૂલમાં જતી વિદ્યાર્થિનીનો પીછો કરી હેરાન કરતો હતો અને તેના ફોટા પાડી છેડતી કરતો હતો. દરમિયાન આરોપી સુરેશ એક દિવસ તેના મિત્ર સાથે બાઇક પર વિદ્યાર્થિની જે રસ્તા ઉપરથી સ્કૂલમાં આવનજાવન કરતી હતી, તે રસ્તા ઉપર આવી ઉભા થઇ ગયા હતા. દરમિયાન વિદ્યાર્થિની આવતા જ સુરેશ તેણીને ખેંચી રોડની નજીકમાં લઇ ગયો હતો અને દુષ્કર્મ આચર્યું હતું. તે સાથે ફોટો-વીડિયો ઉતારી લીધો હતો.
બાદ આ ફોટો-વીડિયો વાઇરલ કરવાની ધમકી આપી વિદ્યાર્થિનીને બોલાવી દુષ્કર્મ આચર્યું હતું. અવારનવાર ફોટો-વીડિયો વાઇરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ આચરવા માટે મજબૂર કરતા વિદ્યાર્થીની ત્રાહિમામ પોકારી ગઇ હતી. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કર્યો છે કે, સુરેશે તેના મિત્રએ પીડિતાનુ મોઢું દબાવી રાખ્યું હતુ અને સુરેશે દુષ્કર્મ આચર્યું હતું. એક દિવસ વિદ્યાર્થિનીએ સુરેશ સોલંકીની વશ થયા વગર બોલાવેલી જગ્યાએ ન જતાં હવસખોર સુરેશે વિદ્યાર્થિની સાથે માણેલી અંગત પળોના લીધેલા ફોટા-વીડિયો પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર વાઇયરલ કરી દીધા હતા.
ભાદરવા પોલીસ મથકમાં સુરેશભાઇ અરવિંદભાઇ સોલંકી (રહે. તાડીયાપુરા, સાવલી, વડોદરા) અને અજાણ્યા શખ્સ વિરૂદ્ધ પોક્સો તથા આઇટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

## કિંગખાનના 'મન્નત'માં ઘૂસેલા આરોપીનો ખુલાસો...

# રાત્રે અઢી વાગે પાલખ પર ચઢી ત્રીજે માળ પહોંચ્યા, રૂમમાં શાહરુખના ફોટા જોઈ ત્યાં જ સૂઈ ગયા...

(એજન્સી) સુરત | તા. 15

એક વર્ષ પહેલાં સુપર સ્ટાર શાહરુખના મકાનના ત્રીજા માળ સુધી પહોંચનાર બે ઈસમો ભરૂચના મોના પાર્ક સોસાયટીના નિવૃત્ત આર્મી જવાનના મકાનમાં થયેલી ચોરીના ગુનામાં બી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ચોરીનો મુદ્દામાલ રિકવર કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ પૂછપરછ આરોપીઓએ શાહરુખના મન્નતમાં કેવી રીતે ઘૂસ્યા? ત્યાં શું કર્યું? અને ત્યાર બાદ તેમની સાથે શું થયું એ સમગ્ર મામલે ખુલાસો કર્યો હતો. તો આવો જાણીએ, આરોપીના જ મોઢે એક વર્ષ પહેલાં કિંગ ખાનના ઘરે ઘટેલી એ ઘટના વિશે...
આરોપી રામસ્વરૂપ સુખરાજ કુશવાહા સાથે વાતચીત કરતા તેણે જણાવ્યું હતું કે, હું બોલિવૂડ અભિનેતા શાહરૂખ ખાનનો મોટો ફેન્સ છું. હું અને મારો મિત્ર એક વર્ષ પહેલાં જુહુ બાંદ્રામાં આવેલા મન્નત બંગ્લોઝ ખાતે પહોંચ્યા હતા. જોકે સિક્યોરિટીએ શાહરુખ ખાન ઘરે નહીં હોવાનું જણાવતાં અમે ત્યાં તેના બંગલાની બહાર જ બેસી ગયા. ત્યાર બાદ રાત્રે 2:30 વાગ્યાના સમયે અંધારામાં અમે બંગલા નજીક આવેલા એક ઝાડ પર ચઢીને અંદર આવેલા, નારિયેળના ઝાડ પરથી નીચે ઊતર્યા હતા, જેમાં અમારાં પહેરેલાં કપડાં પણ ફાટી ગયાં હતાં. તે સમયે મન્નતમાં રિપેરિંગ કામગીરી ચાલતી હોવાથી ત્યાં કામ કરવા વાંસ સાથે પાલખ બાંધી હતી. અમે તેના પર ચઢીને ત્રીજા માળ સુધી પહોંચી ગયા હતા. ત્યાં શાહરુખ ખાનના ઘણા બધા ફોટો જોવા મળ્યા. તે જોઈ અમે રૂમમાં જ ઊંઘ આવતા સૂઈ ગયા હતા. સવારે સફાઈકર્મીઓએ અમને જોઈ લેતા પકડી લીધા હતા.



### ગઈકાલે નિવૃત્ત આર્મીમેનના ઘરે ચોરી કરતાં ઝડપાયા

ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં મોનાપાર્ક સોસાયટીમાં રહેતા નિવૃત્ત આર્મીમેન સિરાજ મહેતાના ઘરમાં અજાણ્યા તસ્કરોએ ઘરમાં પ્રવેશી આઠ તોલા સોનાના દાગીના ચાંદી તથા રોકડા સવા બે લાખની મતા ઉપર હાથફેરો કર્યો હોવાની ફરિયાદ બી ડિવિઝન પોલીસમાં નોંધાઈ હતી. આ મામલે બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.એમ.વસાવાએ અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજ તપાસી તલાસ હાથ ધરી હતી.
જેમાં પોલીસે માહિતીના આધારે ચોરીને અંજામ આપનાર રામ સ્વરૂપ સુરખાધ કુશવાહા ઉંમર વર્ષ 21 હાલ રહેવાસ ગોલ્ડન શોપિંગ મલ્લા તલાવડી આમોદનો મૂળ રહે વાટા ફળિયું આમોદ અને મિન્હાઝ સિંધાને ઝડપી પાડ્યા હતા. આ મામલે પોલીસે તેઓની પાસેથી ચોરીમાં ગયેલો 2.74 લાખનો મુદામાલ રિકવર કર્યો હતો.

# શહેરા પોલીસે મહારાષ્ટ્રની આઇસરમાંથી 56 લાખનો વિદેશી દારૂ ઝડપ્યો, 1 આરોપી ઝડપાયો




પંચમહાલ | પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. શહેરા પોલીસે સગરાડા ગામમાં રેડ કરીને મહારાષ્ટ્ર પાસિંગની આઈસર ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે આ કાર્યવાહીમાં મહારાષ્ટ્રના સાંગલીના રમેશ ચીમાજીરાવ બાબરની ધરપકડ કરી છે. જ્યારે ડ્રાઈવર સંતોષ બદુ પેઠેકર સહિત અન્ય આરોપીઓ ફરાર થઈ ગયા છે. ફરાર થનારાઓમાં ભારતભાઈ પગી, અર્જુનભાઈ પગી, ગણપતભાઈ બારિયા, સંજયભાઈ બારિયા અને જયદિપભાઈ બારિયાનો સમાવેશ થાય છે. શહેરા પોલીસ સ્ટેશનના PI એ.બી. ચૌધરીને બાતમી મળી હતી કે સગરાડા ગામમાં કેટલાક લોકો વિદેશી દારૂનું વેચાણ કરે છે. આ માહિતીના આધારે પોલીસે રાત્રે રેડ કરી હતી. પોલીસની ટીમે આઈસર ટ્રક અને દારૂ સહિત કુલ ૬૫.૪૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# આરોપીને ઝડપી સુરતના મુગલસીરા વિસ્તારમાં ઘટનાનું રી-કન્સ્ટ્રકશન કરાયું

(એજન્સી) સુરત | તા. 19

સુરત શહેરમાં આરટીઆઈ (માહિતી અધિકાર અધિનિયમ)ના દુરુપયોગ દ્વારા અધિકારીઓ અને બિલ્ડરોને ધમકી આપીને ખંડણી વસૂલતા તત્ત્વો સામે આખરે પોલીસ સખત બની છે. તાજેતરમાં પોલીસે ખંડણીખોર શેખ મો. સાકીરની ધરપકડ કરી, જે પાલિકા અધિકારીઓને બોગસ ફરિયાદો અને બ્લેકમેલિંગથી રંઝાડતો હતો. આ કાર્યવાહી બાદ પોલીસે 'રી-કન્સ્ટ્રક્શન'ની રણનીતિ અપનાવી, મુગલીસરા વિસ્તારમાં ખંડણીખોર ને લઇ ગઈ હતી, તેને પોલીસ સ્ટાફ અને પાલિકા અધિકારીઓ સમક્ષ માફી માગતા મજબૂર કર્યો.
લાલગેટ પોલીસ સ્ટેશનમાં મંગળવારે ખંડણી અને છેડતીનો ગુનો નોંધી એલર્ટ ન્યુઝના શેખ મો. સાકીર શબ્બીર મીયાં શેખની ધરપકડ કરવામાં આવી હતી. સાકીર કોર્પોરેશનની મહિલા કર્મચારી વિરુદ્ધ અફવા ફેલાવી તેને બદનામ કરતો હતો, જેથી તે સામે કાર્યવાહી શરૂ કરાઈ. ધરપકડ બાદ પોલીસે 'રી-કન્સ્ટ્રક્શન' માટે સાકીરને મુગલીસરા વિસ્તાર અને સેન્ટ્રલ ઝોનની ઓફિસમાં લઈ ગયા, જ્યાં તે ભ્રષ્ટાચાર અને ખંડણી માટે કયા કર્મચારીઓ અને અધિકારીઓને ત્રાસ આપતો હતો. જ્યારે પોલીસ ટીમ સાકીર સાથે ઝોન ઓફિસ પહોંચી, ત્યારે તમામ કર્મચારીઓ સમક્ષ તેને ટેબલે-ટેબલ ફેરવવામાં આવ્યો.પોલીસે કર્મચારીઓ અને અધિકારીઓને અપીલ કરી કે તેઓ ખંડણીખોરો સામે ડર્યા વગર આગળ આવે અને ફરિયાદ નોંધાવે.અંતે, પોલીસના દબાણ હેઠળ સાકીરે હાથ જોડીને ઝોનના સ્ટાફ પાસે માફી માંગી, જે પછી તેને જેલભેગો કરવામાં આવ્યો.
છેલ્લા કેટલાંક સમયથી આરટીઆઈ એક્ટનો દુરુપયોગ કરીને ખંડણીખોરો કાયદેસર અને ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ અરજી કરી, બિલ્ડરો અને પાલિકા અધિકારીઓને ધમકાવી રૂપિયા પડાવતા હતા. શહેરના બાંધકામ ઉદ્યોગકારો અને પાલિકા કર્મચારીઓ આ ખંડણીખોરોના ત્રાસથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા.વિધાનસભા સભ્ય અરવિંદ રાણાએ પણ આ મુદ્દે પોલીસ કમિશનર અને રાજ્ય સરકાર સુધી રજૂઆત કરી હતી.

# સીટ પેકેટની આડમાં 10.80 લાખનો 7300 બોટલ બિયરનો જથ્થો ઝડપાયો, એક આરોપી ધરપકડ

અરવલ્લી | ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગરો વિવિધ માર્ગે દારૂ ઘુસાડવાનો પ્રયાસ કરતા રહે છે. શામળાજી પોલીસે અણસોલ ચેકપોસ્ટ પર મોટી સફળતા મેળવી છે. વહેલી સવારે મળેલી બાતમીના આધારે પોલીસે રાજસ્થાન તરફથી આવી રહેલા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. એક શંકાસ્પદ ટ્રકની તપાસ દરમિયાન સીટ પેકેટના બોક્સની આડમાં છુપાવેલો મોટો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.
પોલીસે તપાસ કરતા ટ્રકમાંથી 7300 નંગ બિયરની બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. 10.80 લાખ થવા જાય છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. ટ્રક અને સીટ પેકેટ સહિત કુલ રૂ. 21.32 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



શામળાજી પોલીસ આંતરરાજ્ય સરહદ પર 24 કલાક ચેકિંગ કરી રહી છે. નાના-મોટા તમામ વાહનોની ચકાસણી કરવામાં આવી રહી છે. આ કેસમાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ITની બિલ્ડરો, ડોક્ટરો, ઉદ્યોગપતિઓ સામે મોટી કાર્યવાહી : 36 ટીમો ત્રાટકી

(એજન્સી) ભાવનગર | તા. 19

ભાવનગર શહેરમાં આવકવેરા વિભાગે (IT) મોટું સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. દિલ્હી આઈટી વિભાગની આગેવાની હેઠળ અમદાવાદ, વડોદરા અને સુરત સહિતના 500થી વધુ અધિકારીઓ આ કાર્યવાહીમાં જોડાયા છે. 11 પેઢીઓના 32 સ્થળો પર 36 ટીમો મારફતે તપાસ શરૂ કરી છે. જેમાં જાણીતા બિલ્ડરો, ડોક્ટરો, ઉદ્યોગપતિઓ અને નામાંકિત જ્વેલર્સને ત્યાં કરાઈ રહી છે.
ભાજપના વરિષ્ઠ નેતા અને જાણીતા બિલ્ડર ગિરીશ શાહના નિવાસસ્થાન અને વ્યવસાયિક સ્થળો પર પણ તપાસ ચાલી રહી છે. તેમની બિલ્ડકોન પેઢી અને આતભાઈ ચોક નજીકના બંગલા પર ચેકિંગ કરવામાં આવ્યું છે. ભાવનગર શહેરમાં ઘણા લાંબા સમય બાદ ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ગઈકાલે 18મી ફેબ્રુઆરીએ વહેલી સવારથી એક મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે દિલ્હી IT વિભાગની ટીમની આગેવાનીમાં અમદાવાદ, વડોદરા, સુરત સહિતની આઈટી ડિપાર્ટમેન્ટના 500 થી વધુ કર્મચારીઓ છે, એ ભાવનગર શહેરની 11 પેઢીની અંદર 32 જગ્યાઓ પર 36 ટીમોની અંદર ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. આઈટી વિભાગ દ્વારા મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના જાણીતા બિલ્ડરો, ડોક્ટર, ઉદ્યોગપતિઓ અને નામાંકિત સોની વેપારીઓને ત્યાં આઈ.ટી. વિભાગની એક સાથે 36 જેટલી ટીમોએ સર્ચ હાથ ધર્યું હતું. આઈ.ટી દ્વારા શહેરના નામાંકિત બિલ્ડર અને ભાજપના વરીષ્ઠ આગેવાન ગિરીશ શાહના ઘર સહિત વ્યવસાયિક સ્થળો પર સર્ચ હાથ ધર્યું છે. આવકવેરા વિભાગે સમગ્ર કામગીરી ગુપ્ત રાહે અચાનક શરૂ કરતાં અન્ય મોટા વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો. ઓર્ચીડ બિલ્ડરની શિશુવિહારની ઓફિસ, કમલેશ શાહનો આંબાવાડીનો બંગલે, નજીર ક્લીવાલાનાસિદ્ધિ વિનાયક બિલ્ડકોનના સંજય સોનાણીની શિવાંજલી બિલ્ડિંગ, બિલ્ડર પરેશ વ્યાસ, જેડી ઈન્ફ્રાકોન, ઈસ્કોન મેગાસિટી, મહાબલ ફાઈનાન્સ સહિત અનેક સ્થળો પર આઈ.ટી વિભાગે સર્ચ હાથ ધર્યું છે.

### ASIમાં પ્રથમ વખત, આ ટીમમાં મોટી સંખ્યામાં મહિલા પુરાતત્વવિદોનો સમાવેશ

# દ્વારકાની નગરીમાં આર્કીયોલોજી વિભાગે સંશોધન શરૂ કર્યું, 3 મહિલા વૈજ્ઞાનિકોની ટીમ લાગી

(એજન્સી) દ્વારકા । તા.19



ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ સમુદ્રમાં ડૂબી ગયેલ ભગવાન કૃષ્ણની નગરી દ્વારકાના તમામ પાસાઓની તપાસ માટે શોધ શરૂ કરી છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI) એ આનાથી સંબંધિત રહસ્ય ખોલવા માટે શોધ શરૂ કરી છે. ASIના એડિશનલ ડાયરેક્ટર જનરલ (પુરાતત્વ) પ્રો. આલોક ત્રિપાઠીના નેતૃત્વમાં પાંચ પુરાતત્વવિદોની ટીમે દ્વારકાના દરિયાકાંઠે પાણીની અંદર સંશોધન શરૂ કર્યું. આ ટીમમાં ડાયરેક્ટર (એક્સવેશન એન્ડ એક્સપ્લોરેશન) એચ.કે. નાયક, મદદનીશ અધિક્ષક પુરાતત્વવિદ્ ડૉ. અપરાજિતા શર્મા, પૂનમ બિંદ અને રાજકુમારી બાર્બીનાનો સમાવેશ થાય છે. આ લોકોએ પ્રાથમિક તપાસ માટે ગોમતી ક્રીક પાસેનો વિસ્તાર પસંદ કર્યો છે. ASIમાં પ્રથમ વખત, આ ટીમમાં મોટી સંખ્યામાં મહિલા પુરાતત્વવિદોનો સમાવેશ થાય છે અને પાણીની અંદરની તપાસમાં સક્રિયપણે ભાગ લેતા પુરાતત્વવિદોની સૌથી વધુ સંખ્યા પણ છે. ASIના જણાવ્યા અનુસાર આ શોધખોળ દ્વારા દ્વારકા શહેરના સાંસ્કૃતિક અને ઐતિહાસિક પુરાવા એકત્ર કરવામાં આવશે. ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત કરવાના ASIના મિશનમાં પાણીની અંદરની શોધ એ એક મહત્વપૂર્ણ પગલું છે.

#### દ્વારકામાં દરિયા કિનારે અને તટવર્તી ખોદકામ

ASI ની સુધારેલ અંડરવોટર આર્કિયોલોજી વિંગ (UAW) ને તાજેતરમાં દ્વારકા અને બેટ દ્વારકા ખાતે ઓફશોર સર્વે અને તપાસ કરવા માટે પુનઃજીવિત કરવામાં આવી છે. UAW 1980 ના દાયકાથી પાણીની અંદર પુરાતત્વીય સંશોધનમાં મોખરે છે. 2001 થી, વિંગ બંગારામ ટાપુ (લક્ષદ્વીપ), મહાબલીપુરમ (તમિલનાડુ), દ્વારકા (ગુજરાત), લોકટક તળાવ (મણિપુર) અને એલિફન્ટા ટાપુ (મહારાષ્ટ્ર) જેવા સ્થળો પર સંશોધન કરી રહી છે. અગાઉ, અંડરવોટર આર્કિયોલોજી વિંગે 2005 થી 2007 દરમિયાન દ્વારકામાં દરિયાકિનારે અને દરિયા કિનારે ખોદકામ કર્યું હતું.

#### દ્વારકા શહેરના અવશેષોના નમૂના લેવામાં આવ્યા હતા

સૌપ્રથમ 2005માં અને પછી 2007માં, ભારતીય નૌકાદળના ડાઈવર્સે ASIના માર્ગદર્શન હેઠળ દરિયામાં ડૂબેલા દ્વારકા શહેરના અવશેષોના નમૂનાઓ સફળતાપૂર્વક બહાર કાઢ્યા. 2005માં નૌકાદળની મદદથી પ્રાચીન શહેર દ્વારકા સાથે સંબંધિત એક અભિયાન દરમિયાન દરિયાની ઉંડાઈમાંથી કાપેલા પથ્થરો મળી આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન, લગભગ 200 નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા હતા. નેવલ ડાઈવર્સની મદદથી, નિષ્ણાતોએ વ્યાપક સર્વેક્ષણ પછી, ગુજરાતમાં કચ્છના અખાત પાસે સ્થિત દ્વારકા શહેરના દરિયાકાંઠાના વિસ્તારમાં દરિયાની નીચે ખોદકામ હાથ ધર્યું હતું અને ત્યાં પડેલા ચૂનાના પત્થરોના બ્લોક્સ પણ શોધી કાઢ્યા હતા.

#### દરિયામાં 560 મીટર લાંબી દ્વારકાની દીવાલ મળી

પુરાતત્વવિદ્ પ્રો. એસઆર રાવ અને તેમની ટીમે 1979-80માં દરિયામાં 560 મીટર લાંબી દ્વારકાની દીવાલ શોધી કાઢી હતી. તે દરમિયાન તેમને ત્યાં વાસણો પણ મળ્યા, જે 1528 BC થી 3000 BC સુધીના છે. આ સિવાય તેમણે સિંધુ ખીણની સંસ્કૃતિના ઘણા અવશેષો પણ શોધી કાઢ્યા હતા. કુરુક્ષેત્ર યુદ્ધ જ્યાં થયું હતું ત્યાં ખોદકામ દરમિયાન તેણે ઘણા રહસ્યો પણ જાહેર કર્યા હતા.

## કનેરા ગામના ગોડાઉનમાંથી 45 લાખનો 800 પેટી દારૂ ઝડપાયો

નડિયાદ : ખેડા- બારેજા રોડ ઉપર ગોડાઉનમાંથી રૂા. ૪૫ લાખના દારૂની ૮૦૦ પેટી એસએમસીની ટીમે દરોડો પાડી ઝડપી પાડી છે. મુવર્સ એન્ડ પેકર્સની આડમાં દારૂનો ધંધા પાછળ કયો બુટલેગર સામેલ છે તે હજૂ જાણવા મળ્યું નથી પરંતુ ૮ જેટલા શખ્સોની અટકાયત કરી ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરાઈ છે. ગાંધીનગર સ્ટેટિંગ સેલની ટીમ દ્વારા ખેડા બારેજા રોડ પર કનેરામાં આવેલા ગોડાઉનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો છે. પેકર્સ અને મુવર્સના વ્યવસાયની આડમાં છેલ્લા કેટલાય સમયથી વિદેશી દારૂનો ધીકતો ધંધો ચાલી રહ્યો હતો. જ્યાં એસએમસીની ટીમ દ્વારા દરોડા પાડી ૮૦૦ ઉપરાંત પેટી વિદેશી દારૂ ઝડપી પાડયો છે. આ વિદેશી દારૂની કિંમત અંદાજે ૪૫ લાખ રૂપિયા હોવાનું પણ હાલ જાણવા મળી રહ્યું છે. એસએમસીની ટીમ દ્વારા અંદાજે પાંચ જેટલા વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા છે. આ લખાય છે ત્યારે ટીમ દ્વારા સમગ્ર મામલે ફરિયાદ નોંધવાની કામગીરી પણ ચાલી રહી છે. જોકે આ દરોડામાં કયા બુટલેગર સામેલ છે તેની હજુ સુધી કોઈ પુષ્ટિ થઈ નથી પરંતુ પોલીસે સ્થળ પરથી આઠ લોકોની અટકાયત કરી હોવાની પણ માહિતી મળી રહી છે.

### બન્ને પક્ષે સામસામે લગ્ન કરાયા હતા, બન્ને રિસામણે હોવાની તકરાર કારણભૂત

# કાજાવદર ગામે પિતા-પુત્ર પર 5 સંબંધીનો તિક્ષ્ણ હથિયારો વડે હુમલો

(એજન્સી) ભાવનગર । તા.19

સિહોર તાલુકાના સખવદર ગામમાં રહેતા અને રામપરા મેલડી માતાજીના મંદિર પાસે દુકાન ધરાવતા કાળુભાઈ અરજણભાઈ ચાવડાના નાનાભાઈ કાનાભાઈના લગ્ન ગામમાં રહેતા રાધિકાબેન વશરામભાઇ કોતર સાથે થયા હતા. અને કાળુભાઈના મોટા બહેન માયાબેનના લગ્ન કાનાભાઈના મામાજી રણજીતભાઇ કુવાડીયા સાથે થયા હતા.કાનાભાઈને તેમના પત્ની સાથે મનમેળ ન હોય છેલ્લા પાંચ માસથી તેમના પિતાના ઘરે હતા,સામસામે લગ્ન કરેલ હોવાથી માયાબેન પણ દોઢ મહિનાથી રીસામણે હતા.આ બાબતને લઈને ગત સોમવાર બપોરના સમયે કાળુભાઈ તેમની દુકાને હાજર હતા. તે દરમિયાન તેમના નાનાભાઈના સાળા નિલેશ બાલાભાઈ કોતર અને ચેતનબાલાભાઈ કોતર બાઈક ઉપર આવ્યા હતા. અને તારા ભાઈને મારા સગા ફોન કરે છે તો સરખો જવાબ કેમ નથી આપતો ? અને મારી બેનને કેમ હેરાન કરે છે તેમ કહી નિલેશે કુહાડીનો એક ઘા ઝીંકી દઈ કાળુભાઈને લોહીયાળ ઈજા પહોંચાડી હતી, દરમિયાન કાનાભાઈના કુટુંબી સાળા કિશોર વાલાભાઈ કોતર, વિનોદ કોતર અને નિકુલ કોતર બાઈક ઉપર આવ્યા હતા અને ઝઘડો કરવા લાગતા કાળુભાઈના પિતા અરજણભાઈ અને નાનાભાઈ કાનાભાઈ વચ્ચે પડતા શખ્સોએ તેમના ઉપર પણ તલવાર અને લોખંડના પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. દરમિયાન લોકો ભેગા થઈ જતા આ તમામ શખ્સ ધમકી આપી જતા રહ્યા હતા. આ બનાવમાં ઈજાગ્રસ્ત કાળુભાઈ અને તેમના પિતા અરજણભાઈને સારવાર અર્થે પ્રથમ સિહોર અને ત્યારબાદ વધુ સારવાર માટે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયારે, બનાવ અંગે કાળુભાઈ ચાવડાએ નિલેશ કોતર, ચેતન કોતર કિશોર કોતર, વિનોદ કોતર અને નિકુલ કોતર) વિરુદ્ધ માર મારી લોહિયાળ ઈજા પહોંચાડયાની ફરિયાદ નોંધાવતા સિહોર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ખાવડાની કંપનીમાં ટાવર નીચે પટકાતાં એક શ્રમજીવીનું મોત બીજો ઘાયલ

## ભુજ સ્વામીનારાયણ મંદિર પાછળના પુલીયા નીચે અજાણ્યા શખ્સનો આપઘાત

(એજન્સી) ભુજ । તા.19

ભુજના સ્વામીનારાય મંદિર પાછળ લેક્યુ હોટલની સામે આવેલા પુલીયા નીચેથી ગળે ફાંસો ખાધેલી હાલતમાં ૫૦ વર્ષના અજાણ્યો પુરૂષ મળી આવતાં એ ડિવિઝન પોલીસે તપાસ શરૂ કરી છે. તો, ખાવડામાં અદાણી ગ્રીન કંપનીમાં ટાવર પર ચડીને કામ કરતા શ્રમજીવી નીચે પટકાતાં એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે બીજાને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ૫૦ વર્ષનો એક અજાણ્યો પૂરૂષ દુપટ્ટા વળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. એ ડિવિઝન પોલીસને જાણ થતાં તાત્કાલિક સ્થળ પરથી હતભાગી અજાણ્યા શખ્સને નીચે ઉતારીને જી.કે.જનરલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. મરણજનાર યુવકની ઓળખ અને તેણે આત્મહત્યા કયા કારણે કરી તે સહિતની વિગતો જાણવા એ ડિવિઝન પોલીસ મથકના પીએસઆઇ આર.એન.વાડલેએ હાથ ધરી છે. તો, મંગળવારે સવારે ખાવડા ખાતે અદાણી ગ્રીન કંપનીના પવનચક્કીના થાંભલા પર ચડીને કામ કરી રહેલા લુનારામ જગદીશ નાયક અને બીરેનકુમાર શ્રીલાલુ યાદવ અકસ્માતે નીચે પટકાયા હતા. બન્ને ગંભીર રીતે ઘાયલ થયા હતા. જેમાં લુનારામ નાયકને માથાના ભાગે વધુ ઈજા હોવાથી પ્રથમ સારવાર અદાણી ગ્રીન ખાવડા હોસ્પિટલમાં સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે ભુજ જી.કે.જનરલ હોસ્પિટલમાં લઈ આવતાં હાજર પરના તબીબે સવારે બાર વાગ્યે મૃત જાહેર કર્યો હતો.

### અજાણ્યા કાપડના વેપારી કપડાનો સોદો કરીને ગુગલ પે મારફતે નાણા પડાવી લીધા

# દયાપરમાં કાપડનો વ્યવસાય કરતી મહિલા સાથે ઓનલાઇન 1.14 લાખની ઠગાઇ

(એજન્સી) ભુજ । તા.19




લખપતના દયાપર ગામે રહેતા અને કાપડનો વ્યવસાય કરતા મહિલાને અજાણ્યા શખ્સે પોતે કાપડનો વેપાર કરતા હોવાનું જણાવીને કાપડની ડીઝાઈનો મોકલીને ગુગલ પેથી રૂપિયા ૧,૧૩,૯૭૫ મેળવી કાપડ કે રૂપિયા ન આપીને છેતરપીંડી કરી હતી. ભોગબનારે દયાપર પોલીસ મથકનો સંપર્ક કરતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને મહિલાના ગયેલા રૂપિયા પરત અપાવી દઈ સરાહનીય કામગીરી કરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ દયાપર ગામે રહેતા સહેનાઝબેન હબીબભાઈ નોતિયાર જે કાપડનો વ્યવસાય કરતા હોઈ તેમને એક અજાણયા નંબરથી ફોન આવ્યો હતો. અને કાપડના વેપારી તરીકેની પોતાની ઓળખ આપીને ફરિયાદી મહિલાને કપડા જોઈતા હોય તો, ડીઝાઈન મોકલવાનું કહીને ડીઝાઈન મોકલાવી હતી. ત્યાર બાદ ફરિયાદી મહિલાએ અજાણ્યા ફોનધારકને ગુગલ પેથી રૂપિયા ૧,૧૩,૯૭૫ મોકલી આપ્યા હતા. બાદમાં કપડા ન આવતાં મહિલાને પોતાની સાથે ફ્રોડ થયો હોવાનું જણાતાં તેમણે તરત દયાપર પોલીસનો સંપર્ક કર્યો હતો. દયાપર પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ફરિયાદીની ગયેલી પૂરેપૂરી રકમ મહિલાના એકાઉન્ટમાં પરત અપાવી દીધી હતી. દયાપર પોલીસ મથકના ઈન્સ્પેકટર વી.વી.ભોલાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ અજયભાઈ એસ. દેશાઈએ કાર્યવાહી કરી હતી.

## દહેગામ ભાજપના નેતા અને બે પુત્રોના આગોતરા જામીન નામંજૂર

ગાંધીનગર : દહેગામમાં ગોપાલજી મંદિર ટ્રસ્ટની જમીન ઉપરથી લાકડાની સોમીલ ખાલી કરી દેવા માટે ટ્રસ્ટી અને એપીએમસીના ચેરમેન તેમજ દેહગામ ભાજપના નેતા દ્વારા વેપારીને ધમકીઓ આપવામાં આવતાં વેપારીએ આપઘાત કર્યો હતો. જે મામલે નેતા અને બે પુત્રો સામે ગુનો દાખલ થયા બાદ ગાંધીનગર કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે. દહેગામમાં ગોપાલભાઈ સોની છેલ્લા ૫૦ વર્ષથી ગોપાલજી મંદિર ટ્રસ્ટની જમીન પર કામધેનુ સો મિલ નામે લાકડાનું કારખાનું ચલાવતા હતા. દરમિયાન વર્ષ ૨૦૨૨માં ટ્રસ્ટની કમિટીના ચેરમેન તરીકે સુમેરુ અમીનની નિમણૂક થયા બાદ તેમણે અને તેમના પુત્રો કૌશલ અને હષલે જગ્યા ખાલી કરાવવા માટે સતત દબાણ કરવાનું શરૃ કર્યું હતું. આ મામલે કોર્ટમાં મેટર ચાલતી હોવા છતાં આરોપીઓએ વેપારીને હેરાન કરવા માટે તેમના કારખાનાનું વીજ કનેક્શન, જીએસટી લાયસન્સ, ફોરેસ્ટ લાયસન્સ રદ કરાવવા અને પાણીનું કનેક્શન કાપવા સુધીના પ્રયાસો કર્યા હતા. આ ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી.

# નડિયાદમાં અકસ્માતના 3 બનાવમાં 2 વ્યક્તિના મોત

### દવાપૂરા નજીક લક્ઝરીમાં વાહન ઘૂસ્યું, કંજરી બ્રિજ પાસે અજાણ્યા વાહનની ટક્કર

(એજન્સી) નડિયાદ । તા.19




નેશનલ હાઈવે નંબર ૪૮ કંજરી બ્રિજ પર, ઉત્તરસંડા તેમજ અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં બે વ્યક્તિના મોત નીપજ્યા હતા. જ્યારે ત્રણ જણાને ઈજા થઈ હતી. આ બનાવ સંદર્ભે જે તે પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવેલો છે. અમદાવાદના અમરાઈવાડીમાં રહેતા વિનોદભાઈ જીવાભાઈ મોઢેરા, તેમના મોટાભાઈ નરસિંહભાઈ સહિત પરિવારજનો તેમના સંબંધીના લગ્ન પ્રસંગની જાનમાં લક્ઝરી બસમાં સુરતથી અમદાવાદ જઈ રહ્યા હતા. દરમિયાન તા.૧૯મીની સવારે અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવે પર દવાપૂરા નજીક લક્ઝરી બસની ખાલી સાઈડ સાથે કોઈ વાહન અથડાતા લક્ઝરી બસની આગળની સાઈડમાં કેબિન સામે બેઠેલા નરસીભાઇ જીવાભાઈ મોઢેરા ગંભીર રીતે ફસાઈ ગયા હતા. જેથી તેમને ખેંચીને બહાર કાઢી સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં અને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવતા તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે વિનોદભાઈ જીવાભાઈ મોઢેરાની ફરિયાદના આધારે નડિયાદ ગ્રામ્ય પોલીસે લક્ઝરી બસના ચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. બીજા બનાવમાં નડિયાદમાં રહેતા ગીરીશભાઈ સીતારામ પટેલ તેમના પડોશમાં રહેતા સંબંધીના આણંદ ખાતે લગ્ન પ્રસંગમાં ગયા હતા. તેઓ લગ્ન પ્રસંગમાંથી તા.૧૮મીની રાત્રે આણંદથી પરત નડિયાદ આવતા હતા. દરમિયાન નેશનલ હાઈવે નંબર ૪૮ કંજરી બ્રિજ ચડતા પહેલા કોઈ અજાણ્યો વાહન ચાલક ગિરીશભાઈ પટેલને ટક્કર મારતા તેમનું ગંભીર ઈજા થતાં મોત નિપજ્યું હતુ.

આ બનાવ અંગે તેમની દીકરી બિન્તાબેન નિતેશભાઈ કડિયાએ ફરિયાદ નોંધાવી હતી. ઉપરાંત નડિયાદ તાલુકાના ચકલાસીના રાઘૂપુરામાં રહેતા ઉમલાબેન મનોજભાઈ વાઘેલા ગઈકાલે બપોરે ઉત્તરસંડાથી તેમના ભાઈ વિરલ દલપતભાઈ પરમારની મોટરસાયકલ પર બેસી ફતેપુરા જતા હતા.

દરમિયાન ઉત્તરસંડા સ્મશાન નજીક સામેથી આવતી મોટર સાયકલ અથડાતા બાઈક સવાર વિરલભાઈ પરમાર બાઈક પાછળ બેઠેલ ઉમલાબેન વાઘેલા તેમજ યશપાલ વિરલભાઈ પરમાર (ઉં.વ.૬)ને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ઉમલાબેન મનોજભાઈ વાઘેલાની ફરિયાદના આધારે વડતાલ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## ગેટ ઉપરનું બેરિયર નહીં ખુલતા યુવાને સિક્યોરિટીને માર માર્યો

ગાંધીનગર : યુવાન દ્વારા ગેટનું બેરિયર નહીં ખોલતા સિક્યુરિટી જવાનને માર મારવામાં આવ્યો હોવાની ઘટના બહાર આવી છે. જે મામલે ઈન્ફોસિટી પોલીસ દ્વારા યુવાન સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૃ કરવામાં આવી હતી. જોકે સોસાયટીમાં જે કાર ઉપર સ્ટીકર લગાવેલું હોય તે કાર માટે બેરિયર આપોઆપ ખુલી જતું હોય છે પરંતુ તેમની કારમાં સ્ટીકર નહીં હોવાથી બેરિયર ખુલ્યું ન હતું. જોકે આ સમયે તેઓ બાથરૃમ કરવા માટે ગયા હતા અને ત્યારબાદ રિમોટથી બેરિયર ખોલ્યું હતું. જેમાં થોડી વાર લાગતા દેવ પટેલે ગેટની બહાર ગાડી ઉભી રાખી અને તેમને બોલાવ્યા હતા અને ગાળા ગાળી કરીને લાફો મારી દીધો હતો. તેમજ કોલર પકડી નીચે પાડી દીધા હતા. બૂમાબૂમ થતા તેઓ કાર મૂકીને ભાગી ગયા હતા જેથી આ અંગે ઈન્ફોસિટી પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૃ કરવામાં આવી છે.

### યુવાનને ઈજા થતાં હોસ્પિટલે ખસેડયો

# ખાંભડાના યુવાન પર ગામના જ શખ્સે છરીનો ઘા ઝીંક્યો

(એજન્સી) ભાવનગર । તા.19

બરવાળા તાલુકાના ખાંભડા ગામે રહેતા યુવાન પર ગામના શખ્સે મારી વાત કેમ ગામમાં ફેલાવો છો તેમ કહી છરીના ઘા ઝીંકી દેતા યુવાનને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવની વિગત એવી છે કે, બરવાળા તાલુકાના ખાંભડા ગામે રહેતા હાદકભાઈ ભરતભાઈ સાપરાને કિરણ સંજયભાઈ ઉર્ફે ચંદુભાઈ બાવળીયા (રહે.ખાંભડા ) એ ફોન કરી મળવાની વાત કરી હતી અને બાદમાં તેના ઘર પાસે આવ્યો હતો. કિરણે હાર્દિકને ગાળો આપી કહેવા લાગ્યો હતો કે, તુ છોકરી સાથે પ્રેમ સંબંધ હોવાની વાતો ગામમાં કેમ કરે છે , જો કે, હાર્દિકે હવે પછી વાતો નહિ કરું તેવુ કહેતા કિરણ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે પોતાના પેન્ટના નેફામાંથી મોટી છરી કાઢી હાર્દિકના ડાબા પગના સાથળ પર એક ઘા ઝીંકી લોહિયાળ ઈજા પહોંચાડી હતી. દરમિયાનમાં કિરણે જતાં જતાં હાર્દિકને બે ત્રણ પાટા મારી કહ્યું હતું કે, હવે પછી મારી કોઇ વાત કરીશ તો જીવતો નહીં રહેવા દઉ. જો કે, આ હુમલામાં ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે બોટાદની હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ સંદર્ભે હાદકભાઈએ બરવાળા પોલીસ મથકમાં કિરણ સંજયભાઈ ઉર્ફે ચંદુભાઈ બાવળીયા વિરૂદ્ધ ગાળો આપી, માર મારી, છરી વડે હુમલો કરી જાનથી મારી નાઁખવાની ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

### ભાગવા જતા કાર ડીવાઈડર સાથે અથડાઈ, કારને નુકશાન

## અધેળાઈ નજીકથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સ ઝબ્બે

(એજન્સી) ભાવનગર । તા.19

ભાવનગર એલસીબીનો સ્ટાફ ભાવનગર જિલ્લાના વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન વસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન બાતમી મળી હતી કે, ભાવનગર-અમદાવાદ શોર્ટ રૂટ પર અધેલાઈથી ભાવનગર તરફ મારૂતિ સ્વીફટ કાર રજી નં. જીજે.૧૩.એન.૪૫૭૩ ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આવી રહી છે. જે બાતમી આધારે ટીમે વોચ ગોઠવી ત્યારે અધેળાઈ તરફથી ઉક્ત નંબરની કાર આવતાં તેને શંકાના આધારે અટકાવા પ્રયાસ કર્યો હતો. જો કે, પોલીસને જઈને કારચાલકે કાર અટકાવી ન હતી અને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જેના પગલે ચાલકે પૂરપાટ ઝડપે કાર ચલાવતાં કાર ડીવાઈડર સાથે અથડાઈ હતી. જેના કારણે કારને નુકશાન થયું હતું. જો કે, ચાલકને ઈજા ન પહોંચતાં પોલીસે તેને દબોચી લીધો હતો પોલીસે કારની તપાસ કરતાં તેમાંથી ઈંગ્લીશ દારૂની નાની ૬૯૨ બોટલ કિંમત રૂ.૧,૦૦,૩૪૦ ની મળી આવી હતી. પોલીસે દારૂના જથ્થા સાથે કારચાલક જતીન મુકેશભાઈ કંટારીયા ને વિદેશી દારૂ તથા કાર મળી કુલ રૂા.૨,૦૦,૩૪૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

# મહુવામાં જન્મ-મરણનો દાખલો કઢાવવો એટલે લોઢાના ચણા ચાવવા સમાન

### ચીફ ઓફીસરને આવેદન સાથે તાળાબંધીની ચિમકી અપાઇ, રોડ, પાણી, ગટરની વ્યવસ્થા પણ કાગળ ઉપર

(એજન્સી) મહુવા । તા.19





મહુવા શહેરની જનતાને સરકારી કામ કરાવવું એટલે લોઢાના ચણા ચાવવા સમાન બન્યું છે. સામાન્ય જન્મ-મરણનો દાખલો કઢાવવા પણ દિવસો સુધી લાઈનો લાગેલી રહે છે. જે બિલ્ડીંગ પાલિકાએ બનાવ્યાને ૩૫-૪૦ વર્ષ થયા તે પણ હજુ જોખમી રીતે ઉભા છે. જ્યારે નળ-ગટર અને રોડ-રસ્તાના કામો પણ કાગળ પર થતા હોવાના આક્ષેપો સાથે આજે ખેડૂત કલ્યાણ સંગઠનના પ્રમુખ દ્વારા ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવી નિરાકરણ નહીં આવે તો તાળાબંધીની ચિમકી આપી હતી. છેલ્લા ઘણા સમયથી મહુવા નગરપાલિકામાં જન્મ-મરણના દાખલા કઢાવવામાં લોકોને મહિનાઓ સુધી ધક્કા ખાવા પડે છે અને રોજ વહેલી સવારે ફક્ત એક કલાક ટોકન આપવાથી વહેલી સવારથી લાઈન લાગી જાય છે તેમજ દૂરના ગામડાના અને બીજા જિલ્લાની બહેનોએ મહુવા શહેરમાં પ્રાઈવેટ કે સરકારી દવાખાને બાળકને જન્મ આપ્યો હોય તેના વાલીઓ વહેલી સવારે કેમ પહોંચે તે વિચારવું જરૂરી છે. સરકાર આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ, ખેડૂત કાર્ડ, પાનકાર્ડ વિગેરે દાખલા કાઢવાના રોજ નવા નવા નિયમો ઘડે છે જેવા કે આખુ નામ, અટક (સરનેમ) પાછળ, લાલ, કુમાર, ભાઈ વિગેરે સુધારો કરવા લોકોને વીના વાકે દિવસો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે તેથી કિંમતી સમય અને પૈસા વેડફાઈ છે જેનું નિરાકરણ લાવવા તેમજ મહુવા નગરપાલિકામાં ઈન્દીરા-શાસ્ત્રી-નહેરૂ વિગેરે અનેક સરકારી વસાહતો તેમજ જીઈબીના વડલા સામે જેવી અનેક સરકારી કોમ્પ્લેક્ષ છે તે જર્જરિત હાલતમાં છે. નગરપાલિકા નોટિસો આપી છુટી જાય છે. કેટલીક વસાહતો અને કોમ્પ્લેક્ષો ૩૫-૬૦ વર્ષે જુના છે તેમાં અનેક પરિવારો વસે છે તે વસાહતો ૨૦ વર્ષે રિપેરીંગ કરી આપવી અને ૩૫ વર્ષે નવી કરવાની જવાબદારી સરકાર અને નગરપાલિકાની હોવા છતાં કશું થતું નથી. અનેક રોડ, ગટરો વિગેરે અનેક કામો બીલકુલ થયા જ નથી અને કાગળ પર બતાવી કરોડો રૂપિયા નેતાઓ અને બાબુઓ ચાંઉ કરી ગયાના પણ આક્ષેપો ઉઠયા છે ત્યારે આવા મુદ્દાઓનો પાંચ દિવસમાં ઉકેલ લાવવો અન્યથા નગરજનોને સાથે રાખીને મહુવા નગરપાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખની ઓફીસો પર તાળાબંધી કરવાની ચિમકી સાથે આવેદન અપાયું હતું.


## આણંદ સબજેલમાં બેદરકારી બદલ 4 પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ

આણંદ : આણંદ નાયબ પોલીસ અધિક્ષક સહિતની ટીમે આણંદ સબ જેલનું સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. દરમિયાન ત્રણ મહિલાઓ હાજર મળી આવી હતી. તપાસ કરતા મંજૂરી વગર અનઅધિકૃત રીતે આરોપીઓને મળવા માટે પ્રવેશ કર્યો હોવાનું ખૂલ્યું હતું. જેથી ગંભીર બેદરકારી જણાઈ આવતા જેલગાર્ડ ફરજ ઉપરના આ.હેડ કોન્સ્ટેબલ ભાનુભાઈ અંબાલાલ, અ.હેડ કોન્સ્ટેબલ કમલેશભાઈ નારણભાઈ, અ.પો.કોન્સ્ટેબલ શેતલકુમાર દિનેશભાઈ અને અ.પો. કોન્સ્ટેબલ દક્ષેશકુમાર હિંમતભાઈ ચારેય પોલીસ કર્મચારીઓને આણંદ પોલીસ અધિક્ષકે ફરજ મોકૂફી હેઠળ મૂકી દેવામાં આવ્યા છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.




**વૃષભ (બ,વ,ઉ)**
ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે.




**મિથુન (ક,છ,ઘ)**
તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે.




**કર્ક (ડ,હ)**
આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.




**સિંહ (મ,ટ)**
તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.




**કન્યા (પ,ઠ,ણ)**
મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો.




**તુલા (ર,ત)**
સંતોષી જીવન માટે તમારી માનસિક દૃઢતામાં વધારો કરો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. આજે તમે પ્રેમના મૂડમા હશો.




**વૃશ્ચિક (ન,ય)**
કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.




**ધન (ભ,ધ,ફ)**
તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે.



**મકર (ખ,જ)**
સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.



**કુંભ (ગ,શ,સ)**
તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

### ભારતમાં વાહનોના માર્કેટિંગ માટે કર્મચારીઓની ભરતી પ્રક્રિયા શરૂ : સરકારે હવે 40,000 ડોલરથી વધુના વીજ વાહનો પરની ઈમ્પોર્ટ ડ્યૂટી ઘટાડી 70 ટકા કરી

# અંતે મસ્કની ટેસ્લા ભારતમાં, EV વાહનો ક્ષેત્રે સ્પર્ધાનો યુગ

(એજન્સી) મુંબઈ । તા 19

વિશ્વની ત્રીજી મોટી ઓટો બજાર ભારતમાં પોતાના વીજ સંચાલિત વાહનો દોડતા કરવા એલન મસ્કની કંપનીએ તૈયારી શરૂ કરી દીધી હોવાના સંકેત મળી રહ્યા છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ લિન્કડઈન તથા પોતાની વેબસાઈટ પર ટેસ્લાએ એક ડઝન જેટલા ઊંચા હોદ્દા માટે વિજ્ઞાપન જારી કરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત વેળાએ એલન મસ્ક સાથે થયેલી મંત્રણામાં ટેસ્લાને ભારતમાં તેના વાહનોના વેચાણ માટે સહમતિ સધાઈ હોવાનું જણાય છે. ટેસ્લાએ નોકરી માટે આપેલી વિજ્ઞાપનમાં કરાયેલા વર્ણન પરથી જણાય છે કે તે મુંબઈમાં વેચાણ એકમ, સર્વિસ



તથા ટેકારૂપ નેટવર્ક સ્થાપવા ઈરાદો ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં ટેસ્લાના વીજ વાહનો દોડતા થાય તેવી સરકાર અને મસ્ક દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ ભારતમાં જ વાહનોના ઉત્પાદન અને ઊંચા ટેરિફને કારણે સરકાર સાથેની અગાઉની બે મંત્રણા સફળ રહી નહોતી. મોદી સાથેની મુલાકાત બાદ એલન મસ્ક હવે ભારતમાં પોતાના વાહનો દોડતા કરવા ત્રીજી વખત પ્રયાસ કરી રહ્યા છે. ભારતમાં વિદેશી કારો પર જંગી ટેરિફને કારણે ટેસ્લાની કારની કિંમત અહીં ઘણી ઊંચી થવા જાય છે, જે તેના વેચાણમાં અવરોધરૂપ બની શકે છે તેમ લાગતા ટેસ્લાએ ડ્યૂટી ઘટાડવા માગણી કરી હતી જે સરકારે અગાઉ માન્ય રાખી નહોતી. આ ઉપરાંત ટેસ્લા તેના વાહનોનું ભારતમાં જ ઉત્પાદન કરે તેવા સરકારના આગ્રહને પણ કંપનીએ માન્ય રાખ્યો નહતો. જો કે સરકારે હવે ૪૦,૦૦૦ ડોલરથી વધુના વીજ વાહનો પરની ઈમ્પોર્ટ ડ્યૂટી ઘટાડી ૭૦ ટકા કરી છે. ટેસ્લાના ભારતમાં આગમન સાથે દેશમાં ઓટો બજારમાં ચિત્ર બદલાતુ જોવા મળશે અને વીજ સંચાલિત વાહનોના ફેલાવામાં વધારો જોવા મળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

## ટ્રમ્પ પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા બાદ USમાં નવા ક્રિપ્ટો ETF ફાઈલિંગમાં વધારો

(એજન્સી) મુંબઈ । તા 19

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ ફરી પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ નવા ક્રિપ્ટો એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ) ફાઈલિંગમાં નોંધપાત્ર વધારો થયો છે. વૈશ્વિક ક્રિપ્ટો એક્સચેન્જ બિનાન્સના રિપોર્ટ પ્રમાણે હાલમાં અમેરિકામાં સક્રિય ક્રિપ્ટો ફાઈલિંગની સંખ્યા ૪૭ પર પહોંચી ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ ક્રિપ્ટોકરન્સીસની તરફેણમાં હોવાથી તેમના શાસનકાળ દરમિયાન ક્રિપ્ટોકરન્સીસને નિયમનકારી માળખા હેઠળ આવરી લેવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ક્રિપ્ટો કરન્સીસમાં સીધા રોકાણ કરવાનું ટાળી ઈટીએફસ મારફત રોકાણ કરવામાં આકર્ષણ વધી રહ્યાનું પણ જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત અહેવાલ પ્રમાણે વર્તમાન મહિનામાં એથરમ સ્પોટ ઈટીએફસમાં નેટ ૩૯.૩૦ કરોડનો નેટ ઈન્ફલોસ રહ્યો છે. વ ર્તમાન મહિનામાં અમેરિકામાં નવ એથરમ સ્પોટ ઈટીએફસનું લિસ્ટિંગ થયું છે. દરમિયાન અમેરિકા દ્વારા હાલમાં ચાલી રહેલી ટેરિફ વોર વચ્ચે ક્રિપ્ટો માર્કટમાં હાલમાં વોલેટિલિટી ઘટી ગયાનું જોવા મળી રહ્યું છે. નવેમ્બરના અંતથી બિટકોઈન ૯૧૦૦૦ ડોલરથી ૧૦૯૦૦૦ ડોલરની રેન્જમાં વેપાર થઈ રહી છે. વર્તમાન મહિનામાં બિટકોઈન ૯૫૦૦૦ ડોલર આસપાસ અથડાતો જોવા મળ્યો છે. બિટકોઈનની પાછળ અન્ય ક્રિપ્ટોસ જેમ કે એથરમ, એક્સઆરપી, બીએનબી પણ રેન્જ બાઉન્ડ રહ્યા કરે છે.

### ડિસેમ્બરમાં ક્રુડ તેલના બેરલ 70,600ની સામે જાન્યુઆરીમાં આયાત વધારી પ્રતિ દિન 2,18,400 બેરલ કરાઈ

# ટેરિફ વોરના અમલ પૂર્વે અમેરિકા ખાતેથી ક્રુડ તેલની આયાતમાં ધરખમ વધારો

(એજન્સી) મુંબઈ । તા 19

દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે એક સપ્તાહ પૂર્વે બેઠક યોજાઈ તે પહેલા જ ભારતે અમેરિકા સાથેના વેપાર સંબંધોને નવો વળાંક આપી દીધાનું જોવા મળી રહ્યું છે. અમેરિકા દ્વારા જાહેર કરાયેલી ટેરિફ વોરના અમલ પૂર્વે જ તેની અસર સામેથી રક્ષણ મેળવવા ભારતે આ આયાત વધારી હોવાનું માનવામાં આવે છે. ડોનાલ્ડ ટ્રમ્પની અમેરિકાના નવા પ્રમુખ તરીકેની વરણી થતાં જ વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં અમેરિકા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાત ડિસેમ્બરની સરખામણીએ ત્રણ ગણી જેટલી વધી ગઈ હતી.ડિસેમ્બર, ૨૦૨૪માં પ્રતિ દિન ૭૦૬૦૦ બેરલની સામે જાન્યુઆરીમાં ભારતે અમેરિકા ખાતેથી ક્રુડ તેલની પ્રતિ દિન ૨૧૮૪૦૦ બેરલ આયાત કરી હતી. આયાતમાં વધારા સાથે અમેરિકા ભારતનું ટોચનું પાંચમું ક્રુડ તેલ પૂરવઠેદાર બન્યું છે, એમ સરકારી ડેટા જણાવે છે. ૨૦૨૪માં અમેરિકા ખાતેથી ભારતે ૧૫ અબજ ડોલરના ક્રુડ તેલની ખરીદી કરી હતી જે વર્તમાન વર્ષમાં વધારી ૨૫ અબજ ડોલર કરવા ભારતે ટાર્ગેટ રાખ્યો છે. વિશ્વમાં ભારત ક્રુડ તેલનો ત્રીજો મોટો આયાતકાર દેશ છે. સરકારના ડેટા



પ્રમાણે ગયા મહિને રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલ આયાત ૪.૩૦ ટકા વધી પ્રતિ દિન ૧૫.૮૦ લાખ બેરલ રહી હતી. રશિયા હજુપણ ભારતનું ટોચનું પૂરવઠેદાર રહ્યું છે. અમેરિકાના પ્રતિબંધોને ધ્યાનમાં રાખતા આવનારા મહિનાઓમાં રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાતમાં ઘટાડો થવા સંભવ છે, કારણ કે ભારતની રિફાઈનરીઓ રશિયાની એવી કંપનીઓ પાસેથી ખરીદી કરશે જેના પર અમેરિકાના પ્રતિબંધ નથી, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. અમેરિકા દ્વારા રશિયાના ક્રુડ તેલની નિકાસ પર લાગુ કરાયેલા પ્રતિબંધોને કારણે રશિયાના સસ્તા તેલ મેળવતા દેશોએ પોતાના ક્રુડ તેલની જરૂરિયાતને પહોંચી વળવા નવા પૂરવઠેદારોની શોધ કરવાની ફરજ પડી છે.રશિયા બાદ ઈરાક ભારતને ક્રુડ તેલનો બીજો મોટો પૂરવઠેદાર દેશ રહ્યો છે. ટ્રમ્પના જેવા સાથે તેવા થવાની ચિમકી ઉચ્ચાર્યા બાદ ભારત સરકારં સંબધોમાં ઓટ આવે તે પૂર્વે જ અમેરિકા માંથી ક્રૂડ ઓઈલની આયાત વધારીને ટ્રમ્પને રીઝવવાનો પ્રયાસ કર્યો છે. જેથી કરીને ટ્રમ્પની ટેરિફની સુનામીમાં ભારતને મોટો ફટકો ન પડે. ભારત રશિયા પાસેથી નવેમ્બરમાં પ્રતિ બેરલ ૮૧.૨૪ ડોલર ચુકવતું હતું. જેમાં ભારતને ૨૦થી ૨૫ ટકા ડિસ્કાઉન્ટ મળતું હતું. ઈઝાયલ હમાસની વોર પછી ક્રુડના ભાવ ઘટયા. હાલમાં ક્રુડના ભાવ ૭૪ ડોલર છે. ટેક્સાસમાં હાલમાં પ્રતિ ડોલર ૭૦.૮૩ ભાવ છે. ભારતને ટેક્સાસઈથી ઓઈલ મંગાવવું મોંઘુ પડે છે. પરંતુ ટેરિફ વોરમાં ભારત ઢસડાયું છે.

## સેન્સેક્સ 28 પોઈન્ટ ઘટીને 75,939 પર બંધ : નિફ્ટી પણ 12 પોઈન્ટ ઘટ્યો

(એજન્સી) મુંબઈ । તા 19

શેરબજારમાં આજે એટલે કે 19મી ફેબ્રુઆરીએ ફ્લેટ ટ્રેડિંગ રહ્યું હતું. સેન્સેક્સ 28 પોઈન્ટના ઘટાડા સાથે 75,939 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 12 પોઈન્ટ ઘટીને 22,932ની સપાટીએ બંધ થયો હતો. તેમજ, BSE સ્મોલકેપ 1,071 વધીને 45,455 પર બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 17 ઘટ્યા અને 13માં તેજી રહી હતી. નિફ્ટીના 50 શેરોમાંથી 25 ઘટ્યા અને 25માં તેજી રહી હતી. NSE સેક્ટોરલ ઈન્ડેક્સના આઈટી સેક્ટરમાં સૌથી વધુ 1.30%નો ઘટાડો નોંધાયો હતો.

એશિયન બજારમાં, કોરિયાનો કોસ્પી 1.93%ની તેજી છે. હોંગકોંગનો હેંગ સેંગ 0.50% ઘટ્યો છે અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.54%ની તેજી છે. 18 ફેબ્રુઆરીના રોજ, વિદેશી રોકાણકારો (FII) એ 4,786.56



કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. આ દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DII) એ પણ 3,072.19 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

18 ફેબ્રુઆરીના રોજ, અમેરિકાનો ડાઓ જોન્સ 0.023%ની તેજી સાથે 44,556 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 0.24% વધીને 6,129 પર બંધ થયો. નેસ્ડેક 0.072% વધ્યો.

અગાઉ, ગઈકાલે એટલે કે 18 ફેબ્રુઆરીએ, સેન્સેક્સ 29 પોઈન્ટના ઘટાડા સાથે 75,967 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 14 પોઈન્ટ ઘટીને 22,945 પર બંધ થયો. તેમજ, BSE સ્મોલકેપ 772 પોઈન્ટ ઘટીને 44,384 પર બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 17 શેરોમાં ઘટાડો અને 13 શેરોમાં તેજી જોવા મળી હતી. નિફ્ટીના 50 શેરોમાંથી 32 શેરમાં ઘટાડો અને 18 શેરમાં વધારો જોવા મળ્યો. NSE સેક્ટોરલ ઈન્ડેક્સમાં, કન્ઝ્યુમર ડ્યુરેબલ ,સેક્ટરમાં સૌથી વધુ 1.36%નો ઘટાડો હતો.

## સોનાના ભાવમાં તેજી.. ચાંદીની કિંમતમાં કોઈ ફેરફાર નહી



(એજન્સી) મુંબઈ । તા 19

સોના ચાંદીના ભાવમાં ફરેફાર જોવા મળી રહ્યો છે. ક્યારેક સોનાના ભાવ વધે તો ક્યારેક ઘટી રહ્યા છે. ત્યારે આજે સોનાના ભાવની વાત કરીએ તો, સોનાની ચમક હજુ પણ અકબંધ છે. આજે સોનાના ભાવમાં વધારો થયો છે. 24 કેરેટ સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ 86950 પહોંચ્યો છે અને 22 કેરેટ સોનાનો ભાવ 79700 છે. 24 કેરેટ સોનાના ભાવમાં પ્રતિ ગ્રામ 33 રૂપિયાનો વધારો જોવા મળી રહ્યો છે અને 22 કેરેટ સોનામાં પ્રતિ ગ્રામ 30 રૂપિયાનો વધારો જોવા મળી રહ્યો છે. જ્યારે ચાંદીના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી.

ગુડ રિટર્ન્સના ડેટા અનુસાર, 24 કેરેટ સોનામાં પ્રતિ 10 ગ્રામ 330 રૂપિયાનો વધારો થઈ રહ્યો છે અને 22 કેરેટ સોનામાં પ્રતિ 10 ગ્રામ 300 રૂપિયાનો વધારો થઈ રહ્યો છે. ગઈકાલે 24 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ 86,620 હતો. આજે તે વધીને 86950 રૂપિયા થઈ ગયો છે. ગઈકાલે 22 કેરેટ સોનાનો ભાવ 79400 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતો. આજે તે 300 રૂપિયા વધીને 79700 રૂપિયા થઈ ગયો છે. ચાંદીના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. આજે પણ ચાંદીનો ભાવ 1,00500 રૂપિયા પ્રતિ કિલો છે.

વાયદા બજારમાં સોના અને ચાંદીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. MCX પર 5 એપ્રિલના રોજ એક્સપાયર થઈ રહેલા સોનાના કોન્ટ્રેક્ટનો ભાવ 85504.00 રૂપિયા છે, જેમાં 449 રૂપિયાનો વધારો જોવા મળી રહ્યો છે. જ્યારે ચાંદીના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. 5 માર્ચે એક્સપાયર થઈ રહેલા કોન્ટ્રાક્ટના ભાવમાં પણ 355 રૂપિયાનો ઉછાળો જોવા મળી રહ્યો છે. 5 માર્ચે સમાપ્ત થતી ચાંદીનો ભાવ 95935.00 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો છે.

### 45 દિવસની અંદર રૂપિયા 6.17 કરોડ પરત કરવા જણાવ્યું

# SEBIએ આ કંપનીને બતાવી લાલ આંખ ફટકાર્યો 6 કરોડ રૂપિયાનો દંડ



(એજન્સી) મુંબઈ । તા 19

મૂડી બજાર નિયમનકાર સેબીએ માવાના શુગર્સના પ્રમોટરને કંપનીની સિક્યોરિટીઝમાં ઈનસાઈડર ટ્રેડિંગ દ્વારા મેળવેલા 6.17 કરોડ રૂપિયા પરત કરવા માટે આદેશ આપ્યો છે. સપ્ટેમ્બર 2017થી ફેબ્રુઆરી 2018ના સમયગાળા દરમિયાન માવાના શુગર્સ લિમિટેડ (MSL)ના પ્રમોટર અને ખાસ સલાહકાર સિદ્ધાર્થ શ્રીરામની ટ્રેડિંગ પ્રવૃત્તિઓની તપાસ કર્યા પછી સેબીએ આ આદેશ આપ્યો હતો, જ્યારે તેમની પાસે અપ્રકાશિત ભાવ-સંવેદનશીલ માહિતી (UPSI) હોવાનો આરોપ હતો. વધુમાં તમને જણાવી દઈએ કે નિયમનકારે કૃષ્ણ શ્રીરામને 24 નવેમ્બર, 2017થી આ આદેશની તારીખ સુધી ગણતરી મુજબ વાર્ષિક 12 ટકાના દરે વ્યાજ સાથે 45 દિવસની અંદર રૂપિયા 6.17 કરોડ પરત કરવા જણાવ્યું છે. જો નોટિસ આપનાર વ્યક્તિ આ ઓર્ડરની તારીખથી 45 દિવસની અંદર વ્યાજ સાથે રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે તો રકમની વાસ્તવિક ચુકવણીની તારીખ સુધી વ્યાજ વધતું રહેશે. નિયમનકારે આદેશમાં જણાવ્યું હતું કે નોટિસ મેળવનાર પાસેથી ઉપાડેલી રકમ રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળમાં જમા કરવામાં આવશે.

### કંપનીએ આ નિયમનું કર્યું ઉલ્લંઘન

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)એ બજારના ધોરણો અને પ્રોહિબિશન ઓફ ઈનસાઈડર ટ્રેડિંગ (PIT) નિયમોની જોગવાઈઓના સંભવિત ઉલ્લંઘનોને શોધવા માટે તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં સિદ્ધાર્થ શ્રીરામનું મે 2021માં મૃત્યુ થયું હતું અને મૃત્યુ પછી, સિદ્ધાર્થના શેર તેમના પુત્ર અથવા તેમના કાયદેસર વારસદાર કૃષ્ણ શ્રીરામને ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. MSLની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાયેલી ડિરેક્ટર બોર્ડની યાદી (13 ઓગસ્ટ, 2024 ના રોજ) પરથી SEBIને જાણવા મળ્યું કે નોટિસ આપનાર (કૃષ્ણ શ્રીરામ) MSLના 'બોર્ડના અધ્યક્ષ' છે. આમ, રિફંડની વિભાવનાની આસપાસની કાયદાકીય જોગવાઈઓ અને પૂર્વધારણાઓને ધ્યાનમાં રાખીને સિદ્ધાર્થ શ્રીરામના કાનૂની વારસદાર/કાનૂની પ્રતિનિધિ તરીકે, કૃષ્ણ શ્રીરામ, UPSIના કબજામાં હોવા છતાં MSLના શેરમાં વેપાર કરીને બચાવેલા ખોટા નફા/નુકસાનને પરત કરવા માટે જવાબદાર છે.

## ઈન્ડિયા પોસ્ટમાં 2025માં ગ્રામીણ ડાક સેવકની ભરતી માટે મોટી તક



(એજન્સી) મુંબઈ । તા 19

ઈન્ડિયા પોસ્ટમાં 2025માં ગ્રામીણ ડાક સેવક (GDS) ની ભરતી માટે મોટી તક છે. આ ભરતી અભિયાનમાં કુલ 21,413 ખાલી જગ્યાઓ ભરવામાં આવશે, જે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, છત્તીસગઢ, દિલ્હી, રાજસ્થાન, હરિયાણા, ઝારખંડ અને મધ્યપ્રદેશ સહિતના ઘણા રાજ્યોમાં હાથ ધરવામાં આવશે. આ તક 10મું પાસ યુવાનો માટે ખાસ છે, કારણ કે આ ભરતીમાં કોઈ લેખિત પરીક્ષા લેવામાં આવશે નહીં અને પસંદગી માત્ર 10મા માર્ક્સ પર આધારિત હશે. રસ ધરાવતા ઉમેદવારો સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને આ પોસ્ટ્સ માટે અરજી કરી શકે છે. ઈન્ડિયા પોસ્ટની આ ખાલી જગ્યા માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 3 માર્ચ 2025 છે. આ ભરતીમાં વિવિધ જગ્યાઓ પર નિમણૂકો કરવામાં આવશે. આમાં મુખ્યત્વે બ્રાન્ચ પોસ્ટ માસ્ટર (BPM) અને આસિસ્ટન્ટ બ્રાન્ચ પોસ્ટ માસ્ટર (ABPM) અથવા ડાક સેવકની જગ્યાઓનો સમાવેશ થાય છે. કુલ પોસ્ટ્સમાંથી વિવિધ કેટેગરીના ઉમેદવારો માટે એક નિશ્ચિત સંખ્યા પણ બહાર પાડવામાં આવી છે, જેથી તમામ શ્રેણીઓને તકો મળે. આ ભરતી માટે ઉમેદવારોએ માન્ય બોર્ડમાંથી 10મું પાસ કરેલ હોવું જોઈએ. તેઓ જે રાજ્યમાં અરજી કરી રહ્યા છે તે રાજ્યની સ્થાનિક ભાષાનું જ્ઞાન હોવું જોઈએ, કારણ કે આ ભાષા તેમના ધોરણ 10મા અભ્યાસનો આધારે હોય છે. વય મર્યાદા 18થી 40 વર્ષ નક્કી કરવામાં આવી છે. જો કે, અનામત વર્ગના ઉમેદવારોને વયમાં છૂટછાટ મળશે, પરંતુ રાજ્ય બહારના ઉમેદવારોને કોઈ છૂટછાટ નહીં મળે. પસંદ કરાયેલા ઉમેદવારોને બ્રાન્ચ પોસ્ટ માસ્ટર (BPM) માટે રૂ. 12,000 થી 29,380 અને સહાયક બ્રાન્ચ પોસ્ટ માસ્ટર (ABPM)/ડાક સેવક માટે રૂ. 10,000 થી 24,470 સુધીનો માસિક પગાર આપવામાં આવશે.

# અદાણી કેસની તપાસમાં US રેગ્યુલેટરે ભારત પાસે માંગી મદદ...

(એજન્સી) મુંબઈ । તા 19

ભારતીય અબજોપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામેના કથિત લાંચ કેસમાં નવો ખુલાસો થયો છે. અમેરિકન રેગ્યુલેટર દ્વારા કોર્ટમાં ફાઈલિંગમાં કહેવામાં આવ્યું છે કે યુએસ સેકરે હવે આ મામલાની તપાસ માટે ભારત પાસેથી મદદ માંગી છે. રિપોર્ટ અનુસાર, યુએસ રેગ્યુલેટરે ન્યૂયોર્ક ડિસ્ટ્રિક્ટ કોર્ટને કહ્યું છે કે તેની ફરિયાદ ગૌતમ અદાણી અને સાગર અદાણીને મોકલવાના પ્રયાસો ચાલુ છે. આ સમગ્ર મામલો 265 મિલિયન ડોલર (લગભગ 2029 કરોડ રૂપિયા) નો છે.

મીડિયા રિપોર્ટ મુજબ, યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને અબજોપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામે યુએસ $ 265 મિલિયનના કથિત છેતરપિંડી અને લાંચના કેસની તપાસમાં ભારત સરકાર પાસેથી મદદની વિનંતી કરી છે. ગયા વર્ષે નવેમ્બર 2024માં, યુએસ રેગ્યુલેટરે ગૌતમ અદાણી અને અન્ય લોકો પર 2020-2024 વચ્ચે રાજ્ય પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ સાથે સોલર એનર્જી કોન્ટ્રાક્ટ મેળવવા માટે અધિકારીઓને $265 મિલિયન (આશરે રૂ. 2,029 કરોડ)ની લાંચ આપવાનો આરોપ મૂક્યો હતો.

US Sec કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં ન્યૂયોર્ક ડિસ્ટ્રિક્ટ કોર્ટને જણાવ્યું છે કે તેની ફરિયાદ ગૌતમ અદાણી અને સાગર અદાણીને મોકલવાના પ્રયાસો ચાલુ છે. આ માટે ભારતના




કાયદા અને ન્યાય મંત્રાલય પાસેથી મદદ માંગવામાં આવી છે.

યુએસમાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઈસી) એ ગૌતમ અદાણીના ભત્રીજા સાગર અદાણી, અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના અધિકારીઓ અને અન્ય ફર્મ એઝ્યુર પાવર ગ્લોબલ લિમિટેડના એક્ઝિક્યુટિવ સિરિલ કેબનેસ સામે પણ આરોપો દાખલ કર્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર, સાત અન્ય પ્રતિવાદીઓ સાથે, તેમની રિન્યુએબલ એનર્જી કંપની માટે કોન્ટ્રાક્ટ મેળવવા અને ભારતનો સૌથી મોટો સોલાર પાવર પ્લાન્ટ પ્રોજેક્ટ વિકસાવવા માટે ભારતીય સરકારી અધિકારીઓને આશરે $265 મિલિયનની લાંચ આપવા સંમત થયા હતા. અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનના વહીવટ દરમિયાન કરવામાં આવેલા આ આરોપો અંગે સ્પષ્ટતા આપતાં અદાણી જૂથે તેમને પાયાવિહોણા ગણાવ્યા હતા. જૂથ દ્વારા આપવામાં આવેલી સ્પષ્ટતામાં કહેવામાં આવ્યું હતું કે, 'આ આરોપો પાયાવિહોણા છે. જો કે, આ માત્ર આરોપો છે, જ્યાં સુધી પ્રતિવાદી દોષિત સાબિત ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ ગણવામાં આવે છે. તમામ સંભવિત કાયદાકીય પગલાં લેવામાં આવશે. કંપની દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે અદાણી ગ્રુપે હંમેશા તમામ ક્ષેત્રોમાં પારદર્શિતા અને નિયમનકારી નિયમોનું પાલન કર્યું છે અને તે કરવાનું ચાલુ રાખશે.

## 2024માં બર્ગાન્ડી પ્રાઈવેટ હૂરૂન ઈન્ડિયામાં 36 કંપની ગુજરાતની, સંખ્યા ગતવર્ષની તુલનાએ પાંચ વધી

# ‘બર્ગાન્ડી પ્રાઈવેટ હુરુન ઈન્ડિયા 500’માં ભારતની સૌથી મૂલ્યવાન કંપનીઓમાં ગુજરાતની 36 કંપની સામેલ

(એજન્સી) અમદાવાદ । તા. 19

એક્સિસ બેન્કનો ખાનગી બેન્કિંગ બિઝનેસ બર્ગાન્ડી પ્રાઈવેટ અને હુરુન ઈન્ડિયાએ ભારતની ટોચની 500 મૂલ્યવાન કંપનીઓની ચોથી આવૃત્તિ 2024 બર્ગાન્ડી પ્રાઈવેટ હુરુન ઈન્ડિયા 500 રજૂ કરી છે. તેમાં સામેલ કંપનીઓને તેમની વેલ્યૂના આધારે ક્રમ આપવામાં આવે છે. જેમાં લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ અને નોન લિસ્ટેડ કંપનીની વેલ્યૂએશનને ધ્યાનમાં લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે, આ યાદીમાં ભારતમાં હેડક્વાર્ટર ધરાવતી કંપનીઓ સામેલ છે. જેમાં સરકારી અને વિદેશી તથા ભારતીય પેટા કંપનીઓ સામેલ નથી. ‘2024 બર્ગાન્ડી પ્રાઈવેટ હુરુન ઈન્ડિયા 500’ યાદીમાં સમાવેશ કરવા માટે, કંપનીઓનું લઘુત્તમ મૂલ્ય 9,580 કરોડ રૂપિયા હોવું આવશ્યક છે, જે 13 ડિસેમ્બર 2024ના રોજ 1.1 અબજ ડોલર જેટલું છે. આ યાદીમાં સામેલ કંપનીઓની સરેરાશ આયુ 43 વર્ષ છે. ‘2024 બર્ગાન્ડી પ્રાઈવેટ હુરુન ઈન્ડિયા 500’ કંપનીઓની કુલ વેલ્યૂ રૂ. 3.24 લાખ કરોડ (3.8 લાખ કરોડ યુએસ ડોલર) છે. ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન, બીએસઈ સેન્સેક્સ 27 ટકા, નિફ્ટી 50 30 ટકા અને એસએન્ડપી બીએસઈ 500 38 ટકા વધ્યો હતો. આ રિપોર્ટ રજૂ કરતાં એક્સિસ બેન્કના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર અમિતાભ ચૌધરીએ જણાવ્યું હતું કે, “બર્ગાન્ડી પ્રાઈવેટ ફરી એકવાર હુરૂન ઈન્ડિયા સાથે ભાગીદારીમાં ભારતની 500 સૌથી મૂલ્યવાન કંપનીઓની યાદી રજૂ કરવા બદલ ઉત્સુક છે. 2024 બર્ગાન્ડી પ્રાઈવેટ હુરુન ઈન્ડિયા 500 રિપોર્ટ ભારતના કોર્પોરેટ લેન્ડસ્કેપનો એક નોંધપાત્ર સ્નેપશોટ છે, જે અભૂતપૂર્વ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે. વ્યૂહરચનાઓનો પુનર્વિચાર, ઈનોવેશન્સ અને નવી વાસ્તવિકતાઓને અનુરૂપ આ વર્ષની યાદીમાં સ્થાન મેળવેલી કંપનીઓએ તેમના સંબંધિત ઉદ્યોગોમાં લીડર્સ તરીકે શ્રેષ્ઠ ઉદાહરણ




પૂરુ પાડ્યું છે. તેમણે ગ્રોથની તકોનો લાભ લીધો છે. અગાઉ કરતાં વધુ ગતિશીલ બનેલા મૂડી બજારોમાં આ કંપનીઓએ પોતાનું વિઝન, ટકાઉપણું અને અડગતાની મદદથી તેમના સ્ટેકહોલ્ડર્સ માટે મૂલ્યોનું સર્જન કર્યું છે. બર્ગાન્ડી પ્રાઈવેટ હુરુન રિપોર્ટ માટે પ્રવેશ મર્યાદા આ વર્ષે 43% વધી 9,580 કરોડ રૂપિયા થઈ છે, જેનાથી દરેક કંપનીની વેલ્યૂ લગભગ એક અબજ ડોલર થઈ છે. જે ભારતની વધતી જતી આર્થિક ક્ષમતાનો પુરાવો છે. આ કંપનીઓએ 84 લાખ લોકોને રોજગાર આપ્યો છે. જે રૂ. 2.2 લાખ કરોડનો ટેક્સ અને સીએસઆર હેઠળ રૂ. 10939 કરોડ ફાળવી દેશા આર્થિક માળખાને મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે. આ 500 કંપનીઓની કુલ 3.8 લાખ કરોડ ડોલરની વેલ્યૂ ભારતના જીડીપી ઉપરાંત યુએઈ, ઈન્ડોનેશિયા અને સ્પેનના સંયુક્ત જીડીપી કરતાં પણ વધુ છે. એક્સિસ બેન્ક ખાતે ભારતની વિકાસ યાત્રામાં ટેકો આપવા બદલ ગર્વ અનુભવીએ છીએ. બર્ગાન્ડી પ્રાઈવેટ દ્વારા, અમે અમારા ગ્રાહકોને પરિવર્તનશીલ રોકાણ તકોનો લાભ લેવા માટે સશક્ત બનાવીએ છીએ, અમારા ’વન એક્સિસ’ ઈકોસિસ્ટમની મદદથી અમે અનુરૂપ વેલ્થ મેનેજમેન્ટ સોલ્યુશન્સ પૂરા પાડીએ છીએ. અમારી એયુએમ વાર્ષિક ધોરણે 31 ટકા વધી 24 અબજ ડોલર સાથે અમે ભારતના સૌથી ધનિક પરિવારો માટે વિશ્વસનીય ભાગીદાર તરીકેનું સ્થાન જાળવી રાખ્યું છે. 2024નો રિપોર્ટ રજૂ કરતી વખતે અમે નવી તકોનું સર્જન કરવામાં તેમજ ભારતને 5 લાખ કરોડ ડોલરની ઈકોનોમી બનવાના લક્ષ્યાંકને વેગ આપવામાં આ કંપનીઓની પરિવર્તનશીલ ભૂમિકા જોવા માટે ઉત્સુક છીએ.” હુરૂન ઈન્ડિયાના ફાઉન્ડર અને ચીફ રિસર્ચર અનસ રહેમાન જુનૈદે આ અંગે જણાવ્યું હતું કે, “2024 બર્ગાન્ડી પ્રાઈવેટ હુરુન ઈન્ડિયા 500ની કંપનીઓ ભારતના ખાનગી ક્ષેત્ર માટે ’કરોડરજ્જુ’ સમાન છે, જે નોંધપાત્ર આર્થિક પ્રભાવ ધરાવે છે.

## દેશની ટોચની કંપની અદાણી વિલમરે સતત આઠમા વર્ષે 'ગ્રેટ પ્લેસ ટુ વર્ક' સર્ટિફિકેશન મેળવ્યું

(એજન્સી) મુંબઈ । તા. 19

ભારતની ટોચની ફૂડ અને એફએમસીજી કંપનીઓ પૈકી એક અદાણી વિલમર લિમિટેડ (એડબ્લ્યૂએલ)ને સતત આઠમા વર્ષે ’ગ્રેટ પ્લેસ ટુ વર્ક’ના પ્રમાણપત્રથી બિરદાવવામાં આવી છે. કંપનીના કર્મચારીઓ પાસેથી મેળવવામાં આવેલા સીધા પ્રતિસાદના આધારે તૈયાર કરવામાં આવેલા વ્યાપક સર્વેને અનુલક્ષીને અદાણી વિલમરને આ પ્રમાણપત્ર આપવામાં આવ્યો છે.આ અજોડ સફળતા બ્રાન્ડને એવા પસંદગીના જૂથોમાં સ્થાન આપે છે, જે કાર્યસ્થળે સતત સકારાત્મક અને સહાયક માહોલ પૂરો પાડવા પ્રોત્સાહન આપે છે. આ વર્ષે ’ગ્રેટ પ્લેસ ટુ વર્ક’ સર્વેના પ્રમાણિકતા, આદર, ન્યાયીપણું, ગૌરવ અને મિત્રતાના તમામ માપદંડોમાં અદાણી વિલમરના સ્કોરમાં નોંધપાત્ર સુધારો થયો છે. જે નોંધનીય છે. આ પરિણામો કંપનીના કર્મચારીઓની સુખાકારી, વૃદ્ધિ અને જોડાણને પ્રાથમિકતા આપવાની મજબૂત પ્રતિબદ્ધતાનો પુરાવો છે. અનામી સર્વેમાં 91 ટકા કર્મચારીઓએ ભાગ લીધો હતો, તેમણે અદાણી વિલમર ખાતે કર્મચારી અનુભવમાં અમૂલ્ય માહિતી આપી હતી.

આ અંગે કંપનીના ચીફ હ્યુમન રિસોર્સ ઓફિસર શ્રી સિદ્ધાર્થ ઘોષે જણાવ્યું કે, “સતત આઠમા વર્ષે ‘ગ્રેટ પ્લેટ ટુ વર્ક’ તરીકેનું બહુમાન મળવા બદલ અમે ગર્વ અનુભવીએ છીએ. અમારા સ્કોર્સમાં સુધારા સાથે સતત બહુમાન, કાર્યસ્થળે અમારા કર્મચારીઓને સન્માન, મૂલ્યો પ્રદાન કરવા ઉપરાંત સશક્ત બનાવવાના પ્રયાસોનું પ્રમાણ છે. અમે ઈન્ક્લુઝિવિટી, ઈનોવેશન, અને ગ્રોથની સંસ્કૃતિને વેગ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરીએ છીએ. આ બહુમાન અમારા લોકો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પુનઃવ્યાખ્યાયિત કરે છે. અમને વિશ્વાસ છે કે, અમે ‘ગ્રેટ પ્લેસ ટુ વર્ક’નું પ્રમાણ જાળવી રાખીશું.” અદાણી વિલમર સમાવેશીકરણને વેગ આપે છે. અદાણી વિલમર એક સમાવિષ્ટ અને સશક્ત સંગઠનાત્મક સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે જ્યાં વિવિધ વિચારોનો આદર કરવામાં આવે છે. કંપની સમાનતાને પ્રોત્સાહન આપે છે અને એક એવો માહોલ ઉભો કરે છે જે કર્મચારીઓને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરે છે. અદાણી વિલમર લિ. ખાતે માલિકી અને આંત્રપ્રિન્યોરશિપની સંસ્કૃતિ કર્મચારીઓને તેમની ભૂમિકાઓમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પ્રેરણા આપે છે. એમ્પ્લોયી સ્ટોક ઓપશન્સ પ્લાન (ESOP) કર્મચારીઓને કંપનીના લાંબા ગાળાના લક્ષ્યો સાથે સંરેખિત કરવા માટે એક શક્તિશાળી સાધન પૂરુ પાડે છે.

## રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેકના કામને કારણે રેલ ટ્રાફિક પ્રભાવિત રહેશે

રાજકોટ : પશ્ચિમ રેલવે ના રાજકોટ મંડળ માં સ્થિત રાજકોટ-હાપા સેક્શનમાં સ્થિત પડધરી-ચાણોલ-હડમતીયા ખાતે ડબલ ટ્રેકના કામ માટે બ્લોક લેવામાં આવશે જેના કારણે રેલ ટ્રાફિક પ્રભાવિત થશે. પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

રદ કરાયેલી ટ્રેનો: ટ્રેન નંબર 09525 હાપા-નાહરલગુન સ્પેશિયલ 26.02.2025 ના રોજ રદ ટ્રેન નં. 09526 નાહરલગુન-હાપા સ્પેશિયલ 01.03.2025 ના રોજ રદ.

આંશિક રીતે રદ થયેલી ટ્રેનો: ટ્રેન નં. 22959 વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ 20.02.2025 થી 03.03.2025 સુધી વડોદરાથી રાજકોટ દોડશે. આ રીતે આ ટ્રેન રાજકોટ-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નં. 22960 જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ 21.02.2025 થી 04.03.2025 સુધી રાજકોટથી વડોદરા દોડશે. આ રીતે આ ટ્રેન જામનગર-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રીશેડ્યૂલ કરાયેલી ટ્રેનો: ટ્રેન નંબર 22969 ઓખા-બનારસ એક્સપ્રેસ 27.02.2025 ના રોજ ઓખાથી 2 કલાક મોડી એટલે કે 16.05 વાગ્યે રવાના થશે. ટ્રેન નં. 15635 ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ 21.02.2025 અને 28.02.2025 ના રોજ ઓખાથી 3 કલાક 30 મિનિટ મોડી એટલે કે 15.45 વાગ્યે ઉપડશે.

માર્ગ માં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનો: ટ્રેન નંબર 12268 હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ 20.02.2025 થી 03.03.2025 સુધી માર્ગ માં 15 મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

## નાયસસ ફાઈનાન્સની દુબઈ શાખા UAE માર્કેટમાં તેના પગપેસારાને વધુ ઊંડાણમાં વિસ્તારશે

(એજન્સી) મુંબઈ । તા. 19

નાયસસ ફાઈનાન્સ સર્વિસીસ કો. લિમિટેડ (BSE-NISUS | 544296 | INE0DQN01013), શહેરી માળખાગત સુવિધાઓ અને માળખાગત ફાઈનાન્સમાં વિશેષતા ધરાવતી એક પ્રખ્યાત રોકાણ વ્યવસ્થાપન પેઢી, એ જાહેરાત કરતા આનંદ અનુભવે છે કે દુબઈ સ્થિત ભંડોળ સલાહકાર નાયસસ ફાઈનાન્સ ઈન્વેસ્ટમેન્ટ કન્સલ્ટન્સી FZCO દ્વારા નાયસસ ઉચ્ચ ઉપજ વૃદ્ધિ ભંડોળ ક્લોઝ્ડ-એન્ડેડ IC (ધ ફંડ) અને તેની સાથે સંકળાયેલ યોજના માટે ધિરાણ એકત્ર કરવામાં સહાય માટે, એક અગ્રણી વૈશ્વિક રોકાણ બેંક, હૌલિહાન લોકી (NYSE: HLI) ને જાળવી રાખવામાં આવી છે. અમેરિકા, યુરોપ, મધ્ય પૂર્વ અને એશિયા-પેસિફિકમાં મજબૂત હાજરી ધરાવતી અગ્રણી નાણાકીય સંસ્થા, હૌલિહાન લોકી, વિલીનીકરણ અને સંપાદન, મૂડી બજારો, નાણાકીય પુનર્ગઠન અને નાણાકીય અને મૂલ્યાંકન સલાહકારમાં નિષ્ણાત છે. LSEG (અગાઉનું રિફિનિટિવ) દ્વારા પૂરા પાડવામાં આવેલા માહિતી અનુસાર વ્યવહારોની સંખ્યાના આધારે, આ પેઢી છેલ્લા સતત દસ વર્ષથી યુ.એસ.માં નંબર 1 M&A સલાહકાર અને સતત અગિયાર વર્ષથી નંબર 1 વૈશ્વિક પુનર્ગઠન સલાહકાર તરીકે ક્રમાંકિત રહી છે. નાયસસ ઉચ્ચ ઉપજ વૃદ્ધિ ભંડોળએ DIFC-રજિસ્ટર્ડ કેટેગરી 3C ફંડ છે, જે દુબઈ ફાઈનાન્શિયલ સર્વિસીસ ઓથોરિટી (DFSA) દ્વારા લાયક રોકાણ કરેલ મિલકત ભંડોળ તરીકે નિયંત્રિત થાય છે. તે ગલ્ફ રિજનમાં ઉચ્ચ-ઉપજ, સ્થિર, ભાડા-કમાણી કરતી સંપત્તિઓ હસ્તગત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે 20% થી વધુ યુએસ ડોલર IRR ને લક્ષ્ય બનાવે છે. ફંડે પહેલાથી જ બે મુખ્ય દુબઈ મિલકતો, જુમેરાહ વિલેજ સર્કલ (JVC) અને અલ ફુરજાનમાં મૂડી જમાવી દીધી છે, જેનું કુલ રોકાણ મૂલ્ય USD 55 મિલિયન છે. નાયસસ ફાઈનાન્સની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, નાયસસ ફાઈનાન્સ ઈન્વેસ્ટમેન્ટ કન્સલ્ટન્સી FZCO, ફંડના વિશિષ્ટ રોકાણ સલાહકાર તરીકે સેવા આપે છે. શહેરી માળખાગત રોકાણોમાં વિશેષતા ધરાવતા અગ્રણી વૈકલ્પિક ભંડોળ મેનેજર, નાયસસ ફાઈનાન્સ હાલમાં ત્રણ ભંડોળનું સંચાલન કરે છે, વિસ્તરણ માટે વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ સાથે, નાયસસ ફાઈનાન્સે તાજેતરમાં દુબઈના DIFCના શેખ ઝાયેદ રોડ પર એક નવી ઓફિસનું ઉદ્ઘાટન કર્યું, જેમાં નવ રોકાણ વ્યાવસાયિકોની વરિષ્ઠ ટીમનો સ્ટાફ છે.તાજેતરના પ્રારંભિક જાહેર ઓફર પછી, કંપની ભંડોળ લાઈસન્સનું વિસ્તરણ, નવી મૂડી એકત્ર કરવા અને તેના રોકાણ વ્યવસ્થાપન માળખાને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

## કેમ્બ્રિજે વધતી માંગને કારણે કર્યુ ચેકપોઈન્ટ ટેસ્ટ સીરીઝનું વિસ્તરણ

(એજન્સી) કેમ્બ્રિજ, યુકે । તા. 19

કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ એન્ડ એસેસમેન્ટ (કેમ્બ્રિજ) ખાતે ઈન્ટરનેશનલ એજ્યુકેશન ગ્રુપે આજે તેની કેમ્બ્રિજ ચેકપોઈન્ટ ટેસ્ટની શ્રેણીના વિસ્તરણની જાહેરાત કરી છે, જે શાળાઓને પ્રાથમિક અને નીચલા માધ્યમિક વિદ્યાર્થીઓની શીખવાની જરૂરિયાતોને ઓળખવામાં મદદ કરવામાં તેમની ભૂમિકા માટે મૂલ્યવાન છે. ગયા વર્ષે 101 દેશોમાં 1,600 થી વધુ શાળાઓએ કેમ્બ્રિજ ચેકપૉઈન્ટ પરીક્ષણોનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના શિક્ષણાર્થીઓના પ્રદર્શનને માપદંડ બનાવવા માટે કર્યો હતો અને કેમ્બ્રિજ વધતી વૈશ્વિક માંગને પહોંચી વળવા માટે 2026થી મે અને ઑક્ટોબર પરીક્ષણોના વિકલ્પ તરીકે માર્ચમાં ત્રીજી ટેસ્ટ શ્રેણી શરૂ કરી રહી છે. તે દરેક શ્રેણી માટે એક સપ્તાહનું સમયપત્રક પણ રજૂ કરી રહ્યું છે અને શાળાઓની જરૂરિયાતોને અનુરૂપ મે શ્રેણીને પછીની તારીખોમાં લઈ જઈ રહ્યું છે. કેમ્બ્રિજ ચેકપોઈન્ટ ટેસ્ટ ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાનમાં પ્રગતિનું મૂલ્યાંકન કરે છે અને સામાન્ય રીતે કેમ્બ્રિજ પ્રાથમિક (ઉંમર 10 થી 11) અથવા લોઅર સેકન્ડરી માધ્યમ (ઉંમર 13 થી 14) ના અંતે શિક્ષણાર્થીઓ દ્વારા લેવામાં આવે છે. પરીક્ષણો કેમ્બ્રિજ પરીક્ષકો દ્વારા ચિહ્નિત કરવામાં આવે છે અને દરેક શાળાને વ્યક્તિગત અને જૂથ પ્રદર્શન પર દેખરેખ રાખવામાં મદદ કરવા માટે ડાયગ્નોસ્ટિક ફીડબેક રિપોર્ટ પ્રાપ્ત થાય છે. આ અહેવાલ શાળાઓને તેમના શીખનારાઓની જરૂરિયાતો વિશે માહિતગાર નિર્ણયો લેવા અને વિશ્વભરની કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ સ્કૂલોની સરખામણીમાં તેમના શિક્ષણાર્થીઓએ કેવું પ્રદર્શન કર્યું છે તે સમજવા માટે સક્ષમ બનાવે છે. આંતરરાષ્ટ્રીય શિક્ષણની વૃદ્ધિને અનુરૂપ કેમ્બ્રિજ ચેકપોઈન્ટ પરીક્ષણોની માંગ વધી રહી છે. કેમ્બ્રિજને 2024માં કેમ્બ્રિજ પ્રાઈમરી અને લોઅર સેકન્ડરી ચેકપોઈન્ટ માટે 300,000 થી વધુ એન્ટ્રીઓ મળી હતી, જેમાં પ્રાથમિક કસોટીની એન્ટ્રીઓમાં 13%નો વધારો થયો હતો.

## અશોક લેલેન્ડનું સીએસઆર એક્સેલન્સ માટે પ્રતિષ્ઠિત મધર ટેરેસા એવોર્ડથી સન્માન કરાયું

(એજન્સી) અમદાવાદ । તા. 19

હિન્દુજા જૂથની ભારતની મુખ્ય અને દેશની ટોચની કમર્શિયલ વાહન ઉત્પાદક કંપની અશોક લેલેન્ડને લોયોલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (એલઆઈબીએ) ખાતે આયોજિત એક કાર્યક્રમમાં મધર ટેરેસા એવોર્ડ ફોર કોર્પોરેટ સિટિઝન ઓફ ધ યર 2024થી સન્માનિત કરાઈ હતી. તમિલનાડુ સરકારના ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ડિજિટલ સર્વિસીસના માનનીય મંત્રી ડો. પલાનીવેલ થિયાગરાજન દ્વારા અશોક લેલેન્ડની સીએસઆર ટીમને આ એવોર્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.




1998માં સ્થાપિત મધર ટેરેસા એવોર્ડ ફોર કોર્પોરેટ સિટિઝન એક પ્રતિષ્ઠિત સન્માન છે, જે અસાધારણ સામાજિક જવાબદારી, સામુદાયિક કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને પર્યાવરણીય સાતત્યતા પર મહત્તમ ધ્યાન કેન્દ્રિત કરતી સંસ્થાઓને માન્યતા આપે છે. ભારતીય કોર્પોરેટ ક્ષેત્રના અત્યંત પ્રતિષ્ઠિત એવા આ એવોર્ડ્સ એવી કંપનીઓની કામગીરીને બિરદાવે છે કે જે વંચિત સમુદાયો પર કાયમી અને અર્થસભર અસર સર્જવા માટે વ્યાવસાયિક જવાબદારીઓથી વિશેષ કામગીરી કરે છે. અશોક લેલેન્ડના એમડી અને સીઈઓ શ્રી શેનુ અગ્રવાલે જણાવ્યું હતું કે, ‘અશોક લેલેન્ડ ખાતે, અમે કોર્પોરેટ સામાજિક જવાબદારીને અમારી બિઝનેસ ફિલોસોફીના એક અભિન્ન ભાગ તરીકે જોઈએ છીએ. રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતા વૈશ્વિક કક્ષાનાં વાહનોનાં ઉત્પાદનથી વિશેષ છે, કારણ કે આપણે સમુદાયોનું ઉત્થાન કરવા, પર્યાવરણનું સંરક્ષણ કરવા અને અર્થપૂર્ણ પરિવર્તન લાવવા આતુર છીએ. મધર ટેરેસા એવોર્ડ હાંસલ કરવો એ એક મહાન સન્માન અને સાતત્યપૂર્ણ અને સમાવિષ્ટ ભવિષ્યના નિર્માણ માટેના અમારા પ્રયત્નોની પુષ્ટિ છે. અમારા રોડ ટુ સ્કૂલ અને રોડ ટુ લાઈવલીહુડ પ્રોગ્રામ્સ સતત અર્થપૂર્ણ અસરો સર્જી રહ્યા છે, જે હવે પાંચ લાખથી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચી ગયા છે. આ વર્ષે, અમે 92,000 નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો છે જેનો અમને ગર્વ છે, અને અમે નાણાકીય વર્ષ 2026માં વધુ 1,00,000 વિદ્યાર્થીઓને ઉમેરીને વધુ વિસ્તરણ કરવાની તૈયારીમાં છીએ, જે શિક્ષણ અને સશક્તિકરણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત કરશે.‘ અશોક લેલેન્ડના સીએસઆર અને કોર્પોરેટ બાબતોના શ્રી બાલચંદર એનવીએ જણાવ્યું હતું કે, ‘અમારી સીએસઆર પહેલ સંપૂર્ણ અને લાંબા ગાળાની અસર પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે વધુ સારા સમાજના નિર્માણના અમારા દ્રષ્ટિકોણ સાથે સુસંગત છે.

## બજાજ આલિયાન્ઝ લાઈફે ઉદ્યોગમાં પહેલી વખત 30 વર્ષના ડિફરમેન્ટ વિકલ્પ સાથે ગેરેન્ટેડ પેન્શન ગોલ II લોન્ચ કર્યું

(એજન્સી) પૂણે । તા. 19

ભારતની ટોચની ખાનગી જીવન વીમા કંપનીઓ પૈકીની એક બજાજ આલિયાન્ઝ લાઈફ ઈન્સ્યોરન્સે આજે બજાજ આલિયાન્ઝ લાઈફ ગેરેન્ટેડ પેન્શન ગોલ II લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે ગ્રાહકોને તેમના નિવૃત્તિના આયોજનને સંચાલિત કરવામાં મદદ કરવા માટે રચાયેલી નોન-લિંક્ડ, બિન-ભાગીદારી તાત્કાલિક અને ડિફર્ડ એન્યુઈટી પ્લાન છે. ઈન્ડસ્ટ્રીમાં પહેલી વખત 30 વર્ષ સુધી ડીફરમેન્ટના ફીચર સાથે આ નવીન પેન્શન યોજના 35 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓને તેમના નાણાકીય ભવિષ્યને સુરક્ષિત કરવાનું શરૂ કરવા માટે સક્ષમ બનાવે છે, જે વહેલાસર નિવૃત્તિના આયોજન માટે અસાધારણ સુગમતા પ્રદાન કરે છે. બજાજ આલિયાન્ઝ લાઈફ દ્વારા તાજેતરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે 77 ટકા ભારતીયો જીવન વીમાને સુરક્ષિત અને તણાવમુક્ત નિવૃત્તિ માટે પોતાના પસંદગીના નાણાકીય સાધન તરીકે જુએ છે, જે સ્ટ્રક્ચર્ડ રિટાયરમેન્ટ પ્લાનિંગ તરફ વધતા જતા પરિવર્તનને દર્શાવે છે. અભ્યાસ એવું પણ સૂચવે છે કે યુવા વ્યાવસાયિકોમાં વહેલી નિવૃત્તિના આયોજનની જરૂરિયાત વિશે જાગૃતિ વધી રહી છે, કારણ કે તેઓ પાછળના વર્ષોમાં નાણાકીય સુરક્ષા અને સ્વતંત્રતા ઈચ્છતા હોય છે. બજાજ આલિયાન્ઝ લાઈફ ગેરંટેડ પેન્શન ગોલ II ગ્રાહકોની આ વિકસતી જરૂરિયાતોને સંબોધવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે ઈન્ડસ્ટ્રીમાં સૌથી પહેલી વખત 30 વર્ષનો ડિફર્ડ સમયગાળો ઓફર કરે છે.

તે વીમાધારકોને નાણાકીય સુગમતા જાળવી રાખીને વહેલાસર તેમની નિવૃત્તિનું ભંડોળ બનાવવાનું શરૂ કરવા સક્ષમ બનાવે છે. આ વ્યૂહાત્મક ઓફર ગ્રાહકોને તેમની નિવૃત્તિના આયોજન પર નિયંત્રણ રાખવાની ખાતરી આપે છે, જેનાથી તેઓ આત્મવિશ્વાસ, સ્થિરતા અને માનસિક શાંતિ સાથે નિવૃત્ત થઈ શકે છે.

# સંતને પરિચયની જરૂર નથી હોતી ને સંતને પ્રસિદ્ધિ મેળવવામાં રસ પણ નથી હોતો

જ્યારે ભગવાન એ મથુરા નો ત્યાગ કર્યો ને દ્વારિકા વસાવી ને ત્યાર થી ગુજરાત ની ભૂમિ સંત મહાત્માં અને ગુરુઓનું નિવાસ્થાન બની ગયું. “માગ્યું મે નથી અને કર્મ માં પણ દરિદ્રતા નથી” એવા સુદામાજી એ પોતાનાથી થયેલ ભૂલ બદલ “અપ્રતિગ્રહી વ્રત” નામનું વ્રત ધારણ કરીને પૂર્ણ પરમાત્મા શ્રી કૃષ્ણ ને પ્રાપ્ત કર્યા.ભગવાન શ્રી કૃષ્ણ એ માત્ર છ મહિના ના સાથને આજીવન દોસ્તી સમજી ને ત્રણ મુઠી તાંબુલ માં ભવોભવ ની દારિદ્રતા સુદામાની દૂર કરી હતી.દેશ વિદેશ ના લોકો ભારત ભૂમિ માં ભ્રમણ કરતા કરતા જ્યારે ગુજરાતમાં પગ મૂકે છે ત્યારે એ લોકો ભોજન,અતિથિ સત્કાર,સ્થળો વગેરેના વખાણ કરતા થાકતાં નથી.મહેમાનો ના મુખ માંથી માંથી “ગુજરાત ની પોઝિટિવ એનર્જીના સ્પર્શ થી મન ભરાય જાય છે” સુખ શાંતિ અને આનંદ નો અનુભવ થાય છે.

જ્યારે કાર્તિકેય સ્વામી ના રૂપમાં દેવો ને સેનાપતિ પ્રાપ્ત થયા ત્યારે સેનાપતિ રાજા મુચકુંદ એ ઈન્દ્ર પાસે નિંદ્રા નું વરદાન માંગીને ગિરનારની ગુફામાં નિંદ્રાધીન થયા હતા. રાજા મુચકુંદ એ ઈન્દ્ર ના વરદાન ના લીધે આંખ ખોલી એ ભેગા દાનવ રાજ કાળયવન ભસ્મ થઈ ગયો હતો. વિચારો ગિરનારની ગુફામાં યુગો ના યુગો સુધી નિંદ્રાધીન રાજા મુચકુંદને નિંદ્રામાં સહેજ પણ ખલેલ ન પહોંચે એનું પ્રાણી પક્ષીઓ અને મનુષ્ય સમેત બધા એ ધ્યાન રાખ્યું. જ્યાં નિયમિત અલખની રંજન ની હાકલ પડે છે ત્યાં દાનવો ક્ષણવાર પણ ટકતા નથી. ભગવાન ભોળાનાથ અને ભગવાન શ્રી કૃષ્ણ ની કૃપા થી સંતો,ગુરુઓની સાધના ગુજરાતની ભૂમિ પર અવિરત ચાલ્યા કરતી હોય છે.

સંત ને પરિચયની જરૂર નથી હોતી ને સંત ને પ્રસિદ્ધિ મેળવવામાં રસ પણ નથી હોતો. સંતો લોક કલ્યાણ ના ઉમદા કાર્યો અને ઈશ્વરની સાધનામાં લીન રહેવાનું પસંદ કરતા હોય છે. ગુજરાત ની ચારેય દિશાઓ ઉતર દક્ષિણ, પૂર્વ,પશ્ચિમ બધેય ભક્તોને સંતોના આશીર્વાદની અવિરત પ્રાપ્તિ થયા કરતી હોય છે.દેશ દુનિયામાં ફેમસ નથી પરંતુ એના પંથક માં લોક કલ્યાણ ના કાર્યો અને આધ્યાત્મિક દૃષ્ટિ એ સંતો લોકોમાં ફેમસ છે.ગુરુ એટલે શું? સંત ની વ્યાખ્યા શું થાય? આ વિશે સમજવું હોય તો વિસનગર ના પ્રસિધ્ધ સંત શ્રી ગોપીનાથજી મહારાજ ના જીવન ને સમજવું આવશ્યક છે. ઈ.સ ૧૨૧૨ માં સિદ્ધપુર ક્ષેત્રે કૃષ્ણપક્ષ ના ફાગણ વદ અગિયારસ ના શુભ દિવસે માતા ચંપાવતી અને પિતા લક્ષ્મીધરજી ને ત્યાં સંત શ્રી ગોપીનાથજી મહારાજ નો જન્મ થયો હતો. ઉતમ જન્મ નક્ષત્ર અને ઉતમ ભારદ્વાજ ગોત્ર ના વિસનગર ના બ્રાહ્મણ પરિવાર માં જન્મ થયો હતો.

પિતા લક્ષ્મીધર જી અને માતા ચંપાવતી ની નજર પુત્ર ના લલાટ પર પ્રથમ દૃષ્ટિ પડતા નિહાળ્યું કે લલાટ પર ની તેજસ્વિતા પરથી પારણા માં પોઢેલું બાળક સામાન્ય નથી નક્કી ઈશ્વર નો અંશ છે. પિતા લક્ષ્મીધર જી વિદ્વાન, સત્ય ના શોધક,વેદ, ઉપનિષદ વગેરે શાસ્ત્રો કંઠસ્થ હતા. ધાર્મિક બ્રાહ્મણ પરિવારમાં માતા પિતા ના શુદ્ધ ધાર્મિક આચાર વિચાર માં ઉછેરી રહેલા સંત શ્રી ગોપીનાથજી માં બાળપણ થી ધર્મ ના સંસ્કાર રગે રગ માં દોડતા હતા.પિતા લક્ષ્મીધરજી નો આશ્રમ સરસ્વતી નદી ના તટે બિંદુ સરોવર નજદીક હતો,આશ્રમ માં આસપાસ ના પંથક થી બાળકો શિક્ષા ગ્રહણ કરવા ત્યાં આવતા હતા.માત્ર ૭ વર્ષની આયુ એ એને અન્ય બાળ સહજ પ્રવૃતિ માં રસ નહતો એનું ધ્યાન માત્ર ને માત્ર “ઈશ્વર સ્મરણ” માં રહેતું હતું.આઠ વર્ષ ની ઉંમર એની ઉમર ના બાળકો ને માતા આગળ થી સાંભળેલી ધાર્મિક કથાઓ સંભળાવતા હતા. બાળપણ માં જન્મ દિવસ માં મળેલ ભેટ ઉપહાર વસ્ત્રો વગેરે નું ગરીબ બાળકો ને દાન કરતા હતા. “સંત ના દર્શન પારણે થી” આમ જ થોડું કીધું છે જયારે એનો એક મિત્ર બિંદુ સરોવર માં પડી ગયો ત્યારે એણે એને ખુદની પરવા કર્યા વગર બચાવ્યો હતો. પિતા લક્ષ્મીધરજી નો આશ્રમ સરસ્વતી નદી ના તટે બિંદુ સરોવર નજદીક સંત શ્રી ગોપીનાથજી ના યજ્ઞપવિત્ સંસ્કાર બાદ દ્વારકા ના શારદા મઠ ના આચાર્ય સચ્ચિદાનંદ મહાજન પાસે વેદ, ઉપનિષદ્, પુરાણ,દર્શન શાસ્ત્ર નો અભ્યાસ કર્યો હતો. ૧૮ વર્ષની આયુમા સંત શ્રી ગોપીનાથજી મહારાજ દર્શનશાસ્ત્ર અને ઉપનિષદ્ ના પંડિત બન્યા હતા.એની વકૃત્વ શક્તિ અને ઉમદા વાક છટા ને લીધે વિદ્વાનો માં નામના પ્રાપ્ત કરી હતી.



- રુપાલી દવે

૨૫ વર્ષ સુધી પૂર્ણ બ્રહ્મચર્ય વ્રત નું પાલન કર્યું હતું માતા પિતાના અવસાન બાદ સંત શ્રી ગોપીનાથજી મહારાજ એ ગોરાદ ના સિદ્ધિ દેવી સાથે લગ્ન કર્યાં હતા. લગ્ન માં સિદ્ધિ દેવી ના માતા શાંતા દેવી એ પુત્રી ને ત્રીસ વિઘા જમીન અને કૂવો આપ્યો હતો. જે રીતે જલારામ બાપા ના પત્ની વીરબાઈ નું સદાવ્રત આઠેય પ્રહર ચાલતું હતું આંગણે આવનાર અતિથિ અભ્યાગતો સંતો ને જમાડતા હતા. લોક વાયકા મુજબ સંત ને ત્યાં પુણ્ય આત્માઓનો સ્વયં ભગવાન વિષ્ણુ નો લક્ષ્મીજી સાથે નિવાસ રહેતો હોય છે.આ વાત ને સાર્થક સંત શ્રી ગોપીનાથજી ના પત્ની સિદ્ધિ દેવી પણ વીરબાઈ ની માફક કરી હતી. માતા દ્વારા પુત્રીદાન નિમિતે પ્રાપ્ત થયેલ ત્રીસ વિઘા જમીન અને કૂવો પતિની સંમતિ લઈને બ્રાહ્મણો ને દાન માં આપી દીધા હતા. માણસ માં અન્ય માણસ ને આપવાની ઈચ્છા થવી એ મોટી વાત છે તો વિચારો દાન કરવું એ કેટલી મોટી વાત હશે? સિદ્ધિ દેવી પતિ ના પગલા નું અનુસરણ કરતા ગૌ સેવા,અતિથિ અભ્યાગતો ની સેવા,ગરીબો ને મદદ કરવી વગેરે સાથે એનું શુચિત્વ અને સ્ત્રીત્વ લોકો મુખે પ્રશંસનીય રહેતું હતું. “અવિભાગા દ્વૈત“ વિશે સતત આત્મ ચિંતન મનન કર્યા બાદ સંત શ્રી ગોપીનાથજી એ સિદ્ધાંત નું અનુમોદન કર્યું. સંત શ્રી ગોપીનાથજી એ અનુભવ્યું કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ માં ભેદભાવ નથી ત્રણેય એક જ છે.મનુષ્ય એ મન થી પરમાત્મા નો આશ્રય અને સ્મરણ કરીને નિત્ય આશ્રય માં રહી એકાકાર બની જવું જોઈએ.શ્રી ગોપીનાથજી એ “યોગ ભાસ્કર” નામનો ગ્રંથ લખ્યો છે,ઋગ્વેદ ની ઋચાઓ નું અર્થઘટન કરતો ગ્રંથ, રામાયણ ગ્રંથ લખ્યો છે પરંતુ પૂર્ણ કર્યો નથી.ઊંઝા ગામે આવેલ કામેશ્વર મહાદેવ મંદિર ના ઘુમ્મટ વિશે ૧૩૫૯ માં લખાયેલ લેખ માં કડવા પાટીદાર સમાજના લગ્ન નો અને શુદ્ધિ ક્રિયા માટેના કુલગુરુ શ્રી ગોપીનાથજી નો ઉલ્લેખ કર્યો છે.ધોળકા,પાટણ, કડાણા ના પંથક ના રાજવીઓ અને પ્રજાજનો ને સમભાવે ઉપદેશ આપીને ઠેર ઠેર મંદિરો માં. ભગવાન શ્રી રામ ની મૂર્તિઓ ની પ્રતિષ્ઠા કરાવી હતી.આશરે પાંચસો સીતેર વર્ષ પહેલા સમગ્ર નાગર સમાજ સાથે અન્ય સમાજને “રામ નામ અને ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ સમર્પણ ભાવ” રાખવાનું સમજાવ્યું હતું. સંત શ્રી ગોપીનાથજી મહારાજ નું મૃત્યુ ક્યારે થયું કે એ ક્યાં પ્રસ્થાન કરીને ગયા એની માહિતીઓ પ્રાપ્ત નથી. પરંતુ વર્તમાન સમયમાં પણ એની વિસનગર સ્થિત સ્થાને બેઠેલ એના વંશજ “સંત શ્રી ગોપીનાથજી મહારાજ” ના નીતિ નિયમો અને વિચારો નું દ્રઢતા થી પાલન કરે છે. સંતો ને એક જગ્યા પર વધારે સમય વિતાવો ગમતો નથી એતો અહર્નિશ એક સ્થળે થી બીજા સ્થળે લોકોના આત્મ કલ્યાણ અને ધર્મના પ્રચાર હેતુ ફર્યા કરતા હોય છે. સંતોની માનસિક દશા વિરહી ગોપીઓ જેવી હોય છે એના જીભ પર “રામનામ” અને ભૂખ, નિદ્રા માટે સમય નથી.વરસો પહેલા નિયમિત સાત દિવસમાં એકવાર એક સંત મારે ત્યાં “વાટકી મગની ફોતરાવાળી દાળ અને બે ચમચી શીંગ તેલ” ભિક્ષા માં લેવા આવતા હતા. એકવાર મેં કુતુહલ વશ પૂછ્યું કે બાબાજી,મગની ફોતરાવાળી દાળ સાથે વાટકી ચોખા આપું. બાબાજી કીધું કે બેટા, ભોજન પર્યાપ્ત માત્રામાં થાય તો દેહ ને આળસ કરવાનું મન ન થાય.

ગીતમાં દેખાડવામાં આવેલા બે સીન સામે વાંધો આ ગીતની શરૂઆતમાં અક્ષયકુમાર શિવલિંગને પકડીને બેઠો જોવા મળે છે. ગીતમાં જ્યારે શિવલિંગ પર અભિષેક કરવામાં આવે ત્યારે અક્ષયકુમારે શિવલિંગ પકડેલું હોય છે અને ગીતના બીજા સીનમાં બાબા મહાકાલની જેમ, શિવલિંગને ભસ્મ અર્પણ કરવામાં આવે છે.

# અક્ષયકુમારનું ગીત રિલીઝ થતાં જ વિવાદમાં ઘેરાયું...!



## 'મહાકાલ ચલો' પર સનાતન ધર્મના અપમાનનો આરોપ, મહાકાલેશ્વરના પૂજારી થયા ગુસ્સે...

**સનાતન ધર્મ સાથે વારંવાર ચેડાં પંડિત મહેશ શર્માએ કહ્યું હતું** કે ફિલ્મજગતના લોકો વારંવાર આ રીતે હિન્દુ સનાતની ધર્મ સાથે રમત ન કરે અને ધાર્મિક નેતાઓ અને આચાર્યો ચૂપ ન રહે. તેમણે સનાતન ધર્મની પ્રણાલીઓ વિરુદ્ધ જોરદાર અવાજ ઉઠાવવો જોઈએ અને તેનો વિરોધ પણ કરવો જોઈએ, તો જ દેશમાં સનાતન ટકી શકશે.

પંડિત મહેશ શર્માએ કહ્યું કે ફક્ત ભગવો પહેરીને તમારા અંગત કામ કરાવવાથી કંઈ પ્રાપ્ત થશે નહીં. હું એવા લોકોની નિંદા કરું છું જેઓ ફક્ત પોતાના અંગત સ્વાર્થ પૂરા કરવા માટે સનાતન ધર્મ વિશે વાત કરે છે. હું આ વીડિઓમાં બતાવેલા સીનની પણ નિંદા કરું છું.

(એજન્સી) મુંબઈ | તા.19

બોલિવૂડ સુપરસ્ટાર અક્ષયકુમારનું નવું ભક્તિગીત 'મહાકાલ ચલો' મહાશિવરાત્રિ પહેલાં રિલીઝ થઈ ગયું છે. જોકે, આ ગીત રિલીઝ થયું ત્યારથી જ વિવાદોમાં ઘેરાયેલું રહ્યું છે. ઉજ્જૈન મહાકાલ મંદિરના પૂજારી ફેડરેશનના પ્રમુખે અક્ષયકુમારના ગીત સામે વાંધો ઉઠાવ્યો છે. મહાકાલ મંદિરના પૂજારીએ ગીતની પ્રશંસા કરી પણ કેટલાક સીન પર નારાજગી પણ વ્યક્ત કરી.

'મહાકાલ ચલો' ગીત પર મહાકાલેશ્વરના પૂજારી ગુસ્સે થયા ઉજ્જૈનમાં મહાકાલ મંદિરના પૂજારી મહેશ શર્માએ 'મહાકાલ ચલો' ગીતના કેટલાક સીન સામે સખત વાંધો ઉઠાવ્યો છે અને તેને ધાર્મિક નગરી ઉજ્જૈનની પરંપરા માટે અયોગ્ય ગણાવ્યું છે અને ફિલ્મ જગતના લોકોને ચેતવણી પણ આપી છે કે આ રીતે હિન્દુ અને સનાતન ધર્મનું અપમાન ન કરવું જોઈએ.

ગીતમાં દેખાડવામાં આવેલા બે સીન સામે વાંધો આ ગીતની શરૂઆતમાં અક્ષયકુમાર શિવલિંગને પકડીને બેઠો જોવા મળે છે. ગીતમાં જ્યારે શિવલિંગ પર અભિષેક કરવામાં આવે ત્યારે અક્ષયકુમારે શિવલિંગ પકડેલું હોય છે અને ગીતના બીજા સીનમાં બાબા મહાકાલની જેમ, શિવલિંગને ભસ્મ અર્પણ કરવામાં આવે છે.

ઓલ ઈન્ડિયા પૂજારી ફેડરેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ અને મહાકાલ મંદિરના પૂજારી પંડિત મહેશ શર્માએ ગીતનો વિરોધ કરતા કહ્યું કે ગીતની શરૂઆતમાં 'મહાકાલ ચલો' શબ્દો કહેવામાં આવ્યા છે તે સારી વાત છે, પરંતુ ગીતમાં એક્ટર અક્ષયકુમાર શિવલિંગને બાથ ભરીને જોવા મળે છે. આ સમયે શિવલિંગનો અભિષેક કરવામાં આવે છે. અભિષેક દરમિયાન, શિવલિંગ સાથે વ્યક્તિ પર પંચામૃત ચઢાવવું, જે બિલકુલ ખોટું છે.

પંડિત મહેશ શર્માએ વધુમાં કહ્યું કે, બાબા મહાકાલનું વિશ્વપ્રસિદ્ધ શિવલિંગ એકમાત્ર શિવલિંગ છે જેના પર ભસ્મ ચઢાવવામાં આવે છે. આ સિવાય બીજે ક્યાંય ભગવાન શિવને ભસ્મ ચઢાવવામાં આવતી નથી, પરંતુ આ ગીત બનાવતી વખતે, કોઈપણ સ્ટુડિયોમાં ભગવાન શિવનું શિવલિંગ બનાવીને તેના પર ભસ્મ ચઢાવવું અને પોતાના પર ભસ્મ ચઢાવવાનું દૃશ્ય દર્શાવવું અયોગ્ય છે.

આવા સીનથી ઉજ્જૈનની પરંપરાને નુકસાન પહોંચે છે પંડિત મહેશ શર્મા અનુસાર, ગીતમાં આવા સીનથી ઉજ્જૈનની પરંપરાને નુકસાન થાય છે. આના કારણે ભક્તોના મનમાં લાગણીઓ વિકૃત થાય છે અને સનાતન ધર્મ પર પણ આંગળીઓ ઊંચી થાય છે. આવાં ગીતો પર પ્રતિબંધ મૂકવો જોઈએ. અગાઉ પણ આવી જ ભૂલ થયેલી છે, જેની સામે અમે અવાજ ઉઠાવ્યો હતો.

## મુંબઈના જુહુ વિસ્તારમાં ફ્લેટ લીધો...

# અમૃતા સિંઘનો વધુ એક પ્રોપર્ટી સોદોઃ18 કરોડનો ફ્લેટ ખરીદ્યો..



મુંબઈ : સારા અલી ખાનની માતા અમૃતા સિંઘે મુબંઈના જુહુમાં ૨૭૧૨.૯ સ્કે. ફૂટ ક્ષેત્રફળ ધરાવતો ૧૮ કરોડની કિંમતનો ફ્લેટ ખરીદ્યો છે. જેની સાથે ૩ કાર પાર્કિંગ પણ સામેલ છે.

આ પ્રોપર્ટી ડીલમાં અમૃતા સિંઘે ૯૦ લાખ રૂપિયા સ્ટેમ્પ ડ્યુટી અને ૩૦,૦૦૦ રુપિયા રજિસ્ટ્રેશનના ચુકવ્યા છે. આ જગ્યાનો ભાવ પ્રતિ વર્ગ ૬૬,૩૫૯ રૂપિયા છે.

ઉલ્લેખનીય છે કે, ઓકટોબર ૨૦૨૪માં અમૃતા અને તેની દીકરી સારા અલી ખાન બંનેએ મુંબઈના અંધેરી વેસ્ટમાં ૨૨. ૨૬ કરોડ રૂપિયામાં બે કમર્શિઅલ સ્પેસ ખરીદી હતી. આ ઉપરાંત સારા અને અમૃતાએ ગત જુલાઈ ૨૦૨૩માં માતા સાથે મળીને મુંબઈના એક બિલ્ડિંગમા નવ કરોડ રૂપિયામાં એક ઓફિસ ખરીદી હતી.

# 'દેસી ગર્લ'ના અંદાજે ફરી ફેન્સનું દિલ જીત્યું...

## પ્રિયંકા ચોપરાએ સિગ્નલ પર ગાડી રોકી ગરીબ વ્યક્તિને મદદ કરી, વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ

(એજન્સી) મુંબઈ | તા.19

ગઈકાલે પ્રિયંકા ચોપરા હૈદરાબાદથી મુંબઈ પરત ફરી. આ દિવસોમાં, એક્ટ્રેસ બોલિવૂડમાં તેના કમબેકને લઈને ચર્ચામાં છે. ગયા મંગળવારે તે મુંબઈના કાલિના એરપોર્ટ પર જોવા મળી હતી. હવે પ્રિયંકાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં તે એક ગરીબ માણસને મદદ કરતી જોવા મળે છે.

પ્રિયંકાએ એક ગરીબ વ્યક્તિને મદદ કરી પ્રિયંકા કારમાં એરપોર્ટની બહાર આવતી જોવા મળી.


આ દરમિયાન, તે ગ્રે સ્વેટ પેન્ટ, મેચિંગ ગ્રે ટોપ અને કેપમાં કેઝ્યુઅલ લુકમાં જોવા મળી હતી. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા પ્રિયંકાના વીડિયોમાં, તે પોતાની કારમાં બેસીને એરપોર્ટની બહાર આવતી જોઈ શકાય છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે એક્ટ્રેસની કાર સિગ્નલ પર ઊભી હોય છે. જ્યાં કાર પાસે એક જરૂરિયાતમંદ માણસ તેની પાસે મદદ માગે છે.

એક્ટ્રેસના વાઈરલ વીડિયોના લોકોએ વખાણ કર્યા પ્રિયંકાએ તે માણસને જોયો અને તેને મદદ કરી. એક્ટ્રેસે પોતાની કારની અંદરથી પોતાનો હાથ કાઢ્યો અને તે જરૂરિયાતમંદ વ્યક્તિને થોડા પૈસા આપ્યા. પ્રિયંકાએ આ કરતી વખતે પોતાનો ચહેરો છુપાવ્યો હતો.

તે તેના ભાઈના લગ્ન અને ફિલ્મના શૂટિંગ માટે ભારત આવી હતી હાલ એક્ટ્રેસ ઘણા સમયથી ભારતમાં છે.

પ્રિયંકા ચોપરા તેના ભાઈ સિદ્ધાર્થ ચોપરાના લગ્નમાં હાજરી આપવા અને એસએસ રાજામૌલીની ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કરવા માટે ભારત આવી હતી.

એક્ટ્રેસના ભાઈના લગ્ન 7 ફેબ્રુઆરીએ થયા હતા. ભાઈ સિદ્ધાર્થ ચોપરાએ તેમની મંગેતર અને એક્ટ્રેસ નીલમ ઉપાધ્યાય સાથે લગ્ન કર્યા છે.



### પ્રિયંકાની ફિલ્મ 2026માં રિલીઝ થશે

પ્રિયંકાના આગામી પ્રોજેક્ટ વિશે વાત કરીએ તો, તે 2026 માં એસએસ રાજામૌલી દ્વારા નિર્દેશિત ફિલ્મ SSMB29 સાથે કમબેક કરશે. આ ફિલ્મમાં પ્રિયંકા સાથે સાઉથ સુપર સ્ટાર મહેશ બાબુ જોવા મળશે.

એક્ટ્રેસે ફિલ્મનું શૂટિંગ પણ શરૂ કરી દીધું છે. અહેવાલો અનુસાર, પ્રિયંકા આ ફિલ્મમાં ખલનાયકની ભૂમિકામાં જોવા મળશે. પ્રિયંકા અને મહેશ બાબુને સાથે જોવા માટે ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે.

## 'શૂટઆઉટ એટ લોખંડવાલા'ના શૂટિંગનો કિસ્સો, ડિરેક્ટરે કહ્યું- બંને અલગ અલગ સમયે સેટ પર આવતા હતા...

# 'અમિતજી બચ્ચન અને સંજયે એક પણ સીન સાથે શૂટ કર્યો નથી...'

(એજન્સી) મુંબઈ | તા.19

સંજય દત્તે અમિતાભ બચ્ચન સાથે ફિલ્મ 'શૂટઆઉટ એટ લોખંડવાલામાં' કામ કર્યું હતું. જોકે બંનેએ એક પણ સીન સાથે શૂટ કર્યો નથી. આ અંગે ફિલ્મના ડિરેક્ટર અપૂર્વ લાખિયાએ કહ્યું - આ ફિલ્મમાં અમિતાભ બચ્ચનના ઘણા સીન છે. પરંતુ તે સેટ પર ક્યારેય સંજય દત્તને મળ્યા નથી.



અમિતજી બપોરે 2 વાગ્યે આવતા હતા, જ્યારે સંજય દત્ત સાંજે 6 વાગ્યે આવતા હતા. અમિતજી સાંજે 5:30 વાગ્યે સેટ પરથી કામ પતાવીને નીકળી જતા હતા. બંનેએ ક્યારેય એક પણ સીન સાથે શૂટ કર્યો નથી. પણ જ્યારે તમે ફિલ્મ જોશો ત્યારે તમને આખી ફિલ્મ દરમિયાન બંને એકસાથે જોવા મળશે.

સાથેના સીનને બોડી ડબલ્સનો ઉપયોગ કરીને ફિલ્માવવામાં આવ્યા હતા અપૂર્વ લાખિયાએ કહ્યું, સાથેના સીન માટે, અમે સંજય દત્ત અને અમિતજીના બોડી ડબલ્સનો ઉપયોગ કર્યો હતો. અરબાઝ ખાન અને સુનીલ શેટ્ટી તેમના બધા સીન માટે સેટ પર હાજર હતા. ફિલ્મમાં તમને તેના જે પણ સીન જોવા મળશે, અમે તે ફક્ત બે દિવસમાં જ શૂટ કરી દીધા. અમે એક દિવસમાં લગભગ 30-40 સીન શૂટ કર્યા. સંજય દત્ત પોતાના ડાયલોગ્સ કો-એક્ટર સાથે શેર કરતા હતા અપૂર્વ લાખિયાએ કહ્યું, અમિતજીને સ્ક્રિપ્ટ પ્રમાણે તેમના બધા ડાયલોગ્સને યાદ રાખ્યા હતા. જોકે, સંજય દત્ત સુનીલ શેટ્ટી અને અરબાઝ ખાન સાથે પોતાના ડાયલોગ્સ શેર કરતા હતા કારણ કે તે તેમને યાદ રહેતા નહોતા. અંતે, 5 પાના વાંચ્યા પછી તે કહેતો - શું તમે મારા પર કેસ કરવા જઈ રહ્યા છો? અહીં અરબાઝ અને સુનીલ ડરી ગયા હતા કે હવે તેમને સંજય દત્તના કહેવાથી અમિતજીની જગ્યાએ તેમની સાથે સીન કરવા પડશે.

આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી 2007માં રિલીઝ થયેલી ફિલ્મ 'શૂટઆઉટ એટ લોખંડવાલા' 18 કરોડ રૂપિયાના બજેટમાં બની હતી.

આ ફિલ્મે વિશ્વભરમાં 46.04 કરોડની કમાણી કરી. આ ફિલ્મમાં વિવેક ઓબેરોય, તુષાર કપૂર અને અભિષેક બચ્ચન જેવા કલાકારો પણ જોવા મળ્યા હતા.

# કરને 'સ્ત્રી 2'ના વખાણ કર્યા

## કહ્યું- નાના બજેટ અને કોઈ મોટી સ્ટાર કાસ્ટ વગર બની, તો પણ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ...

(એજન્સી) મુંબઈ | તા.19

ફિલ્મ મેકર કરન જોહરે તાજેતરમાં ફિલ્મ 'સ્ત્રી 2' વિશે વાત કરી. તેમણે કહ્યું કે બોક્સ ઓફિસ પર ફિલ્મની સફળતા જોઈને તેમને ઘણી પ્રેરણા અને તાકાત મળી. કરને ફિલ્મના કલાકારોની પણ પ્રશંસા કરી.

કોમલ નાહટા સાથે વાત કરતા કરન જોહરે કહ્યું, જ્યારે હું ફિલ્મ 'સ્ત્રી 2'ની બોક્સ ઓફિસ પર સફળતા જોઉં છું, ત્યારે મને ખૂબ આનંદ થાય છે. આ મને ખૂબ પ્રેરણા આપે છે, કારણ કે આ ફિલ્મ મોટા સ્ટાર્સ વિના બનાવવામાં આવી છે. તેમાં કોઈ સુપરસ્ટાર નથી. બધો શ્રેય મેકર અને ડિરેક્ટરની મહેનત અને આત્મવિશ્વાસને જાય છે. બધા કલાકારો શાનદાર છે. રાજકુમાર રાવ, અભિષેક બેનર્જી, અપારશક્તિ ખુરાના અને શ્રદ્ધા કપૂરે ખૂબ સારું કામ કર્યું છે.

કરને આગળ કહ્યું, હું હંમેશા કહું છું કે આ ફક્ત ડિરેક્ટર કે સ્ટારનો સમય નથી, પરંતુ મેકર્સનો પણ સમય છે. જે રીતે એક પ્રોજેક્ટ બનાવવામાં આવે છે. પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવે છે અને રિલીઝ કરવામાં આવે છે. તે બધું ખૂબ જ મહત્વપૂર્ણ છે. જ્યારે તમે કોઈ ચોક્કસ સમયે તેને રિલીઝ કરો છો ત્યારે વ્યૂહરચના પણ ખૂબ મહત્વ ધરાવે છે. ફિલ્મની સફળતા માટે આ બધા પાસાં મહત્વપૂર્ણ છે. આ સ્ટુડિયો અને નિર્માતાનો સમય છે.

2024 માં રિલીઝ થઈ હતી 'સ્ત્રી 2' ફિલ્મ 'સ્ત્રી 2' 14 ઓગસ્ટ, 2024 ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં રાજકુમાર રાવ, પંકજ ત્રિપાઠી, અપારશક્તિ ખુરાના, શ્રદ્ધા કપૂર, અભિષેક બેનર્જી જેવા કલાકારો હતા.

આ ફિલ્મમાં વરુણ ધવન અને તમન્ના ભાટિયાએ કેમિયો રોલ કર્યા હતા. આ ફિલ્મનું દિગ્દર્શન અમર કૌશિક દ્વારા કરવામાં આવ્યું હતું.



# લાઇવ કોન્સર્ટ વચ્ચે અરિજિતે પિતાનો વીડિયો કોલ ઉઠાવ્યો

## સિંગરે ગીત ગાતાં-ગાતાં ફોન પર વાત કરી, સાદગી-સંસ્કાર પર ફેન્સ થયા ફિદા...



(એજન્સી) મુંબઈ | તા.19

એક સારા ગાયકની સાથે અરિજિત સિંહની ઓળખ ડાઉન ટુ અર્થ પર્સનાલિટીમાં પણ કરવામાં આવે છે. પોતાના ગીતો ઉપરાંત અરિજિતને લોકો તેની સાદગી માટે પણ પસંદ કરે છે. તેનો દયાળુ સ્વભાવ ઘણીવાર ચર્ચામાં રહે છે. આ દરમિયાન તેનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયો સિંગરના લાઈવ કોન્સર્ટનો છે. ઘણીવાર તેના કોન્સર્ટ દરમિયાન અરિજિત કંઈક એવું કરે છે, જે ચર્ચાનો વિષય બની જાય છે. આ વખતે પણ કંઈક આવું જ બન્યું.

કોન્સર્ટની વચ્ચે અરિજિતને તેના પિતાનો વીડિયો કોલ આવ્યો વીડિયોમાં અરિજિત સિંહ એક કોન્સર્ટમાં પર્ફોર્મ કરતો જોવા મળે છે. આ દરમિયાન સિંગરને તેના પિતાનો ફોન આવે છે અને અરિજિત ચાલુ કોન્સર્ટે ફોન ઉપાડીને જવાબ આપે છે. તેનો આ અંદાજ લોકોને ખૂબ જ પસંદ આવ્યો હતો અને તેનાં વખાણ પણ થયાં હતાં.



અરિજિત સિંહ ચંદીગઢમાં એક લાઈવ કોન્સર્ટમાં પર્ફોર્મ કરી રહ્યો હતો ત્યારે અચાનક તેનો મોબાઈલની રિંગ વાગી, કોન્સર્ટ દરમિયાન સિંગરને તેના પિતાનો વીડિયો કોલ આવ્યો હતો. આ સમયે અરિજિતે સોન્ગ ગાવાનું પણ શરૂ રાખ્યું અને ફોન પર ઈશારામાં વાત પણ કરતો જોવા મળ્યો. સિંગર એક ક્ષણ માટે તેના પિતા તરફ પ્રેમથી જુએ છે. આ પછી તે પોતાનો ફોન ફેરવે છે અને પ્રેક્ષકોને સ્ક્રીન બતાવે છે અને કહે છે - પપ્પાનો ફોન છે. ફેન્સે કર્યા અરિજિતનાં વખાણ મોબાઈલ સ્ક્રીન પર પોતાના પિતાને જોઈને અરિજિત 'લપતા લેડીઝ'નું 'ઓ સજની રે' ગીત પૂરા ભાવથી ગાતો રહ્યો. અરિજિતનો આ હાવભાવ તેના ફેન્સને ખૂબ પસંદ આવ્યો હતો. ઘણા લોકોએ ગાયકની સાદગી અને સંસ્કારની પ્રશંસા કરી.

અરિજિત બે નેશનલ એવોર્ડ જીતી ચૂક્યો છે વર્ક ફ્રન્ટની વાત કરીએ તો અરિજિત સિંહે 'રાબતા', 'તુમ હી હો', 'કભી જો બાદલ બરસે', 'ફિર ભી તુમકો ચાહુંગા' જેવાં ગીતો ગાયાં છે . આ સિવાય તેને બેસ્ટ સિંગિંગ માટે બે નેશનલ ફિલ્મ એવોર્ડ પણ મળ્યા છે. પહેલો એવોર્ડ 2018માં ફિલ્મ પદ્માવતના ગીત 'બિન્તે દિલ' માટે મળ્યો હતો, જ્યારે તેને 2022માં રિલીઝ થયેલા બ્રહ્માસ્ત્રના ગીત 'કેસરિયા' માટે બીજો એવોર્ડ મળ્યો હતો.

## અવિનાશ તિવારીએ કહ્યું- 15 વર્ષની મહેનત બાદ 'લૈલા મજનુ' ઓફર થઈ હતી...

# '3 વર્ષે ફિલ્મ બની અને 3 દિવસમાં ઉતરી ગઈ'

(એજન્સી) મુંબઈ | તા.19

એક્ટર અવિનાશ તિવારીએ જણાવ્યું છે કે 15 વર્ષના સંઘર્ષ પછી તેમને તેમની પહેલી ફિલ્મ 'લૈલા મજનુ' મળી. પરંતુ ફિલ્મ રિલીઝ થયાના માત્ર 3 દિવસ પછી જ સિનેમાઘરોમાંથી ઉતરી ગઈ. તેણે કહ્યું- તે એક ફિલ્મ મેળવવામાં મને 15 વર્ષ લાગ્યા. હું થાકી ગયો હતો કારણ કે મને ખબર નહોતી કે આગળ શું કરવું.

મેં આ ફિલ્મ પર 3 વર્ષ કામ કર્યું અને 3 દિવસમાં જ તેને થિયેટરમાંથી હટાવી દેવામાં આવી. મને ખબર નહોતી કે શું કરવું. મને થયું કે શું મારે બીજી ફિલ્મ માટે પ્રયાસ કરવો જોઈએ? અવિનાશે હોલિવૂડના પત્રકારો સાથેની મુલાકાતમાં આ વાતો કહી.

અભિનયની ડિગ્રી મેળવ્યા પછી પણ, તે કામ માટે ભટકતો રહ્યો અવિનાશે કહ્યું, 'મેં એક્ટિંગને અભ્યાસ તરીકે અપનાવ્યો. હું મારી જાતને તૈયાર કરવા માટે ન્યુ યોર્ક ગયો હતો. હું પાછો આવ્યો અને મને લાગ્યું કે હું તેના માટે તૈયાર છું. ડિગ્રી પછી તમને નોકરી મળે છે. આ વાત 2007ની છે. મેં વિચાર્યું હતું કે મારા માટે રેડ કાર્પેટ હશે, પણ એવું બિલકુલ નહોતું. મને ખબર પણ નહોતી કે ક્યાં જવું. પોતાના કામને DVD દ્વારા બતાવતો હતો તેમણે કહ્યું, હું મારા ફોટોગ્રાફ્સ કે પોર્ટફોલિયો સ્ટુડિયોમાં રાખવાનું ટાળતો હતો. મને ખબર હતી કે તે નકારવામાં આવશે. તેને કચરાપેટીમાં ફેંકી દેવામાં આવ્યો. તેથી, હું DVD બનાવતો હતો અને ફેમસ સ્ટુડિયોને બતાવતો હતો કે હું સ્ક્રીન પર કેવો દેખાઉં છું. હું ફિલ્મો કરવા માગતો હતો, પણ કામ મળતું ન હતું.



ફિલ્મે ફરીથી રિલીઝ થતાં ઘણી કમાણી કરી 2018માં રિલીઝ થયેલી ફિલ્મ 'લૈલા મજનુ' બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ હતી.

આ ફિલ્મ છ વર્ષ પછી ફરીથી રિલીઝ થઈ, રી-રિલીઝ કરતા ત્રણ ગણી વધુ કમાણી કરી. સેકાનિલ્કના મતે, ફિલ્મે ફરીથી રિલીઝ દરમિયાન 8.85 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. રિલીઝ સમયે ફિલ્મનું કલેક્શન 3.25 કરોડ રૂપિયા હતું.



# ટીમ ઈન્ડિયા પાસે 12 વર્ષ પછી ગોલ્ડન ચાન્સ!

(એજન્સી) મુંબઈ । તા 19

રોહિત શર્મા વિશ્વ ક્રિકેટમાં એક એવું નામ છે જેને હાલમાં કોઈ પરિચયની જરૂર નથી. તે લાંબા સમયથી ટીમ ઈન્ડિયાની સેવા કરી રહ્યો છે. વર્ષ 2013 માં ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની દ્વારા તેમને ઓપનરની ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તેને ક્યારેય પાછળ વળીને જોયું નથી.

આ પરિસ્થિતિમાં રમીને તેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઘણા રેકોર્ડ બનાવ્યા છે. ગયા વર્ષે T20 વર્લ્ડકપમાં ટીમને વિજય અપાવનાર રોહિત હવે ચેમ્પિયન્સ ટ્રોફીના પડકારનો સામનો કરી રહ્યો છે. જો રોહિત, જે એપ્રિલમાં 38 વર્ષનો થશે, તે દુબઈમાં ટીમને ખિતાબ સુધી પહોંચાડવામાં સફળ થાય છે, તો તે ઈતિહાસ રચશે અને ધોની પછી બે ICC ખિતાબ જીતનાર બીજો ખેલાડી બનશે.

રોહિત આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ કેપ્ટનશિપનો અનુભવ ધરાવતો ખેલાડી છે, જે ચોક્કસપણે તેને ફાયદો કરાવશે. અન્ય દેશોના કેપ્ટનોની વાત કરીએ તો, ડિફેન્ડિંગ ચેમ્પિયન પાકિસ્તાનનું નેતૃત્વ મોહમ્મદ રિઝવાન કરે છે, જેને તાજેતરમાં ઓસ્ટ્રેલિયામાં ODI સિરીઝ જીતવા માટે પોતાની ટીમનું નેતૃત્વ કર્યું હતું. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ન્યુઝીલેન્ડે મિચેલ સેન્ટનરને કેપ્ટનશીપ સોંપી છે. તેમની કેપ્ટનશીપ હેઠળ, કિવી ટીમે તાજેતરમાં પાકિસ્તાનમાં ત્રિકોણીય સિરીઝ જીતી છે, જેના કારણે તેનું મનોબળ ખૂબ ઊંચું છે. બાંગ્લાદેશનું તાજેતરનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું છે. આ પરિસ્થિતિમાં, કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોની ભારત, પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ સામે આકરી કસોટી થશે. આ પરિસ્થિતિમાં રમીને તેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઘણા રેકોર્ડ બનાવ્યા છે. ગયા વર્ષે T20 વર્લ્ડકપમાં ટીમને વિજય અપાવનાર રોહિત હવે ચેમ્પિયન્સ ટ્રોફીના પડકારનો સામનો કરી રહ્યો છે. જો રોહિત, જે એપ્રિલમાં 38 વર્ષનો થશે, તે દુબઈમાં ટીમને ખિતાબ સુધી પહોંચાડવામાં સફળ થાય છે, તો તે ઈતિહાસ રચશે અને ધોની પછી બે ICC ખિતાબ જીતનાર બીજો ખેલાડી બનશે.

ઈંગ્લેન્ડની ટીમ 2004 અને 2013માં આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચવામાં સફળ રહી હતી, પરંતુ ફાઈનલ જીતી શકી ન હતી. ટીમનું નેતૃત્વ જોસ બટલર કરશે, જેને તાજેતરમાં ભારત સામે 0-3થી સિરીઝ ગુમાવી હતી. પહેલી વાર ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમી રહેલી અફઘાનિસ્તાન ટીમ તરફથી દરેકને અપસેટની અપેક્ષા છે. કેપ્ટન હશમતુલ્લાહ શાહિદી પાસે કેપ્ટનશીપનો અનુભવ છે. ટેમ્બા બાવુમાના નેતૃત્વ હેઠળની દક્ષિણ આફ્રિકાની વાત કરીએ તો, તેઓ 1998 ના ઈતિહાસને પુનરાવર્તિત કરવા માંગશે, જ્યારે ટીમ આ ટુર્નામેન્ટની એકમાત્ર ચેમ્પિયન ટીમ બની હતી.

**સ્ટીવ સ્મિથ દુષ્કાળનો અંત લાવવાનો કરશે પ્રયાસ |** છેલ્લે ઓસ્ટ્રેલિયા વિશે વાત કરીએ, જેણે નિયમિત કેપ્ટન પેટ કમિન્સની ઈજાને કારણે અનુભવી ખેલાડી સ્ટીવ સ્મિથને કમાન સોંપી છે. ટીમ છેલ્લે 2009 માં ચેમ્પિયન બની હતી. આ પરિસ્થિતિમાં, સ્મિથ ટાઈટલ દુષ્કાળનો અંત લાવવાનો પ્રયાસ કરશે. આઠ ટીમોમાં સ્ટીવ સ્મિથ એકમાત્ર એવો કેપ્ટન છે જેને આ ટુર્નામેન્ટમાં ટીમનું નેતૃત્વ કરવાનો અનુભવ છે. સ્મિથની કેપ્ટનશીપ હેઠળ, ઓસ્ટ્રેલિયન ટીમે 2017 માં ચેમ્પિયન્સ ટ્રોફી રમી હતી પરંતુ તે ટાઈટલ જીતી શકી ન હતી.

**રોહિત 11 હજાર રન બનાવવાથી માત્ર 12 રન દૂર |** છેલ્લા કેટલાક મહિના રોહિત શર્મા માટે કેપ્ટન અને બેટ્સમેન તરીકે સારા રહ્યા નથી. તેની કેપ્ટનશીપ હેઠળ, ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સિરીઝ હારી ગઈ. પરંતુ સારી વાત એ હતી કે ભારતીય ટીમે ઈંગ્લેન્ડ સામે રમાયેલી ત્રણ મેચની ODI સિરીઝમાં ક્લીન સ્વીપ મેળવી. રોહિતે અત્યાર સુધીમાં 268 વનડેમાં 32 સદી સાથે 10,988 રન બનાવ્યા છે. આ પરિસ્થિતિમાં, તે 11 હજાર રન બનાવવાથી માત્ર 12 રન દૂર છે. ભારતીય ટીમના ફક્ત ત્રણ ભારતીય બેટ્સમેન સચિન, વિરાટ અને સૌરવ ગાંગુલી આ સિદ્ધિ મેળવી શક્યા છે.

# આઈસીસીની Champions Trophyમાં 1 ક્રિકેટર પાછળ 100 પાકિસ્તાની પોલીસકર્મી તૈનાત રહેશે

(એજન્સી) મુંબઈ । તા 19

પાકિસ્તાન પોલીસના જણાવ્યા અનુસાર મેચ રમવા આવેલા તમામ ખેલાડીઓની સુરક્ષા માટે લગભગ 12 હજાર પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. આ પોલીસ કર્મચારીઓ હોટલથી લઈને સ્ટેડિયમ સુધી ખેલાડીઓની સુરક્ષા કરશે. પાકિસ્તાનમાં 3 દાયકા બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ જ કારણ છે કે પાકિસ્તાન સરકાર નથી ઈચ્છતી કે ચેમ્પિયન્સ ટ્રોફીની મેચમાં સુરક્ષામાં કોઈપણ પ્રકારની ક્ષતિ થાય. ક્રિકેટ બોર્ડની ભલામણ પર પાકિસ્તાનના ગૃહ વિભાગે ખેલાડીઓની સુરક્ષા માટે મોટી સેના તૈનાત કરી છે. જિયો ટીવી અનુસાર, મેચ રમવા આવેલા ખેલાડીઓ માટે ત્રણ શહેરોમાં 12 હજાર પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. આ તમામ પોલીસકર્મીઓ ખેલાડીઓની સુરક્ષા કરશે.




ભારત સિવાય ICC ચેમ્પિયન્સ ટ્રોફી માટેની બાકીની 7 ટીમો પાકિસ્તાનમાં હાજર છે. જેમાં બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાના નામ મોખરે છે. આ તમામ ટીમોના 105 ખેલાડીઓ મેદાનમાં ઉતરશે. જિયો ટીવી અનુસાર, પાકિસ્તાન સરકારે લાહોરમાં 8 હજાર અને રાવલપિંડીમાં 5 હજાર પોલીસકર્મીઓને તૈનાત કરવાનો નિર્ણય લીધો છે.

પંજાબ પ્રાંતની પોલીસનું કહેવું છે કે સુરક્ષાને ધ્યાનમાં રાખીને 18 વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, 54 ડીએસપી, 135 ઈન્સ્પેક્ટર સ્તરના અધિકારીઓને સુરક્ષા માટે તૈનાત કરવામાં આવશે.

કોન્સ્ટેબલ સ્તરના લગભગ 10 હજાર પોલીસકર્મીઓ મેદાન પર તૈનાત રહેશે, જેઓ ખેલાડીઓની હોટલથી લઈને સ્ટેડિયમ સુધી સુરક્ષા પૂરી પાડશે. જો આંકડાઓ પર નજર કરીએ તો, એક ખેલાડી પર લગભગ 100 પાકિસ્તાની પોલીસ તૈનાત છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના આઈજી ડો. ઉસ્માન અનવરે કહ્યું કે રાષ્ટ્રીય, વિદેશી ખેલાડીઓ, અધિકારીઓ અને ક્રિકેટ ચાહકોને સંપૂર્ણ સુરક્ષા પૂરી પાડવામાં આવશે.

વર્ષ 2009માં શ્રીલંકાની ટીમ પર મેચ દરમિયાન હુમલો થયો હતો, જે બાદ ટીમને મેચની વચ્ચે જ પરત ફરવું પડ્યું હતું. આ વખતે પણ ઘણા દેશોએ પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થા પર સવાલ ઉઠાવ્યા હતા. ભારતે પાકિસ્તાન જવાની ના પાડી.

ભારતની તમામ મેચ દુબઈમાં રમાશે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન સરકાર આ વખતે એલર્ટ છે. જો પાકિસ્તાનમાં ફરીથી સુરક્ષામાં ખામી સર્જાશે તો તેના બોર્ડને ભવિષ્યમાં નુકસાન સહન કરવું પડી શકે છે.

પાકિસ્તાન ક્રિકેટ મેચોમાં પણ હોબાળો થયો છે. વર્ષ 1968માં કરાચીના નેશનલ સ્ટેડિયમમાં પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ દરમિયાન હંગામો થયો હતો. આવી જ રીતે 1969માં ન્યૂઝીલેન્ડ સામેની મેચ દરમિયાન અહીં પણ હંગામો થયો હતો. આ હંગામા બાદ ટીમો સ્ટેડિયમમાં મેચ રમવાથી દૂર રહેવા લાગી હતી. 1981માં વેસ્ટ ઈન્ડિઝ અને 1983માં ઓસ્ટ્રેલિયા સાથે પાકિસ્તાનની મેચ દરમિયાન અહીં હોબાળો થયો હતો.

# ટીમ ઈન્ડિયાના સભ્યના પિતાનું અવસાન, અચાનક દુબઈથી ઘરે જવા રવાના

(એજન્સી) મુંબઈ । તા 19

ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પહેલા, ભારતીય ટીમ એક ગંભીર સમસ્યાનો સામનો કરી રહી છે. ટીમના બોલિંગ કોચ મોર્ને મોર્કેલના પિતાનું અવસાન થયું છે, જેના કારણે તેમને દુબઈથી દક્ષિણ આફ્રિકામાં તેમના ઘરે પાછા ફરવું પડ્યું. ભારતીય ટીમ દુબઈ પહોંચ્યાના બે દિવસ પછી આ સમાચાર આવ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ ખુલાસો થયો છે કે મોર્કેલ આફ્રિકા પાછો ફર્યો છે, પરંતુ તે ક્યારે પાછો ફરશે તે અંગે કોઈ અપડેટ નથી. મીડિયા રિપોર્ટ મુજબ જ્યારે ભારતીય ટીમ સોમવાર, 17 ફેબ્રુઆરીના રોજ ટ્રેનિંગ માટે આવી ત્યારે મોર્કેલ ટીમ સાથે ન હતો, પરંતુ 16 ફેબ્રુઆરીએ તે ટીમ સાથે જોવા મળ્યો. મોર્કેલની ગેરહાજરી ભારતીય ટીમ માટે મોટો ઝટકો છે કારણ કે જસપ્રીત



બુમરાહ ઈજાના કારણે પહેલાથી જ ટીમની બહાર થઈ ગયો છે. મોહમ્મદ શમી ચોક્કસપણે ટીમનો ભાગ બની ગયો છે, પરંતુ તે પણ 14 મહિના પછી ઈજામાંથી સ્વસ્થ થઈને પરત ફર્યો છે. અર્શદીપ સિંહ અને હર્ષિત રાણાને ODI ફોર્મેટમાં બહુ અનુભવ નથી. તેથી મોર્કેલનું સ્વદેશ વાપસી ટીમ ઈન્ડિયા માટે કોઈ સમસ્યાથી ઓછું નથી. મોર્ને મોર્કેલે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ભારતીય ક્રિકેટ ટીમના બોલિંગ કોચનું પદ સંભાળ્યું હતું. મુખ્ય કોચ ગૌતમ ગંભીરના સપોર્ટ સ્ટાફમાં હાલમાં મોર્કેલ, અભિષેક નાયર અને રાયન ટેન ડોશેટનો સમાવેશ થાય છે. જ્યારે ટી દિલીપ ફિલ્ડિંગ કોચ તરીકે યથાવત છે. તાજેતરમાં, સીતાશુ કોટક ટીમ ઈન્ડિયામાં બેટિંગ કોચ તરીકે જોડાયો છે. ચેમ્પિયન્સ ટ્રોફી 2025 ભલે 19 ફેબ્રુઆરીથી શરૂ થશે, પરંતુ ટીમ ઈન્ડિયાનો પહેલો મુકાબલો 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે થશે.

# મુંબઈ ઈન્ડિયન્સની WPL 2025માં પહેલી જીત

(એજન્સી) મુંબઈ । તા 19

મહિલા પ્રીમિયર લીગની પહેલી સિઝનની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે WPL 2025માં પહેલી જીત મેળવી પોઈન્ટ ટેબલમાં ખાતું ખોલાવ્યું હતું. WPL 2025ની પોતાની પહેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને દિલ્હી કેપિટલ્સ સામે હારનો સામનો કરવા પડ્યો હતો. પહેલી મેચની હાર બાદ મુંબઈ ઈન્ડિયન્સ કેપ્ટન હરમનપ્રીતની આગેવાનીમાં જીત મેળવવા આજે મેદાનમાં ઉતરી હતી. ગુજરાત સામેના મુકાબલામાં મુંબઈએ દમદાર પ્રદર્શન કર્યું હતું અને ગુજરાતને 5 વિકેટથી હરાવ્યું હતું. વડોદરામાં રમાયેલ WPL 2025ની પાંચમી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે ટોસ જીતી પહેલા બોલિંગ પસંદ કરી હતી. ગુજરાત જાયન્ટ્સ 20 ઓવરમાં માત્ર 120 રન જ કરી શકી હતી અને મુંબઈને જીતવા 121 રનનો ટાર્ગેટ મળ્યો હતો. હેલી મેથ્યુઝે 3 જ્યારે નેટ સાયવર બ્રન્ટ અને એમેલિયા કરે બે-બે વિકેટ લીધી હતી. ગુજરાતની હરલીન દેઓલે સૌથી વધુ 32 રન કર્યા હતા. 121 રનના ટાર્ગેટનો પીછો કરતા મુંબઈ ઈન્ડિયન્સે નેટ સાયવર બ્રન્ટના 39 બોલમાં 57 રનની મદદથી ગુજરાત જાયન્ટ્સને આસાનીથી હરાવી દીધું હતું. બ્રન્ટ સિવાય એમેલિયા કરે 19 અને હેલી મેથ્યુઝે 17 રનનું યોગદાન આપ્યું હતું. ગુજરાતની કાશવી ગૌતમ અને પ્રિયા મિશ્રાએ બે-બે વિકેટ લીધી હતી.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ટીમ ઈન્ડિયામાં અણબનાવ? હેડ કોચના વર્તનથી બેટ્સમેન નાખુશ!

(એજન્સી) મુંબઈ । તા 19

ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થાય તે પહેલાં જ ભારતીય ક્રિકેટ ફેન્સને ચોંકાવી દે તેવા સમાચાર સામે આવી રહ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ ટીમ ઈન્ડિયાના ડ્રેસિંગ રૂમમાં બધુ બરાબર નથી. ટીમનો એક બેટ્સમેન મુખ્ય કોચ ગૌતમ ગંભીરથી ખુશ નથી. આ ખેલાડીએ કહ્યું કે તેની કારકિર્દી ODI ફોર્મેટમાં રમાઈ રહી છે અને તે કેટલાક બાહ્ય કારણોસર પ્લેઈંગ 11માંથી બહાર છે. ભારતીય ટીમ ટુર્નામેન્ટની પોતાની પહેલી મેચમાં 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે ટકરાશે અને તે પહેલા લીક થયેલા આ સમાચારે દુબઈથી લઈને ભારત સુધી ધૂમ મચાવી દીધી છે. મીડિયા રિપોર્ટ મુજબ એક સૂત્રએ જણાવ્યું છે કે ટીમ ઈન્ડિયાના કેમ્પમાં બધુ બરાબર નથી. ભારતીય ટીમનો એક વિકેટકીપર બેટ્સમેન મુખ્ય કોચ ગૌતમ ગંભીરથી ખૂબ નાખુશ છે. મીડિયા રિપોર્ટ મુજબ વિકેટકીપર બેટ્સમેન કહે છે કે કેટલાક બાહ્ય કારણોસર તેને પ્લેઈંગ 11 માં સ્થાન આપવામાં આવી રહ્યું નથી. એટલે કે બેટ્સમેન કહે છે કે તેની વન-ડે કારકિર્દી સાથે છેડછાડ થઈ રહી છે. પરંતુ રિપોર્ટમાં આ ખેલાડીનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. ભારતીય ટીમ મેનેજમેન્ટ સતત ODI ફોર્મેટમાં વિકેટકીપર તરીકે કેએલ રાહુલ પર વિશ્વાસ બતાવી રહ્યું છે. રાહુલ તાજેતરમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી ODI સિરીઝમાં વિકેટકીપરની ભૂમિકામાં પણ જોવા મળ્યો હતો. સિરીઝ પછી પ્રેસ કોન્ફરન્સમાં, કોચ ગૌતમ ગંભીરે પણ સ્પષ્ટ કર્યું હતું કે ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિકેટકીપર તરીકે રાહુલ ટીમની પહેલી પસંદગી છે. રાહુલ આ ભૂમિકામાં હોવાથી રિષભ પંતને પ્લેઈંગ 11માં તક મળી રહી નથી. રિષભે ઓગસ્ટ 2024માં શ્રીલંકા સામે પોતાની છેલ્લી વનડે રમી હતી. ત્યારથી તેને 50 ઓવરના ફોર્મેટમાં પોતાની ક્ષમતાઓ દર્શાવવાની તક મળી નથી. 2023 માં ભારતીય ધરતી પર રમાયેલા ODI વર્લ્ડકપમાં કેએલ રાહુલનો વિકેટકીપર તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. રાહુલે ટીમ મેનેજમેન્ટના વિશ્વાસ પર ખરા ઉતર્યો અને 11 મેચમાં 75 ની એવરેજથી 452 રન બનાવ્યા. આ સમયગાળા દરમિયાન, તેના બેટમાંથી એક સદી અને બે અડધી સદી આવી. ત્યારથી ટીમ મેનેજમેન્ટે સતત રાહુલ પર વનડેમાં કીપર તરીકે વિશ્વાસ દર્શાવ્યો છે.

# પાકિસ્તાન સામે મેચ પહેલા ભારતના વિરાટ કોહલીનું મોટું નિવેદન

(એજન્સી) મુંબઈ । તા 19

ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની સૌથી મોટી મેચ 23 ફેબ્રુઆરીએ રમાશે. આ દિવસે ભારત અને પાકિસ્તાનની ટીમો એકબીજા સામે ટકરાશે. આ મેચ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. દરેક ક્રિકેટ ચાહક આ મેચની રાહ જોઈ રહ્યા છે. ભારત-પાકિસ્તાન મેચને ક્રિકેટની સૌથી મોટી ટક્કર માનવામાં આવે છે અને બંને ટીમો ફક્ત ICC ટુર્નામેન્ટ અને એશિયા કપમાં જ ટકરાય છે. આવી સ્થિતિમાં બંને ટીમોના ખેલાડીઓ પર ઘણું દબાણ છે. પાકિસ્તાન સામે મેચ પહેલા ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ પણ આ મેચ પર મોટું નિવેદન આપ્યું છે. ICC ઈવેન્ટ્સમાં ટીમ ઈન્ડિયાનો પાકિસ્તાન સામે ઉપર રહ્યો હોવા છતાં વિરાટ કોહલી પાકિસ્તાન ટીમને બિલકુલ હળવાશથી લેવા માંગતો નથી. સ્ટાર સ્પોર્ટ્સ પર ભારત-પાકિસ્તાન મેચ વિશે વાત કરતા વિરાટ કોહલીએ કહ્યું કે પાકિસ્તાન એક મજબૂત ટીમ છે. આ વખતે પાકિસ્તાનના ખેલાડીઓની ઈજાની કોઈ સમસ્યા નથી. બધા ખેલાડીઓ ફિટ છે. પાકિસ્તાનની ટીમ સારી દેખાઈ રહી છે. પાકિસ્તાને દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયામાં મેચ જીતી છે અને ઘરઆંગણે પણ ખૂબ સારું પ્રદર્શન કર્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લી મેચ 2024ના T20 વર્લ્ડ કપ દરમિયાન રમાઈ હતી.


# ચેમ્પિયન્સ ટ્રોફી માટે હિન્દી કોમેન્ટ્રી પેનલની જાહેરાત, પાકિસ્તાની દિગ્ગજોને મળી તક

(એજન્સી) મુંબઈ । તા 19

આગામી ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. પહેલી મેચ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાશે. આ મેગા ઈવેન્ટમાં કુલ 8 ટીમો ભાગ લેવા માટે તૈયાર છે. ચેમ્પિયન્સ ટ્રોફી માટે હિન્દી કોમેન્ટ્રી પેનલની જાહેરાત કરવામાં આવી છે, જેમાં સુરેશ રૈના સિવાય હરભજન સિંહ જેવા અનુભવી ખેલાડીઓને તક મળી છે.

ચેમ્પિયન્સ ટ્રોફી માટે હિન્દી કોમેન્ટ્રી પેનલમાં સુરેશ રૈના, હરભજન સિંહ, વકાર યુનિસ, રોબિન ઉથપ્પા, મોહમ્મદ કૈફ, અંબાતી રાયડુ, વહાબ રિયાઝ, પીયૂષ ચાવલા, વરુણ એરોન, જતીન સપ્રુ, આકાશ ચોપરા, સંજય માંજરેકર, સંજય બાંગર, દીપ દાસગુપ્તાને તક મળી છે.

દર્શકો માટે, નેટવર્કે હિન્દી કોમેન્ટ્રી પેનલમાં ઘણા દિગ્ગજોને સ્થાન આપ્યું છે. સ્વાભાવિક છે કે



આ ભૂતપૂર્વ ખેલાડીઓ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાની ઉત્તમ કોમેન્ટ્રીથી દર્શકોના દિલ જીતી લેશે. ભૂતપૂર્વ ભારતીય ખેલાડીઓ સિવાય બે ભૂતપૂર્વ પાકિસ્તાની દિગ્ગજ વકાર યુનિસ અને વહાબ રિયાઝને પણ તક મળી છે. ચેમ્પિયન્સ ટ્રોફીનું સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પર લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવશે. આ સિવાય દૂરદર્શન પર ભારતની મેચો પણ મફતમાં જોઈ શકાશે. મેચનું લાઈવ સ્ટ્રીમિંગ જિયો સ્ટાર પર કરવામાં આવશે. ક્રિકેટપ્રેમી આ મેગા ઈવેન્ટની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં, ભારતીય ટીમ 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે પોતાની પહેલી મેચ રમશે. બીજી મેચ 23 ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે રમાશે. ભારતીય ટીમે લીગ સ્ટેજની છેલ્લી મેચ 2 માર્ચે ન્યુઝીલેન્ડ સામે રમવાની છે. આ બધી મેચ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. ખાસ વાત એ છે કે ભારતીય ટીમ આ મેદાન પર એક પણ ODI મેચ હાર્યું નથી. આ મેદાન પર ભારતનો રેકોર્ડ ખૂબ પ્રભાવશાળી છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈંગ્લેન્ડ ક્યારે મેચ રમશે

(એજન્સી) મુંબઈ । તા 19

ચેમ્પિયન્સ ટ્રોફી 2025 19 ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. ઈંગ્લેન્ડની ટીમ 22 ફેબ્રુઆરીએ લાહોરમાં ઓસ્ટ્રેલિયા સામે ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત કરશે. ટૂર્નામેન્ટની શરૂઆત બુધવારે કરાચીમાં યજમાન પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચથી થશે. પાકિસ્તાન ડિફેન્ડિંગ ચેમ્પિયન પણ છે, જેણે 2017માં ઈંગ્લેન્ડમાં આયોજિત ટૂર્નામેન્ટની છેલ્લી સિઝનમાં ભારતને હરાવીને ટાઈટલ જીત્યું હતું. ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમઃ જોસ બટલર (કેપ્ટન), જોફ્રા આર્ચર, ગુસ એટકિન્સન, ટોમ બેન્ટન, હેરી બ્રુક, બ્રાઈડન કાર્સ, બેન ડકેટ, જેમી ઓવરટોન, જેમી સ્મિથ, લિયામ લિવિંગસ્ટોન, આદિલ રશીદ, જો રૂટ, સાકિબ મહમૂદ, ફિલ સોલ્ટ, માર્ક વુડ. ઈંગ્લેન્ડ પાસે ઘણા મહાન બેટ્સમેન છે. જો જોસ બટલર, ફિલ સોલ્ટ, હેરી બ્રુક, જો રૂટ અને લિયામ લિવિંગસ્ટોન જેવા બેટ્સમેનો એકસાથે પ્રદર્શન કરે તો બોલરો માટે તે દુઃસ્વપ્ન બની શકે છે. લેગ સ્પિનર આદિલ રાશિદે તાજેતરમાં ભારત સામેની વનડે શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ ધીમા બોલરોને મદદ મળવાની સંભાવના છે અને આવી સ્થિતિમાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ બની જાય છે. ઈંગ્લેન્ડના બેટ્સમેનો તાજેતરમાં ભારત સામે સ્પિનરો




સામે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. ઈંગ્લેન્ડ ત્રણ મેચોની શ્રેણીમાં તમામ મેચ હારી ગયું છે. રૂટ અને બટલર સિવાય તેનો કોઈ બેટ્સમેન સ્પિન બોલરો સામે આરામદાયક લાગતો ન હતો. ઈંગ્લેન્ડની ટીમ થોડા સમય પહેલા પાકિસ્તાનના પ્રવાસે ગઈ હતી અને તે પરિસ્થિતિથી સારી રીતે વાકેફ છે. રૂટ અને બટલરનું શાનદાર ફોર્મ પણ તેના માટે સારો સંકેત છે. અફઘાનિસ્તાન ઈંગ્લેન્ડ માટે ખતરો બની શકે છે, જેની પાસે ઘણા સારા સ્પિનરો છે. એટલું જ નહીં ઈંગ્લેન્ડ પાસે રાશિદના રૂપમાં માત્ર એક જ સ્પેશિયાલિસ્ટ સ્પિનર છે.

## ટ્રમ્પે કહ્યું- ભારત પાસે ઘણા પૈસા છે, શા માટે અમે દર વર્ષે 182 કરોડ આપીએ?; મસ્કે પ્રતિબંધ મૂક્યો હતો...

# ટ્રમ્પના ભારતની ચૂંટણીઓમાં અમેરિકાના ફંડિંગ પર સવાલ

(એજન્સી) વોશિંગ્ટન | તા 19

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતમાં મતદાન વધારવા માટે મળતા 182 કરોડ રૂપિયાના ફંડિંગ પર સવાલ ઉઠાવ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે અમે ભારતને 182 કરોડ રૂપિયા કેમ આપી રહ્યા છીએ? તેની પાસે ઘણા પૈસા છે. તે વિશ્વમાં સૌથી વધુ ટેક્સ વસૂલનારા દેશોમાં છે. તેમનો ટેરિફ પણ ખૂબ વધુ છે. હું ભારત અને તેના વડાપ્રધાનનો ખૂ

બ આદર કરું છું પરંતુ વોટર ટર્નઆઉટ માટે 2 કરોડ ડોલર શા માટે આપીએ? આપણે ભારતને 21 મિલિયન યુએસ ડોલર કેમ આપી રહ્યા છીએ? તેમની પાસે ઘણા પૈસા છે. ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ લાદતા દેશોમાંનો એક છે, ખાસ કરીને આપણા માટે. ટ્રમ્પના સાથી ઈલોન મસ્કે શનિવારે ભારતને આપવામાં આવતું 182 કરોડ રૂપિયાનું ફંડિંગ રદ કર્યું હતું. મસ્કના નેતૃત્વ હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DoGE) એ શનિવારે આ નિર્ણય લીધો હતો. DOGE એ એક યાદી બહાર પાડી છે. આમાં, વિભાગ દ્વારા 15 પ્રકારના કાર્યક્રમોનું ફંડિંગ રદ કરવામાં આવ્યું છે.

આમાંનો એક કાર્યક્રમ વિશ્વભરમાં ચૂંટણી પ્રક્રિયાને મજબૂત બનાવવાનો છે, જેમાં 4200 કરોડ રૂપિયાનું ફંડિંગ છે. આ ફંડિંગમાં ભારતનો હિસ્સો 182 કરોડ રૂપિયા છે. DoGE એ પોસ્ટ કરી - અમેરિકન ટેક્સપેયર્સના પૈસા પરનો તમામ ખર્ચ રદ કરવામાં આવ્યો.



**ભાજપે ચૂંટણીમાં ભંડોળ પર સવાલ ઉઠાવ્યા :** DOGEના નિર્ણય પર ભાજપના નેતા અમિત માલવિયાએ પ્રતિક્રિયા આપી છે. આમાં તેમણે ભારતીય ચૂંટણીઓમાં 182 કરોડ રૂપિયાના ફંડિંગ અંગે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે પોસ્ટમાં કહ્યું- 21 મિલિયન ડોલર (182 કરોડ રૂપિયા) વોટર ટર્નઆઉટ વધારવા માટે? આ સ્પષ્ટપણે દેશની ચૂંટણી પ્રક્રિયામાં બાહ્ય હસ્તક્ષેપ છે. આ ફંડનો લાભ કોને મળશે? સ્વાભાવિક છે કે આનાથી શાસક (ભાજપ) પક્ષને કોઈ ફાયદો થશે નહીં.

બીજી એક પોસ્ટમાં, અમિત માલવિયાએ કોંગ્રેસ પાર્ટી અને જ્યોર્જ સોરોસ પર ભારતીય ચૂંટણીમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો. માલવિયાએ સોરોસને ગાંધી પરિવારના જાણીતા સહયોગી ગણાવ્યા. માલવિયાએ X પર લખ્યું હતું કે 2012માં, SY કુરેશીના નેતૃત્વ હેઠળ ચૂંટણી પંચે ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ફોર ઈલેક્ટોરલ સિસ્ટમ્સ (IFES) સાથે એક MoU પર હસ્તાક્ષર કર્યા હતા. આ સંસ્થા જ્યોર્જ સોરોસના ઓપન સોસાયટી ફાઉન્ડેશન સાથે સંકળાયેલી છે. તેને મુખ્યત્વે USAID તરફથી નાણાકીય સહાય મળે છે.

**બાંગ્લાદેશને મળતું ફંડિંગ પણ બંધ કરી દીધું :** DoGE દ્વારા બહાર પાડવામાં આવેલી યાદીમાં બાંગ્લાદેશને રૂ. 251 કરોડનું ભંડોળ પણ સામેલ છે. આ ભંડોળ બાંગ્લાદેશમાં રાજકીય વાતાવરણને મજબૂત બનાવવા માટે આપવામાં આવી રહ્યું હતું.

આ ફંડિંગ એવા સમયે બંધ કરવામાં આવ્યું છે જ્યારે બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારને ઉથલાવી પાડવામાં અમેરિકાની ડીપ સ્ટેટ ભૂમિકા ભજવી રહી હોવાની શંકા છે. મોદીની અમેરિકા મુલાકાત દરમિયાન જ્યારે ટ્રમ્પને આ અંગે સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે જવાબ આપ્યો કે બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તનમાં અમેરિકાની કોઈ ભૂમિકા નથી.

## 41 સેકન્ડના વીડિયોમાં જુઓ ડિપોર્ટ કરવામાં આવતા લોકોને કેવી રીતે તૈયાર કરાય છે, વ્હાઈટ હાઉસે શેર કર્યો Video

# હાથકડી-બેડીઓમાં આવતા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ

(એજન્સી) વોશિંગ્ટન | તા 19

અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદથી ડોનાલ્ડ ટ્રમ્પ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને લઈને કડક વલણ અપનાવી રહ્યા છે. ભારત સહિત ઘણા દેશોમાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને તેમના દેશોમાં મોકલવામાં આવ્યા છે. ટ્રમ્પે અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા પ્રવાસી ભારતીયોનાં ત્રણ વિમાન ભારત મોકલ્યાં છે. હાથકડીથી બાંધેલા આ ભારતીયોના ફોટા અને વીડિયો બાબતે હોબાળો પણ થયો હતો. આ દરમિયાન, વ્હાઈટ હાઉસે હાથકડી પહેરેલા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સનો નવો વીડિયો પોસ્ટ કર્યો છે.

વ્હાઈટ હાઉસના ઓફિશિયલ પેજ પર પોસ્ટ કરાયેલા 41 સેકન્ડના આ વીડિયોમાં જોઈ શકાય છે કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. એક પોલીસ અધિકારી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરવાની તૈયારી કરતા દેખાય છે. વીડિયોમાં જોઈ શકાય છે કે આ અધિકારી તે વ્યક્તિને હાથકડી પહેરાવે છે. એરપોર્ટ પર હાથકડી અને સાંકળો બાંધીને લઈ જવાતા દેખાય છે.

જો કે આ વીડિયોમાં જે વ્યક્તિને ડિપોર્ટ કરવામાં આવી રહ્યો છે તેનો ચહેરો બતાવવામાં આવ્યો નથી, પરંતુ તેના હાથ અને પગમાં બેડીઓ જોઈ શકાય છે. એક બીજી ક્લિપમાં એક વ્યક્તિ પ્લેનમાં ચડતો દેખાય છે. તેના પગમાં બેડીઓ બાંધેલી છે. 5 ફેબ્રુઆરીએ ગેરકાયદેસર પ્રવાસી ભારતીયોનું વિમાન અમૃતસર પહોંચ્યું હતું

ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને લઈને અમેરિકન સેનાનું પહેલું વિમાન 5 ફેબ્રુઆરીએ ભારત પહોંચ્યું હતું. અમેરિકન C-147 પ્લેનમાંથી પ્રથમ વખત ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સનું જૂથ ભારત પહોંચ્યું હતું. આ વિમાનમાં 104 ભારતીયો સવાર હતા.

આ પ્લેન અમૃતસર એરપોર્ટ પર લેન્ડ થયું હતું. વિમાનમાં કુલ 104 ભારતીયો હતા, જેમાં 79 પુરુષો અને 25 મહિલાઓ હતી. અમેરિકાથી ડિપોર્ટ કરવામાં આવેલ ભારતીયો મેક્સિકો-યુએસ બોર્ડર પરથી પકડાયા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓ કાયદેસર રીતે ભારતથી ગયા હતા પરંતુ તેઓએ ડંકી રૂટથી અમેરિકામાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્લેનમાં પંજાબના 30, હરિયાણાના 33, ગુજરાતના 33, મહારાષ્ટ્રના 3, ઉત્તર પ્રદેશના 3 અને ચંદીગઢના 2 લોકો હતા. અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીયોને લઈને યુએસ એરફોર્સના C-17 ગ્લોબમાસ્ટર એરક્રાફ્ટે ટેક્સાસ નજીકના યુએસ મિલિટરી બેઝ પરથી ઉડાન ભરી હતી.



### બીજું વિમાન 15 ફેબ્રુઆરીએ અમૃતસર પહોંચ્યું હતું

યુએસમાંથી દેશનિકાલ કરાયેલા 120 ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને લઈને એક વિશેષ વિમાન 15 ફેબ્રુઆરીની મોડી રાત્રે અમૃતસર એરપોર્ટ પર ઊતર્યું હતું. જેમાંથી 60થી વધુ પંજાબના અને 30થી વધુ હરિયાણાના લોકો હતા. અન્ય લોકો ગુજરાત, ઉત્તર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના હતા. ગેરકાયદેસર રીતે અમેરિકામાં ઘૂસેલા ભારતીયોનું આ બીજું જૂથ હતું, જેમને ટ્રમ્પ પ્રશાસન દ્વારા ડિપોર્ટ કરવામાં આવ્યા હતા.

બીજા દિવસે, 16 ફેબ્રુઆરીએ, ગેરકાયદે ભારતીય ઈમિગ્રન્ટ્સને લઈને અમેરિકાનું ત્રીજું વિમાન પણ અમૃતસર પહોંચ્યું. આ પ્લેનમાં 112 ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ હતા, જેમને અમેરિકાથી ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. જણાવીએ કે ટ્રમ્પ સરકાર ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને લઈ જવા માટે સૈન્ય વિમાનનો ઉપયોગ કરી રહી છે. આ પહેલાં ગ્વાટેમાલા, પેરુ અને હોન્ડુરાસમાં પણ અમેરિકન મિલિટરી પ્લેન દ્વારા ગેરકાયદે પ્રવાસીઓને મોકલવામાં આવ્યા હતા.

### અમેરિકન ઈતિહાસનો સૌથી મોટો ડિપોર્ટેશન પ્રોગ્રામ

ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા કે તરત જ તેમણે અમેરિકન ઈતિહાસનો સૌથી મોટો ડિપોર્ટેશન પ્રોગ્રામ શરૂ કર્યો. આ પ્રોગ્રામ હેઠળ ટ્રમ્પે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને તેમના દેશમાં મોકલવાની કવાયત શરૂ કરી છે. ગયા અઠવાડિયે બ્લૂમબર્ગે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે ભારત અને અમેરિકાએ ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલા લગભગ 18,000 ભારતીયોની ઓળખ કરી છે, જેઓ ગેરકાયદેસર રીતે અમેરિકામાં રહે છે.

# વ્હાઈટ હાઉસે કહ્યું- મસ્ક સત્તાવાર નિર્ણયો લઈ શકતા નથી

## તેમની જવાબદારી ફક્ત રાષ્ટ્રપતિને સલાહ આપવાની છે, તેઓ સરકારી કર્મચારી નથી...

(એજન્સી) વોશિંગ્ટન ડીસી | તા 19

અમેરિકામાં, રાષ્ટ્રપતિ કાર્યાલય વ્હાઈટ હાઉસે કોર્ટમાં જવાબ આપ્યો કે અમેરિકન ઉદ્યોગપતિ એલોન મસ્ક ફક્ત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સલાહકાર છે. તેઓ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DoGE)ના કર્મચારી નથી, તેથી તેમને સરકારની અંદર નિર્ણયો લેવાનો કોઈ અધિકાર નથી.

હકીકતમાં, ન્યૂ મેક્સિકોના નેતૃત્વ હેઠળના 14 અમેરિકન રાજ્યોએ ટ્રમ્પ અને મસ્ક વિરુદ્ધ વોશિંગ્ટન ડીસીની ફેડરલ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. આ રાજ્યો એલોન મસ્કને DoGE ચીફ તરીકે નિયુક્ત કરવાથી નારાજ છે. રાજ્યોના મતે, એલોને અપાર સત્તા મેળવી છે, જે યુએસ બંધારણનું ઉલ્લંઘન છે.



આ કેસ અંગે, વ્હાઈટ હાઉસ ખાતે વહીવટી કાર્યાલયના ડિરેક્ટર જોશુઆ ફિશરે કોર્ટને માહિતી આપી હતી કે મસ્કની ભૂમિકા ફક્ત સલાહકારની છે. તેમનું કામ ફક્ત રાષ્ટ્રપતિને સલાહ આપવાનું અને વહીવટીતંત્ર તરફથી કર્મચારીઓ સુધી સૂચનાઓ પહોંચાડવાનું છે. મુકદ્દમામાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે મસ્કને સરકારી કર્મચારીઓને દૂર કરવા અને એક જ વારમાં સમગ્ર વિભાગોને નાબૂદ કરવા માટે જે અમર્યાદિત શક્તિ આપી છે તે આ દેશને સ્વતંત્રતા આપનારા લોકો માટે અત્યંત આઘાતજનક હોત. મુકદ્દમામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બંધારણના નિમણૂકો કલમ મુજબ મસ્ક જેવા સત્તા ધરાવતા વ્યક્તિને ઔપચારિક રીતે રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત કરવામાં આવે અને સેનેટ દ્વારા મંજૂરી આપવામાં આવે.

બંધારણ યુએસ રાષ્ટ્રપતિને કારોબારી શાખાના માળખા અને સરકારી ખર્ચને સંચાલિત કરતા હાલના કાયદાઓમાં ફેરફાર કરવાનો અધિકાર આપતું નથી. તેથી, દેશના રાષ્ટ્રપતિને નવી ફેડરલ એજન્સીઓ બનાવવાનો કે કોઈપણ એજન્સીને નાબૂદ કરવાનો અધિકાર નથી.

આ રાજ્યોએ કહ્યું છે કે મસ્ક વ્હાઈટ હાઉસના ફક્ત સલાહકાર કરતાં વિશેષ છે. તેમણે ઓછામાં ઓછી 17 ફેડરલ એજન્સીઓમાં હસ્તક્ષેપ કર્યો છે. રાજ્યોએ માંગ કરી છે કે મસ્ક દ્વારા અત્યાર સુધી સરકારમાં સત્તાવાર સ્તરે લેવામાં આવેલા તમામ પગલાં ગેરકાયદેસર જાહેર કરવામાં આવે.

DoGE ચીફ તરીકે નિયુક્ત થયા પછી મસ્ક સામે આ બીજો કેસ દાખલ કરવામાં આવ્યો છે. અગાઉ, તેમની સામે મેરીલેન્ડની ફેડરલ કોર્ટમાં પણ બંધારણના ઉલ્લંઘનનો દાવો કરીને કેસ દાખલ કરવામાં આવ્યો હતો. નવેમ્બરમાં ચૂંટણી જીત્યા પછી, ડોનાલ્ડ ટ્રમ્પે ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DoGE) નામનો એક નવો વિભાગ બનાવવાની જાહેરાત કરી, જે સરકારને બહારથી સલાહ આપશે. ડોનાલ્ડ ટ્રમ્પે તેની કમાન એલોન મસ્ક અને ભારતીય મૂળના ઉદ્યોગપતિ વિવેક રામાસ્વામીને સોંપી. બાદમાં વિવેક રામાસ્વામીને તેમાંથી દૂર કરવામાં આવ્યા.

# પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં 7 પંજાબીઓની હત્યા, પહેલા નામ પૂછ્યું અને પછી ગોળી મારી

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 19

પાકિસ્તાનમાં વંશીય આધારે મોટું વિભાજન જોવા મળી રહ્યું છે. સેનાથી લઈને સરકાર સુધી પંજાબીઓના વર્ચસ્વ સામે હિંસક આંદોલનો થયા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં બલુચિસ્તાનમાં આવી હિંસક ઘટનાઓમાં વધારો થયો છે, જેમાં પંજાબી મૂળના લોકોની વીણી-વીણીને હત્યા કરવામાં આવી હતી. હવે ફરી આવી જ ઘટના બની છે. મંગળવારે મોડી રાત્રે પંજાબ અને બલુચિસ્તાનને જોડતાં સરહદી જિલ્લા બરખાનમાં હુમલો થયો હતો. બલુચ બંદૂકધારી બળવાખોરોએ 7 પંજાબીઓને બસમાંથી ઉતારીને મારી નાખ્યા હતા. બલુચ બળવાખોરોએ આ લોકોના ઓળખપત્રો તપાસ્યા અને જ્યારે તેમની પંજાબી ઓળખ જાહેર થઈ, ત્યારે તેમની હત્યા કરવામાં આવી.



આ ઘટના અંગે બલુચિસ્તાન પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'લગભગ 40 બંદૂકધારીઓએ ઘણી બસો રોકી હતી. તેમાં સવાર લોકોને બહાર કાઢીને તપાસવામાં આવ્યા. આ દરમિયાન, પંજાબી મૂળના 7 લોકો મળી આવ્યા હતા, જેમની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બરખન-ડેરા ગાઝી ખાન હાઈવે પર બની હતી.' બરખનના ડેપ્યુટી કમિશ્નર વકાર ખુર્શીદ આલમે જણાવ્યું હતું કે, 'આ બધા લોકો પંજાબના રહેવાસી હતા અને લાહોર જવા માટે બસમાં ચઢ્યા હતા. આ દરમિયાન સશસ્ત્ર બળવાખોરોએ બસ રોકીને સાત મુસાફરોને બસમાંથી નીચે ઉતાર્યા હતા. તેમના ઓળખપત્રો તપાસ્યા અને તેમને મારી નાખ્યા. પંજાબી મૂળના લોકોને લાઈનમાં ઊભા રાખીને ગોળી મારી દેવામાં આવી.'

## ગૌતમ અને સાગર અદાણીને નોટિસ ફટકારવા માટે કાયદા મંત્રાલયનો સંપર્ક કર્યો, જાણો આખો કેસ

# અદાણી સામે કેસ ચલાવવા માટે અમેરિકાએ ભારત પાસે મદદ માગી

(એજન્સી) વોશિંગ્ટન/નવી દિલ્હી | તા 19

અમેરિકાએ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સહિત ગ્રુપના ઘણા ટોચના અધિકારીઓ સામે કાર્યવાહી કરવા માટે ભારતની મદદ માગી છે. રોઈટર્સના અહેવાલ મુજબ, યુએસ એજન્સી SEC એ ભારતના કાયદા મંત્રાલય પાસેથી મદદ માગી છે.

આ કેસ 26.5 કરોડ ડોલરની કથિત શેર હેરાફેરી અને લાંચ સાથે સંબંધિત છે. અમેરિકાનું SEC અદાણી ગ્રુપની તપાસ કરી રહ્યું છે. SEC એ ન્યૂયોર્કની એક કોર્ટને જણાવ્યું હતું કે ગૌતમ અને સાગર અદાણીને કોર્ટ નોટિસ ફટકારવાની કોશિશ શરૂ છે. હાલ બંને ભારતમાં છે.

જોકે, બિઝનેસમેન ગૌતમ અદાણી સહિત 8 લોકો ઉપર આરોપ છે કે તેમણે ભારતમાં રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટને છેતરપિંડી દ્વારા પ્રાપ્ત કર્યો હતો. આ પ્રોજેક્ટ મેળવવા માટે તેમણે 2 કરોડ રૂપિયા લાંચ આપવાનો પ્લાન બનાવ્યો હતો. આ મામલે 24 ઓક્ટોબર 2024ના રોજ ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં કેસ નોંધાયો હતો.



અમેરિકી ઈન્વેસ્ટર્સને ખોટું બોલીને રૂપિયા એંઠવાનો આરોપ છેતરપિંડીનો આ મામલો અદાણી ગ્રુપની કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ અને એક અન્ય ફર્મ સાથે જોડાયેલો હતો. આરોપ હતો કે અદાણી અને અન્ય લોકોએ અમેરિકી ઈન્વેસ્ટર્સ અને બેંકોને ખોટું બોલીને રૂપિયા એકઠા કર્યા. પછી પ્રોજેક્ટ પ્રાપ્ત કરવા માટે સરકારી અધિકારીઓને 250 મિલિયન ડોલર એટલે લગભગ 2,029 કરોડ રૂપિયા લાંચ આપવાની યોજના બનાવી. કોઈપણ જગ્યાએ લાંચની વાત કરવામાં આવી નથી ચાર્જશીટમાં જણાવ્યા પ્રમાણે આ યુએસ ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ (FCPA)નું ઉલ્લંઘન છે. ખાસ વાત એ છે કે અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટના ડોક્યુમેન્ટ્સમાં લાંચ ઓફર કરવી અને પ્લાનિંગ હોવાની વાત કરવામાં આવી. લાંચ આપવામાં આવી છે, એવું કહેવામાં આવ્યું નથી. 20 નવેમ્બર 2024ના રોજ કોર્ટમાં આ મામલે સુનવણી થઈ અને આ મામલો બધાની સામે આવ્યો.

# US Russia Talks on War: અમારી પીઠ પાછળ કોઇ ખંજર ન ઝિંકશો:ઝેલેસ્કી

(એજન્સી) યૂક્રેન | તા 19

યૂક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેસ્કીએ મીડિયા સાથે વાતચીત કરી છે. અને રશિયા તથા અમેરિકા પર આડકતરી રીતે પ્રહાર કર્યા છે. ઝેલેસ્કીએ જણાવ્યુ છે કે, અમારી મંજૂરી વગર યૂક્રેન યુદ્ધ સમાપ્તી મુદ્દે કોઈ નિર્ણય નહી લેવામાં આવે. અને બેઠકમાં અમારી બાદબાકી કરીને અમારી પીઠ પાછળ કોઈ ખંજર ઝિંકવામાં ન આવે. કોઈપણ બેઠકમાં યૂક્રેન વિના નિર્ણય નહી લેવામાં આવે. ઝેલેસ્કીએ તુર્કીની યાત્રા દરમિયાન મીડિયા સાથે વાતચીત કરતા પોતાની માગ મુકી હતી.

યૂક્રેન યુદ્ધને ખત્મ કરવા માટે સાઉદી અરબની રાજધાની રિયાદમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ બેઠક રશિયા અને અમેરિકા વચ્ચે થઈ હતી. પરંતુ આ બેઠકમાં યૂક્રેનને આમંત્રણ આપવામાં નહોતુ આવ્યુ. તો આ તરફ યૂક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેસ્કીએ માગ કરી છે કે આ પ્રકારની બેઠકમાં તેમને પણ સામેલ કરવામાં આવે. ઝેલેસ્કીએ તુર્કીની યાત્રા દરમિયાન મીડિયા સાથે વાતચીત કરતા પોતાની માગ મુકી હતી. ઝેલેસ્કીએ જણાવ્યુ છે કે, અમારી મંજૂરી વગર યૂક્રેન યુદ્ધ સમાપ્તી મુદ્દે કોઈ નિર્ણય નહી લેવામાં આવે. અને બેઠકમાં અમારી બાદબાકી કરીને અમારી પીઠ પાછળ કોઈ ખંજર ઝિંકવામાં ન આવે. કોઈપણ બેઠકમાં યૂક્રેન વિના નિર્ણય નહી લેવામાં આવે. તેઓએ વધુમાં જણાવ્યુ હતુ કે, તેઓ સાઉદી અરબની યાત્રાએ જવાના હતા. પરંતુ તેઓએ પોતાની રિયાદની યાત્રા 10 માર્ચ સુધી સ્થગતિ રાખી છે.

ફેબ્રુઆરી-2022માં રશિયાના યૂક્રેન યુદ્ધ શરુ થયા બાદ પ્રથમવાર અમેરિકા અને રશિયાના અધિકારીઓ વચ્ચે મુલાકાત થઈ હતી. આ બેઠક રિયાદમાં યોજાઈ હતી. આ બેઠકમાં યુદ્ધ સમાપ્તી, સંઘર્ષ રોકવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી. અમેરિકાના વિદેશમંત્રી માર્કો રોબિયોએ રશિયાના વિદેશ વિભાગને બને એટલુ જલદી યુદ્ધ રોકવા માટેની રૂપ રેખા તૈયાર કરવા જણાવ્યુ છે. રશિયાએ જણાવ્યુ હતુ કે, યૂક્રેનને યૂરોપીય સંઘમાં સામેલ થવાનો અધિકાર છે. પરંતુ નાટો સૈન્ય ગઠબંધનમાં સામેલ થવાનો યૂક્રેન હક ધરાવતું નથી.

# 2 વર્ષ પહેલાં એક રેલીમાં ભૂતપૂર્વ પીએમ કિશિદા પર સ્મોક બોમ્બ ફેંકવામાં આવ્યો હતો; બેગમાંથી છરી મળી હતી...

(એજન્સી) ટોક્યો | તા 19

જાપાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ફુમિયો કિશિદા પર હુમલો કરવાના દોષિત વ્યક્તિને 10 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. બુધવારે વાકાયામા જિલ્લા અદાલતે સજાની જાહેરાત કરી હતી. હુમલાખોર, રયુજી કિમુરા (25) ને પાંચ આરોપોમાં દોષિત ઠરાવવામાં આવ્યો છે.

તેમણે 15 એપ્રિલ, 2023ના રોજ વાકાયામા શહેરમાં એક ચૂંટણી રેલી દરમિયાન કિશિદા પર સ્મોક બોમ્બ ફેંક્યો હતો. કિશિદા આ હુમલામાં બચી ગયા, પરંતુ અન્ય બે લોકો ઘાયલ થયા. કિમુરાને પોલીસે સ્થળ પર જ ધરપકડ કરી લીધી. તેની બેગમાંથી એક છરી પણ મળી આવી હતી. ફેબ્રુઆરીની શરૂઆતમાં તેની ટ્રાયલ દરમિયાન કિમુરાએ હત્યાના પ્રયાસના આરોપને નકારી કાઢ્યો હતો. તેણે દાવો કર્યો કે તેનો કિશિદાને મારવાનો કોઈ ઈરાદો નહોતો.



જાપાન ટાઈમ્સના અહેવાલ મુજબ, કિશિદા વાકાયામા શહેરમાં એક ચૂંટણી રેલીમાં ભાષણ આપવા પહોંચ્યા હતા. આ વિસ્ફોટ 15 એપ્રિલના રોજ સ્થાનિક સમય મુજબ સવારે 11:30 વાગ્યે થયો હતો. આ પછી, બપોરે લગભગ 1 વાગ્યે, વડા પ્રધાન કિશિદાએ વાકાયામા શહેરમાં પોતાનું ભાષણ પૂર્ણ કર્યું. તેમણે કહ્યું- અમે ચૂંટણી પ્રચારની વચ્ચે હાજર છીએ. આપણે આ ચાલુ રાખવું જોઈએ. 8 જુલાઈ 2022ના રોજ એક રેલીમાં જાપાનના ભૂતપૂર્વ વડા પ્રધાન શિન્ઝો આબેની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેઓ આબે નારા શહેરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ભાષણ આપી રહ્યા હતા. તે દરમિયાન, 42 વર્ષીય હુમલાખોરે પાછળથી ગોળીબાર કર્યો.

તેના પર કેમેરા જેવી દેખાતી હાથથી બનાવેલી બંદૂકથી હુમલો કરવામાં આવ્યો. ગોળીબાર પછી આવેલા ફોટા દ્વારા આ વાતનો ખુલાસો થયો. હુમલાખોરે બંદૂકને કેમેરા જેવી દેખાતી ડિઝાઈન કરી હતી. આ માટે તેણે બંદૂક પર કાળું પોલીથીન વીંટાળ્યું હતું. હુમલો કરનાર ફોટો પાડવાના બહાને આબેની નજીક આવ્યો હતો. પછી તેણે બે ગોળીઓ ચલાવી.

## ...તો અમે વિદ્યાર્થીઓને NOC નહીં આપીએ

# કલિંગા યુનિવર્સિટી મામલે નેપાળ સરકારની ભારતને ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

કલિંગા યુનિવર્સિટીના વિવાદને લઈને નેપાળ સરકારે મંગળવારે (18 ફેબ્રુઆરી) કહ્યું કે, જો ઓડિશાની એક ખાનગી યુનિવર્સિટીમાંથી એક વિદ્યાર્થિનીના મોતના કેસને યોગ્ય અને કાયદાકીય રીતે ઉકેલવામાં ન આવ્યો તો અમે ભારતની શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ માટે ઈચ્છુક પોતાના વિદ્યાર્થીઓને NOC (No Objection Certificate) આપવાનું બંધ કરી દઈશું. કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ ટેકનોલોજી (KIIT) માં Btech (કોમ્પ્યુટર સાઈન્સ) ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી 20 વર્ષીય પ્રકૃતિ લમસલનો મૃતદેહ 16 ફેબ્રુઆરીની બપોરે તેની હોસ્ટેલના રૂમમાંથી મળી આવતા સમગ્ર વિવાદ ઊભો થયો હતો. પહેલી દ્રષ્ટિએ જોતા વિદ્યાર્થિનીએ કથિત રીતે આત્મહત્યા કરી હતી.નેપાળના શિક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, અમે ભવિષ્યમાં ઓડિશાની કોઈપણ યુનિવર્સિટી અથવા શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ માટે જવા ઈચ્છુક વિદ્યાર્થીઓને NOC આપવાનું બંધ કરી શકીએ છીએ. નેપાળ સરકારે KIIT માં અભ્યાસ કરનારા નેપાળી વિદ્યાર્થીઓના માતા-પિતાને ધીરજ રાખવાની અપીલ કરી છે. નેપાળના શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, 'આ ઘટનાથી ઊભી થયેલી મુશ્કેલીઓના અસરકારક નિરાકરણ માટે એક હેલ્પ ડેસ્કની સ્થાપના કરવામાં આવી છે. આપણું વિદેશ મંત્રાલય KIITમાં નેપાળી વિદ્યાર્થીઓનો અભ્યાસ ફરી શરૂ કરવા અને અનુકૂળ વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર સાથે સતત રાજદ્વારી પ્રયાસો કરી રહ્યું છે.'



### નેપાળની સંસદમાં ઉઠ્યો મુદ્દો

આ દરમિયાન શિશિર ખનાલ, બીના લામા, સીતા મિઝર, શેર બહાદુર કુંવર અને શાંતિ બીકા સહિત નેપાળી સંસદ સભ્યોએ મંગળવારે (18 ફેબ્રુઆરી) શૂન્યકાળ દરમિયાન સભામાં KIIT ઘટના સંબંધિત મુદ્દો ઉઠ્યો હતો. નેપાળી સાંસદોએ સરકારને રહસ્યમય સંજોગોમાં વિદ્યાર્થીના મૃત્યુની ગંભીરતા પૂર્વક તપાસ સુનિશ્ચિત કરવા અને KIIT માં અભ્યાસ કરતા અન્ય નેપાળી વિદ્યાર્થીઓને લગતા મુદ્દાઓને ઉકેલવા માટે જરૂરી રાજદ્વારી પ્રયાસો કરવા જણાવ્યું હતું.ઓડિશા પોલીસે મંગળવારે એઈમ્સ ભુવનેશ્વરમાં પોસ્ટમોર્ટમ બાદ નેપાળી વિદ્યાર્થીનીનો મૃતદેહ તેના પિતાને સોંપ્યો. પ્રકૃતિના પિતા સુનીલ લમસલ પોતાના મિત્રો સાથે AIIMS ભુવનેશ્વર પહોંચ્યા હતાં અને મૃતદેહના પોસ્ટમોર્ટમ દરમિયાન હાજર રહ્યા. તેમણે કહ્યું કે, આ વિદ્યાર્થિનીના મૃતદેહને નેપાળથી લઈ જવામાં આવશે અને ત્યાં જ તેનો અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ઓડિશા વિધાનસભામાં પણ વિપક્ષ દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

### વિદેશ મંત્રી આરઝૂ રાણાનું નિવેદન

નેપાળના વિદેશ મંત્રી આરઝૂ રાણા દેઉબાએ જણાવ્યું હતું કે, નવી દિલ્હીમાં આપણું દૂતાવાસ આ સંબંધમાં કોલેજ તંત્ર અને ભારતીય સુરક્ષા એજન્સી સાથે સંકલન સાધી જરૂરી કાર્ય કરી રહ્યાં છે.

**શું છે KIIT નો સમગ્ર મામલો?** | નેપાળની રહેવાસી પ્રકૃતિ લમસલ, ઓડિશાના ભુવનેશ્વરમાં કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડસ્ટ્રિયલ ટેકનોલોજી (KIIT)માં બીટેક કોમ્પ્યુટર સાઈન્સની વિદ્યાર્થિની હતી. તેણે તેના બેચમેટ અને એક્સ બોયફ્રેન્ડ અદ્વિક શ્રીવાસ્તવ દ્વારા હેરાનગતિ બાદ આત્મહત્યા કરી હોવાનું કહેવાય છે. સંસ્થામાં અભ્યાસ કરતા અન્ય નેપાળી વિદ્યાર્થીઓના એક ગ્રુપે પ્રકૃતિ લમસલ માટે ન્યાયની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યું. ત્યારબાદ, યુનિવર્સિટી કેમ્પસમાં તણાવ ઘણો વધી ગયો છે. સોશિયલ મીડિયા પર કેટલાક વીડિયો વાઈરલ થઈ રહ્યા છે.

### ભારતે નિષ્પક્ષ તપાસ અને કાર્યવાહીનું આપ્યું આશ્વાસન

ભારત સરકારે આશ્વાસન આપ્યું છે કે, અમે નેપાળી વિદ્યાર્થીઓની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લઈશું. ભારતીય અધિકારીઓ આ મામલે ન્યાય નક્કી કરવા માટે પોતાના નેપાળી સમકક્ષો સાથે સતત સંપર્કમાં છીએ અને આ ઘટનામાં ગુનેગારોને તુરંત પકડી વિદ્યાર્થિનીને નિષ્પક્ષ ન્યાય અપાવવા માટે પ્રતિબદ્ધ છીએ. ઓડિશા પોલીસે પુષ્ટિ કરી કે, આરોપી વિદ્યાર્થી અદ્વિક શ્રીવાસ્તવ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

**દિલ્હીની હચમચાવતી ઘટના**

## અભ્યાસ ન કરવા બદલ પિતાએ ઠપકો આપ્યો, ઊંઘમાં જ જીવતા સળગાવી નાખ્યા



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

સંબંધોને શરમાવે તેવી એક ચોંકાવનારી ઘટના દિલ્હીને અડીને આવેલા ફરીદાબાદના અજય નગરમાં સામે આવી છે. અભ્યાસમાં ધ્યાન ન આપવાથી અને પૈસાની ચોરી કરવા માટે ઠપકો આપતા ગુસ્સે ભરાયેલા કિશોરે ક્રૂરતાની હદ વટાવી સોમવારે મોડી રાત્રે પિતાને જીવતા સળગાવી હત્યા કરી નાખી હતી. અભ્યાસ ન કરવા બદલ પિતાએ ઠપકો આપતા કરી હત્યા. મૂળ ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરનો 55 વર્ષીય મોહમ્મદ અલીમ ચાર મહિનાથી અજય નગરમાં તેના 14 વર્ષના પુત્ર સાથે ભાડાના મકાનમાં રહેતો હતો. ધાર્મિક સ્થળો માટે દાન એકઠું કરવાની સાથે અલીમ મચ્છરદાની અને અન્ય વસ્તુઓ વેચતો હતો. સોમવારે રાત્રે જ્યારે અલીમે તેના પુત્રને અભ્યાસમાં ધ્યાન ન આપવા માટે ઠપકો આપ્યો ત્યારે તે ગુસ્સે થઈ ગયો. રાત્રે લગભગ 2 વાગે જ્યારે અલીમ ગાઢ નિંદ્રામાં હતો ત્યારે પુત્રએ તેના પર જ્વલનશીલ પદાર્થ છાંટીને આગ લગાવી દીધી હતી. આ પછી, તેણે રૂમનો દરવાજો બંધ કરી દીધો અને તેના પિતાના મૃત્યુની રાહ જોતો બહાર ઉભો રહ્યો. લગભગ દસ મિનિટની જહેમત બાદ પડોશીઓ તેને બચાવવા માટે સ્થળ પર પહોંચ્યા તો કિશોર તેમને જોઈને ભાગી ગયો. જોકે, હવે પોલીસે તેને કસ્ટડીમાં લઈ તપાસ હાથ ધરી છે.સ્થાનિક લોકોએ જણાવ્યું કે, 'આ ઘટના ખરેખર ચોંકાવનારી છે. મોહમ્મદ અલીમનો પુત્ર શેરીઓમાં લડતો તેમજ અલીમ વારંવાર તેને ભણવા માટે કહેતો. એવામાં આવી નાની વાતમાં ગુસ્સે ભરાઈને તેણે તેના પિતાની જ હત્યા કરી નાખી.'

# 'કપડાં ઉતરાવ્યાં, બંધ રૂમમાં માર્યો...', કેરળમાં રેગિંગની ભયાનક ઘટના બાદ 7 વિદ્યાર્થી સસ્પેન્ડ


### રેગિંગ...

### એન્ટી-રેગિંગ સેલનો તાત્કાલિક હસ્તક્ષેપ

(એજન્સી) તિરુવનંતપુરમ । તા. 19

કેરળના તિરુવનંતપુરમમાં કરિયાવટ્ટોમ સ્થિત સરકારી કોલેજમાં જુનિયર વિદ્યાર્થી પર રેગિંગ કરતાં સાત વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પીડિત વિદ્યાર્થીનું રેગિંગ કરી તેને ઢોરમાર મારવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે. પોલીસે પીડિત વિદ્યાર્થીનું નિવેદન લઈ એફઆઈઆર નોંધી છે.રેગિંગનો ભોગ બનેલા વિદ્યાર્થીના પિતાએ જણાવ્યા અનુસાર, પીડિત વિદ્યાર્થીને રેગિંગના કારણે ગંભીર ઈજાઓ થઈ છે અને તેની સારવાર ચાલી રહી છે. મિત્રો વચ્ચે ઝઘડો થયા બાદ તેનું રેગિંગ કરી તેના ઉપર ગંભીર રીતે હુમલો કરવામાં આવ્યો હતો.

પીડિતે મીડિયાને જણાવ્યું કે, આ ઘટના ત્યારે બની જ્યારે હું અને મારો મિત્ર અભિષેક કેમ્પસમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક સનિયર્સનું ટોળુ અમારી પાસે આવ્યું અને અમને રોક્યા. બાદમાં મને માર મારવાનું ચાલુ કર્યું. બાદમાં તેઓએ મને રૂમમાં બંધ કરી દીધો, મારો શર્ટ કાઢી નાખ્યો અને માર માર્યો. મારો મિત્ર ગમે-તેમ કરીને ત્યાંથી ભાગી ગયો અને પ્રિન્સિપાલને જાણ કરી.આ ઘટના ઉચ્ચ શિક્ષણ વિભાગ હેઠળની કોલેજમાં બની હતી. તેથી આવી પ્રવૃતિઓ સામે પગલાં લેવાની જવાબદારી પણ



તેની છે. એન્ટિ-રેગિંગ સેલ દ્વારા તાત્કાલિક હસ્તક્ષેપ કરવામાં આવ્યો હતો અને કથિત વિદ્યાર્થીઓને કેમ્પસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

### એન્ટી-રેગિંગ સેલ બનાવવાની યોજના

શિક્ષણ નિયામક કચેરીએ જણાવ્યું કે, 'અમે કેમ્પસમાં રેગિંગ પ્રવૃત્તિઓને રોકવા માટે રાજ્ય સ્તરીય એન્ટિ-રેગિંગ સેલ બનાવવાની યોજના બનાવી રહ્યા છીએ. અત્યારે, અમારી પાસે માત્ર 3-સ્તરની સિસ્ટમ છે, અમારી પાસે કૉલેજ સ્તરે, યુનિવર્સિટી સ્તરે અને UGC સ્તરે એન્ટિ-રેગિંગ સેલ છે. હવે, કેમ્પસમાં કેટલીક રેગિંગની ઘટનાઓ બની રહી છે. તેથી, અમે એન્ટી-રેગિંગ સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સ્તરીય સેલ બનાવવાનું નક્કી કર્યું છે.

### કોટ્ટાયમ સરકારી નર્સિંગ કોલેજમાં પણ રેગિંગ

પોલીસે જણાવ્યું હતું કે, તાજેતરમાં જ આવી જ એક ઘટના પ્રકાશમાં આવી હતી, જ્યાં પોલીસે 12 ફેબ્રુઆરીએ કોટ્ટાયમ સરકારી નર્સિંગ કોલેજમાં જુનિયર વિદ્યાર્થીઓને રેગિંગ કરવા બદલ કોલેજના પાંચ વિદ્યાર્થીઓની ધરપકડ કરી હતી.

## સનાતન બાદ હવે હિન્દીવિરોધી રાગ આલાપ્યો ઉદયનિધિ સ્ટાલિને, કહ્યું- અનેક ભાષાઓ ખતમ કરી...

તમિલનાડુ: તમિલનાડુના નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિનને જાહેર મંચ પર સનાતન ધર્મનો વિરોધ કર્યા બાદ હવે હિન્દી ભાષા પર નિશાનો સાધ્યો છે. સ્ટાલિને ચેતવણી આપી કે, હિન્દીના કારણે તમિળ ભાષા ખતમ થઈ શકે છે. આ દરમિયાન ફન્ડના મામલે વડાપ્રધાન અને કેન્દ્ર સરકાર પર પણ સવાલ કરવામાં આવ્યાં. 2023માં સ્ટાલિને સનાતન ધર્મની તુલના કોવિડ જેવી બીમારી સાથે કરી હતી.મંગળવારે રાજધાની ચેન્નઈમાં વિપક્ષી ગઠબંધન INDIA ની પાર્ટીએ કેન્દ્ર સરકાર સામે દેખાવ કર્યો હતો. મળતી માહિતી મુજબ, આ દરમિયાન સ્ટાલિને કહ્યું કે, 'હિન્દીએ ઉત્તર ભારતના રાજ્યોની સ્થાનિક ભાષા જેમ કે, રાજસ્થાની, હરિયાણવી, ભોજપુરી અને અન્ય બિહારી ભાષાને ખતમ કરી દીધી છે અને પ્રમુખ સ્થાનિક ભાષા બની ગઈ છે. જો તમિલનાડુમાં તેને લાગુ કરવામાં આવશે, તો અહીં પણ આવું જ થશે.'સ્ટાલિને કહ્યું કે, 'વિદેશ અને ISRO જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં કામ કરી રહેલાં લગભગ 90 ટકા તમિળ એવી સ્કૂલમાં હતાં, જ્યાં હિન્દી ભણાવવામાં નથી આવતી. ગત 100 વર્ષોમાં શિક્ષા અને હિન્દી લાગુ કરવાના મુદ્દે તમિલનાડુમાં મોટા દેખાવ થયા છે. થલમુથુ, નટરાજન અને કીઝપાલુપર ચિન્નાસ્વામી જેવા શહીદોએ રાજકારણ નહીં, પરંતુ તમિળ માટે પોતાનો જીવ ગુમાવી દીધો.

# અમેરિકન ડ્રીમ સાકાર કરવાના ચક્કરમાં 43 કરોડનો ધૂમાડો, વિલે મોઢે પાછા આવેલા પંજાબીઓ હવે કેસ કરશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

અમેરિકાએ હાથ-પગ બાંધીને અપમાનજનક હાલતમાં તગેડી મૂકેલા ભારતીયોની ઘરવાપસી થઈ રહી છે. અમેરિકામાં ગેરકાયદે ઘૂસવા માટે લોકોએ લાખો રૂપિયા ખર્ચ્યા હતા, જે હવે માથે પડ્યા છે. એકલા પંજાબના ગેરકાયદેસર વસાહતીઓએ જ અમેરિકન ડ્રીમ પૂરું કરવાના ચક્કરમાં ટ્રાવેલ એજન્ટોને 43 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. આંખ મીંચીને અજાણ્યા એજન્ટો પર વિશ્વાસ મૂકી દેવાયો હતો.5, 15 અને 16 ફેબ્રુઆરીએ અમૃતસરમાં અમેરિકાના ત્રણ લશ્કરી એરક્રાફ્ટ ઉતર્યા હતા. આ ત્રણ બેચમાં અમેરિકા દ્વારા કુલ 332 ભારતીયોને દેશનિકાલ કરાયા હતા, જેમાં 127 પંજાબીઓનો સમાવેશ થાય છે. આ 127



લોકોએ અમેરિકામાં ઘૂસ મારવા માટે જુદા-જુદા દેશના ટ્રાવેલ એજન્ટોને કુલ 43 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. આ આંકડો પંજાબ સરકારે આપ્યો છે.પંજાબ સરકારના અધિકારીઓ દ્વારા ગેરકાયદેસર વસાહતીઓને પૂછવામાં આવ્યું હતું કે, તેમણે કયા એજન્ટને કેટલા નાણાં ચૂકવ્યા હતા, જેને આધારે આ આંકડા મળ્યા છે. પ્રથમ બેચમાં આવેલા 31 પંજાબીઓએ અલગ-અલગ એજન્ટોને કુલ 4.95 કરોડ રૂપિયા ચૂકવ્યા હોવાનું કબૂલ કર્યું હતું. 65 લોકોની બીજી બેચે 26.97 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા અને 31 પંજાબીઓની ત્રીજી બેચે એજન્ટોને 11.37 કરોડ રૂપિયા ચૂકવ્યા હોવાનું સ્વીકાર્યું હતું. અલબત્ત, અમુક લોકોએ એજન્ટોને ચૂકવેલી રકમ જાહેર કરી ન હતી. એટલે એજન્ટોને ચૂકવાયેલ કુલ રકમનો આંકડો 43 કરોડ રૂપિયાથી વધુ જ હોવાનો. અમૃતસર એરપોર્ટ પર ઉતરેલા પંજાબીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, મોટાભાગના લોકોને ખબર જ નહોતી કે એમનો એજન્ટ ખરેખર ક્યાં રહે છે! કોઈના એજન્ટ પાકિસ્તાનના હતા, તો કોઈના દુબઈ. કોઈના યુરોપના હતા તો કોઈના મેક્સિકો. આવા વિદેશી એજન્ટોને ઓનલાઈન પેમેન્ટ કરવામાં આવ્યું હતું.

### નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશનનો રિપોર્ટ

## ડિસેમ્બર કવાર્ટરમાં બેકારીનો દર ઘટીને ૬.૪ ટકા : સર્વે

નવી દિલ્હી: નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશન (એનએસએસઓ)ના સર્વેક્ષણ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.બેકારીના દરને શ્રમ બળમાં બેકાર લોકોના ટકાના સ્વરૂપમાં પરિભાષિત કરવામાં આવે છે. ગત નાણાકીય વર્ષ (૨૦૨૩-૨૪)ના ડિસેમ્બર કવાર્ટરમાં બેકારીનો દર ૬.૫ ટકા હતો. જો કે ક્રમિક રીતે ગયા કવાર્ટર સાથે સરખામણી કરવા પર આ દર સ્થિર રહ્યો છે.૨૫મા પિરિયોડિકલ લેબર ફોર્સ સર્વે (પીએલએફએસ) અનુસાર ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના જુલાઇ-સપ્ટેમ્બર કવાર્ટરમાં શહેરી ક્ષેત્રોમાં ૧૫ વર્ષ અને તેનાથી વધુ ઉંમરવાળા લોકો માટે બેકારીનો દર ૬.૪ ટકાના સ્તરે રહ્યો હતો.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**ત્વરિત પાણી પુરવઠા પ્રણાલીની સ્થાપના માટે કરાર કામ**

ઈ-ટેન્ડર - નોટિસ સં : DRM (M) ADI/56/2024-25 તારીખ 18.02.2025 નીચેના કામ માટે પાત્ર કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. કામનું નામ : સાબરમતી સ્ટેશન (SBIB) ખાતે ત્વરિત પાણી પુરવઠા પ્રણાલીની સ્થાપના માટે કરારનું કામ. કરારનો સમયગાળો : 42 મહિના (ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ માટે 6 મહિના, 12 મહિનાની વોરંટી અને 24 મહિના CAMOC) ટેન્ડર સંખ્યા : M 137/1/3/PWP/2024-25 કામનો અંદાજિત ખર્ચ : ₹3,18,20,124.42/- (રૂપિયા ત્રણ કરોડ અઢાર લાખ વીસ હજાર એકસો ચોવીસ અને બેતાલીસ પૈસા માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટ (બિડ સિક્યોરિટી): ₹3,09,200/- (રૂપિયા ત્રણ લાખ નવ હજાર બેસો માત્ર) ટેન્ડર બંધ કરવાની અને ખોલવાની તારીખ અને સમય : બંધ થવાનો સમય તારીખ : 11/03/2025 ના રોજ 15:00 કલાક સુધી, ખુલવાનો સમય તારીખ : 11/03/2025 ના રોજ 15:30 કલાકે. વેબસાઇટ સરનામું, નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની માહિતી ઉપલબ્ધ હશે, જે ઓફિસમાંથી ટેન્ડર મંગાવવામાં આવ્યા છે તેનું સરનામું : વરિષ્ઠ. ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયરિંગ (સમ.) - અમદાવાદ ઓફિસ, બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નરોડા રોડ, પોસ્ટ : સૈજપુર બોઘા, અમદાવાદ - 382 345 http://www.ireps.gov.in 328

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**ઇલેક્ટ્રિકલ કાર્યો**

ઈ-ટેન્ડર - નોટિસ સંખ્યા : Sr.DEE/TR/ ADI/11 (2024-25) તારીખ - 17.02.2025 ટેન્ડર સંખ્યા : EL-TRD-ADI-T-10-2024-25 કાર્યનું નામ : રેલવે વિસ્તારમાં બે વર્ષ માટે અમદાવાદ વિભાગની પાવર સપ્લાય ઇન્સ્ટોલેશન (PSI) અને નોન-પાવર બ્લોક ઓવરહેડ ઇક્વિપમેન્ટ (OHE) જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ.અંદાજિત કિંમત : ₹3,75,53,088.08/- અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹3,37,800/- ટેન્ડર ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય : 18.03.2025 ના રોજ 15:00 કલાક સુધી. ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય : 18.03.2025 ના રોજ 15.30 કલાકે. ઓફિસનું સરનામું : સિનિયર. ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર. ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 652345 વેબસાઇટ સરનામું : www.ireps.gov.in 327

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# 'ગુટખા-પાન મસાલાના ખરીદ-વેચાણ પર પ્રતિબંધ...' ઝારખંડ સરકારનો મોટો નિર્ણય

(એજન્સી) ઝારખંડ । તા. 19

ઝારખંડ સરકારે રાજ્યમાં ગુટખા અને પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વપરાશ પર સંપૂર્ણ



પ્રતિબંધ લાદવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ મોટા નિર્ણયની જાહેરાત કરતા રાજ્યના આરોગ્ય મંત્રી ડૉ. ઈરફાન અંસારીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી હેમંત સોરેનના સ્વસ્થ ઝારખંડના સ્વપ્નને સાકાર કરવા માટે આ કડક પગલું લેવામાં આવ્યું છે. આ પ્રતિબંધ માત્ર એક નિયમ નથી પણ ઝારખંડના યુવાનોને વ્યસનના ચુંગાલમાંથી બચાવવા માટે એક ક્રાંતિકારી પહેલ છે.સ્વાસ્થ્ય મંત્રી ડૉ. અન્સારીએ કહ્યું, "આરોગ્ય સાથે રમત કોઈપણ કિંમતે સહન નહીં કરીએ. ગુટખા અને પાન મસાલાના કારણે કેન્સર જેવા જીવલેણ રોગો ઝડપથી વધી રહ્યા છે. આપણા યુવાનો ધીમે ધીમે મૃત્યુ તરફ આગળ વધી રહ્યા છે, અને હું તેમને મારી નજર સામે મરતા ન જોઈ શકું. એક ડૉક્ટર હોવાને કારણે હું જાણું છું કે આ ઝેર શરીરને કેટલી હદ સુધી નષ્ટ કરી શકે છે. જ્યારે જનતાએ મને આરોગ્ય મંત્રી બનાવ્યો છે, ત્યારે મારી પહેલી ફરજ તેમના જીવનનું રક્ષણ કરવાની છે." મંત્રીએ સ્પષ્ટતા કરી કે ગુટખાનું વેચાણ, સંગ્રહ અથવા સેવન કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. ગુટખા માફિયાઓ અને ગેરકાયદેસર વેપારીઓ પર ખાસ ધ્યાન રાખવામાં આવશે. જો કોઈ દુકાન, ગોડાઉન કે વ્યક્તિ પાસેથી ગુટખા મળી આવશે તો કડક કાયદાકીય કાર્યવાહી તો કરવામાં આવશે જ, સાથે ગોડાઉનને સીલ પણ કરવામાં આવશે. આ આદેશનું કડક પાલન કરવા આરોગ્ય વિભાગ અને વહીવટીતંત્રને કડક સૂચનાઓ આપવામાં આવી છે.ડૉ. અન્સારીએ કહ્યું, "માતાઓ અને બહેનો સતત મને વિનંતી કરી રહી હતી કે તેમના બાળકો અને ભાઈઓ નશા-વ્યસનના ચુંગાલમાં ફસાઈને પોતાનું જીવન બરબાદ કરી રહ્યા છે. મેં તેમનું દુઃખ સમજીને આ મક્કમ નિર્ણય લીધો. આ ફક્ત પ્રતિબંધ નથી, પરંતુ કેન્સરને કારણે પોતાના બાળકો ગુમાવનારા પરિવારોને સાચી શ્રદ્ધાંજલિ છે."

# હરિયાણામાં કોંગ્રેસને મોટો ઝટકો, સ્થાનિક એકમની ચૂંટણી પહેલા 50 નેતાના પાર્ટીને રામ-રામ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

હરિયાણામાં 2 માર્ચે નાગરિક ચૂંટણી યોજાવાની છે અને તે પહેલા કરનાલમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસના 50 જેટલા નેતાઓ ભાજપમાં જોડાયા છે. આ દરમિયાન મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની અને પ્રદેશ અધ્યક્ષ મોહન લાલ બડોલી પણ હાજર હતા. ભાજપમાં સામેલ થયેલા નેતાઓમાં હરિયાણા લઘુમતી આયોગના પૂર્વ અધ્યક્ષ ત્રિલોચન સિંહ, કોંગ્રેસના પૂર્વ જિલ્લા અધ્યક્ષ અશોક ખુરાના, કરનાલ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ અધ્યક્ષ બલવિંદર કાલરાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત AAP નેતા સંજય બિંદલ, કોંગ્રેસ OBC સેલના જિલ્લા અધ્યક્ષ સંજય ચંદેલ અને ઘણા પૂર્વ કાઉન્સિલરો પણ ભાજપમાં જોડાયા હતા. કોંગ્રેસ નેતા નિટ્ટુ માન પણ ભાજપમાં જોડાયા છે.કરનાલ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે અને કોંગ્રેસના વધુ કેટલાક નેતાઓના આગમનથી પાર્ટી મજબૂત થશે. અહીંથી ભાજપે રેણુ બાલા ગુપ્તાને મેયરના ઉમેદવાર બનાવ્યા છે. સીએમ નાયબ સિંહ સૈનીએ કહ્યું, 'હું બીજેપી નેતાઓનું સ્વાગત કરું છું. તમારા સહયોગથી અમારી તાકાત વધશે અને અમે સંપૂર્ણ સમર્પણ સાથે જનતાની સેવા કરી શકીશું. આ નેતાઓએ કોંગ્રેસ છોડ્યા બાદ પાર્ટીમાં ભારે ખળભળાટ મચી ગયો છે.'કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે, પૂર્વ ડેપ્યુટી મેયર મનોજ વાધવાને મેયરના ઉમેદવાર બનાવવામાં આવતા લોકો નિરાશ થયા છે. પાર્ટીના લોકો તેમને પસંદ નથી કરતા અને આ કારણે તેમણે રાજીનામું આપ્યું છે. કોંગ્રેસ છોડવાના સમાચાર બાદ પાર્ટીના નેતાઓ પણ બળવાખોરોને મળ્યા હતા. મેયરના ઉમેદવાર મનોજ વાધવા પોતે અનેક આગેવાનોના સ્થળોએ પહોંચીને તેમને સમજાવવાના પ્રયાસો કર્યા હતા.

જો કે, તેના પ્રયત્નોની કોઈ ખાસ અસર જોવા મળી ન હતી. તેમને ઉમેદવાર બનાવવાથી નારાજ નેતાઓએ કહ્યું હતું કે તેઓ ભાજપમાં જોડાશે અને બપોરે યોજાયેલા કાર્યક્રમમાં સભ્યપદ લઈ લેશે. ત્રિલોચન સિંહે કહ્યું કે, હું ભાજપમાં જોડાયો છું. કોંગ્રેસ હવે જનહિતના મુદ્દાઓથી ભટકી રહી છે. એટલા માટે મેં પાર્ટી છોડી દીધી છે. આ દરમિયાન તેમણે બે વખત ચૂંટણી લડવાની તક આપવા બદલ કોંગ્રેસ નેતૃત્વનો આભાર માન્યો હતો. આ સિવાય તેમને લઘુમતી આયોગના અધ્યક્ષ પણ બનાવવામાં આવ્યા હતા.

### ડ્રગ્સથી બચાવવા માટે અભિયાન ચલાવવા માટે કહ્યું હતું

## 'સંગમમાં ડૂબકી લગાવવાથી મોક્ષ ના મળે...', શ્રી શ્રી રવિશંકરનું મોટું નિવેદન

પ્રયાગરાજ : આધ્યાત્મિક ગુરુએ એક મોટી વાત કહી છે. જાણો સંગમ સ્નાન વિષે આધ્યાત્મિક ગુરુએ શું કહ્યું શ્રી શ્રી રવિશંકરે કહ્યું કે, 'માત્ર ડૂબકી લગાવવાથી મોક્ષ નથી મળતો. મોક્ષ જ્ઞાન દ્વારા પ્રાપ્ત થાય છે. કુંભમાં આવતા ઋષિ-મુનિઓ પાસેથી જ્ઞાન લો અને તમારું જીવન સુધારો. કુંભમાં સરકાર અને પ્રશાસન દ્વારા સારી વ્યવસ્થા કરવામાં આવી છે .આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરે ખાપ પંચાયતોને દરેક ગામને ડ્રગ્સથી બચાવવા માટે અભિયાન ચલાવવા માટે કહ્યું હતું. તેમજ તેમણે કહ્યું હતું કે, 'ડ્રગ્સનું સેવન કરતા લોકોને યોગ સાથે જોડો અને ડ્રગ્સ વેચનારાઓ વિશે પોલીસને જાણ કરો.'શ્રી શ્રી રવિશંકરે આ કાર્યક્રમમાં ખાપને સંદેશ આપ્યો કે, 'પોતપોતાના ગામોમાં વ્યસન મુક્તિનો સંદેશ ફેલાવો અને નશાના આ દલદલમાં ફસાયેલા યુવાનોને બચાવો. હું માત્ર એટલું જ કહેવા માંગુ છું કે યુવાનોએ ડ્રગ્સથી દૂર રહેવું જોઈએ. તે તેમની વચ્ચે ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યું છે, જેના કારણે તેમનું ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે.'

અભિયાનને સમર્થન આપતાં રવિશંકર મહારાજે કહ્યું કે, 'લગ્ન એક ગામ અને એક કુળમાં ન થવા જોઈએ. જાતિને બચાવવા માટે આ કરવું જરૂરી છે. તેથી હિન્દુ મેરેજ એક્ટમાં સુધારો કરવો જોઈએ. આ રૂઢિચુસ્તતા નથી પરંતુ તેનો વૈજ્ઞાનિક આધાર છે.'

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**"પે એન્ડ પાર્ક" ના કોન્ટ્રાક્ટ માટે ઇ-હરાજી**

ઉપરોક્ત સંદર્ભમાં, "પે એન્ડ પાર્ક" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી 04.03.2025 ના રોજ યોજાશે. ઈ-હરાજી 04.03.2025 ના રોજ સવારે 11:00 વાગ્યે શરૂ થશે. આ કેટલોગ પહેલાથી જ www.ireps.gov.in વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે:

| કેટલોગ સંખ્યા | કરારના પ્રકારો | લોટ સંખ્યા | કરારનો સમયગાળો |
|---|---|---|---|
| C481-BRC-040325 | પે એન્ડ પાર્ક | PARKING-BRC-BRC-TW-45-25-2 (ટુ વ્હીલર પાર્કિંગ) વડોદરા રેલવે સ્ટેશન પર હીરક બાગની બાજુમાં | 03 વર્ષ |

308

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**'SLR ના લીઝિંગ' ના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

ઉપરોક્ત સંદર્ભમાં, 'SLR ના લીઝિંગ' ના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવ્યા છે. IREPS વેબસાઈટ પર યાદી પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે. જેની વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે

| કેટલોગ નં | કરારના પ્રકારો | ક્રમ નંબર | લોટ નં. | કરાર સમયગાળો | લોટ સમાપ્તિ તારીખ સમય |
|---|---|---|---|---|---|
| E-SLR-RJT-09-24 | SLR નું લીઝિંગ | AA/1 | 16734-SLR-R1-ઓખા-RMM-24-1 | 02 વર્ષ | બધા લોટ માટે ઇ-ઓક્શન 28-02-25 સવારે 10:00 વાગ્યે શરૂ થશે. પ્રારંભિક કૂલિંગ ઓફ પિરિયડ 30 મિનિટ છે. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટ છે લોટ મુજબ બંધ થવાનો સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં દર્શાવવામાં આવશે. |
| | | AA/2 | 16613-SLR-R1-RJT-CBE-22-1 | | |
| | | AA/3 | 20820-SLR-R1-ઓખા-પુરી-25-1 | | |

172

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સિટી એક્સપ્રેસ
THURSDAY 20 FEBRUARY-2025
AHMEDABAD

### આલમપુર ગામના ગોડાઉનમાં દારૂ રાખનાર આરોપી વર્ષ પછી પકડાયો

ગાંધીનગર | આલમપુર એપીએમસી પાસે એક ગોડાઉન ભાડે રાખવામાં આવ્યુ હતુ અને તેમાં વિદેશી દારૂ ભરવામાં આવ્યો હતો. આ બનાવની માહિતી મળતા ચિલોડા પોલીસે રેડ કરી હતી અને દારૂના જથ્થાને ઝડપી લીધો હતો. ત્યારે દારૂ રાખનાર આરોપી રેડ બાદ ફરાર થઇ ગયો હતો. પોલીસે એક વર્ષે ફરાર આરોપીને ધણપ પાસેથી ઝડપી લીધો હતો. ચિલોડા પોલીસ મથકની ટીમ પોલીસ ચોપડે નોંધાયેલા આરોપીઓનુ લીસ્ટ તૈયાર કરીને શોધખોળ હાથ ધરી રહી હતી.

### ગેટ ઉપરનું બેરિયર નહીં ખુલતા યુવાને સિક્યોરિટીને માર માર્યો

ગાંધીનગર | મૂળ અમરેલીના હાલ ખાતે કેપિટલ ક્રાઉન વસાહતમાં રહેતા અને રાયસણમાં જ આવેલી સામર્થવિલા સોસાયટીમાં સિક્યુરિટી જવાન તરીકે ફરજ બજાવતા ભીમાભાઈ દાનાભાઈ જાતવડાએ ફરિયાદ નોંધાવી હતી કે, ગત રવિવારના રોજ તેઓ ફરજ ઉપર હાજર હતા તે સમયે વસાહતમાં રહેતા દેવ તરુણભાઈ પટેલ કાર લઈને નીકળ્યા હતા. જોકે સોસાયટીમાં જે કાર ઉપર સ્ટીકર લગાવેલું હોય તે કાર માટે બેરિયર આપોઆપ ખુલી જતું હોય છે પરંતુ તેમની કારમાં સ્ટીકર નહીં હોવાથી બેરિયર ખુલ્યું ન હતું.



# 15 મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રના મંગલ પ્રારંભે રાજ્યપાલનું વિધાનસભા ગૃહને સંબોધન

ગાંધીનગર સંવાદદાતા । વિજયવીર યાદવ



'ગુજરાત' શબ્દ સાંભળતાં જ આપણા માનસપટ પર વિકાસનો નકશો ઊભરી આવે છે. ગુજરાતના ઈતિહાસમાં પાછલા અઢી દાયકાનો શાસનકાળ ગુજરાતના સુવર્ણયુગ સ્વરૂપે લોકહૃદયમાં અંકિત છે. 15 મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રના મંગલ પ્રારંભે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ વિધાનસભા ગૃહને સંબોધતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારના પાછલા બે વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના રહ્યા છે. વિકાસની તમામ યોજનાઓમાં GYAN - ગરીબ, યુવા, અન્નદાતા-ખેડૂત અને નારીશક્તિ કેન્દ્રસ્થાને રહ્યા છે. ગુજરાતે પાછલા ત્રણ વર્ષોમાં વિવિધ 12 પૉલિસીઓનો અસરકારક અમલ કરીને 'પૉલિસી ડ્રિવન સ્ટેટ' તરીકેની છબી વધુ મજબૂત કરી છે.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, વિકસિત ભારત' માટે 'વિકસિત ગુજરાત'ના ધ્યેય મંત્ર સાથે રાજ્ય સરકારે વિકસિત ગુજરાત@૨૦૪૭ ડાયનેમિક ડોક્યુમેન્ટ- રોડમેપ તૈયાર કર્યો છે. 'અર્નિંગ વેલ' અને 'લિવિંગ વેલ' એમ બે મુખ્ય પિલ્લર પર આધારિત આ રોડમેપ દ્વારા રાજ્યના લોકોનું જીવનધોરણ સુગમ અને સર્વોત્તમ બનાવવાનાં અને સમૃદ્ધિને અર્થવ્યવસ્થામાં સહભાગી બનાવવાના લક્ષ્ય સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, પ્રો-એક્ટિવ પૉલિસીઝ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, મૂડી રોકાણકારો માટે સાનુકૂળ માહોલ, સુગ્રથિત ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉચ્ચ જીવનધોરણ જેવા પરિબળો થકી ગુજરાત આજે દેશ અને દુનિયાના રોકાણકારો માટે 'ડેસ્ટિનેશન ઓફ ફર્સ્ટ ચોઈસ' બન્યું છે.

## જુની અદાવતમાં યુવકનું માથું છુંદીને મોતને ઘાટ ઉતાર્યો

અમદાવાદ : અમદાવાદ શહેરના નારોલમાં મોડી રાતે ખુનીખેલ ખેલાયો હતો. હત્યાના બનાવથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. જુની અદાવતને કારણે મોડી રાતે માથાભારે શખસે યુવકનું મોઢું છૂંદીને ઘાતકી હત્યા કરી છે. શખસ એટલી બેહરેમીથી યુવકની હત્યા કરી હતી કે, તેની ઓળખ કરવી પણ મુશ્કેલ હતી. યુવક પાસેથી મળી આવેલા મોબાઈલથી પોલીસે તેના પિતાને ફોન કરીને જાણ કરી હતી. મૃત યુવકનું ટેટુ જોતાની સાથે જ તેના પિતાએ તેને ઓળખી બતાવ્યો હતો. પોલીસે મોડીરાતે હત્યાકાંડને અંજામ આપનાર શખસની ધરપકડ કરી છે.

# ગુજરાતના 4 મોટા શહેરોમાં લાગુ થયો 'SHASTRA' પ્રોજેક્ટ, ગુનાઓ રોકવા માટે પોલીસ એક્શનમાં

(એજન્સી) ગાંધીનગર । તા. 19



ગુજરાત પોલીસે ડેટા સંચાલિત પુલિસિંગ પર ભાર મૂકતાં ઈ-ગુજકૉપના ડેટાનું અધ્યયન કરી ફિઝિકલ ક્રાઈમના હૉટ સ્પૉટનું એનાલિસિસ કર્યું છે. જેમાં 4 પ્રમુખ કમિશનરેટ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના 33 પ્રભાવિત પોલીસ સ્ટેશનની ઓળખ કરવામાં આવી છે. જેમાં જાણ થઈ કે, સાંજે 6 વાગ્યાથી રાત્રે 12 વાગ્યાની વચ્ચે વધારે શારીરિક ગુના થાય છે. જેને લઈને રાજ્યના ડીજીપી વિકાસ સહાયે વિશેષ યોજના હેઠળ 'SHASTRA'(Sharir Sambandhi Tras Rokva Abhiyan) પ્રોજેક્ટ લાગુ કર્યો છે. ગુજરાત પોલીસ દ્વારા ગત એક વર્ષમાં ગુજરાતમાં થયેલા ફિઝિકલ ક્રાઈમનું એનાલિસિસ કરવામાં આવ્યું છે. જેનાથી જાણ થાય છે કે, આખાય ગુજરાતમાં કુલ ફિઝિકલ ક્રાઈમમાંથી લગભગ 25 ટકા ક્રાઈમ ચાર મહાનગરોમાં થાય છે. એવું પણ જોવા મળ્યું છે કે, તેમાંથી 45 ટકા ગુના સાંજે 6 વાગ્યાથી રાત્રે 12 વાગ્યાની વચ્ચે થયા છે. પોલીસ રિસર્ચમાં સામે આવ્યું કે, અમદાવાદના 50 પોલીસ સ્ટેશનમાંથી 12 પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં 50 ટકાથી વધારે ફિઝિકલ ગુના થાય છે. આ સિવાય સુરતના 33 પોલીસ સ્ટેશનમાંથી 9, વડોદરાના કુલ 27 પોલીસ સ્ટેશનમાંથી 7 અને રાજકોટમાં કુલ 15 પોલીસ સ્ટેશનમાંથી 5માં 50 ટકાથી વધુ ગુના થઈ રહ્યા છે. ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલા એનાલિસિસ બાદ ડીજીપી વિકાસ સહાયના ફિઝિકલ ગુનાઓને નિયંત્રિત કરવા માટે ચાર મહાનગરોના 33 પોલીસ સ્ટેશનમાં 'SHASTRA' (Sharir Sambandhi Tras Rokva Abhiyan) પ્રોજેક્ટ લાગુ કર્યો છે. તેમાં 'Evening Policing' પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

**આ પોલીસ સ્ટેશનમાં નોંધાયા સૌથી વધુ ગુના :** ગુજરાતના પ્રમુખ કમિશનરેટ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના 33 પ્રભાવિત પોલીસ સ્ટેશનની ઓળખ કરવામાં આવી છે, તેમાં અમદાવાદના ગોમતીપુર, કાગઠાપીઠ, રામોલ, દાણીલીમડા, અમરાઈવાડી, બાપુનગર, વેજલપુર, શાહીબાગ, નરોડા, સોલા હાઈકોર્ટ, ઈસનપુર, નારોલ પોલીસ સ્ટેશન સામેલ છે. વળી, સુરત શહેરના ડિંડોલી, અમરોલી, પાંડેસરા, લિંબાયત, સરથાના, કપોદરા, ભેસ્તાન, ઉતરન, પુના પોલીસ સ્ટેશન સામેલ છે. વડોદરાના માંઝલપુર, ગોરવા, ફતેગંજ, મકરપુરા, પાનિગેટ, કપુરાઈ, હરણી પોલીસ સ્ટેશન સામેલ છે. જોકે, રાજકોટ શહેરના બી ડિવિઝન, ગાંધીધામ 2 (યુનિવર્સિટી), આજીડેમ, થોરાલા, ભક્તિનગર પોલીસ સ્ટેશન સામેલ છે.

# સોલા સિવિલની OPDમાં 24 હજાર દર્દીમાંથી 9 હજાર દાખલ

(એજન્સી) અમદાવાદ । તા 19



સિવિલ અને સોલા સિવિલમાં પાણીજન્ય રોગચાળાના કેસમાં 25 ટકાનો વધારો નોંધાયો છે. આ સાથે શરદી-ખાંસી અને તાવ જેવા વાઈરલ ઈન્ફેક્શન કેસમાં પણ સામાન્ય વધારો થયો છે.સિવિલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ કહ્યું કે, ફેબ્રુઆરીના 18 દિવસમાં ડેન્ગ્યુના 12, કમળાના 85, ચિકનગુનિયાના 7, ઝાડા-ઊલટીના 86, વાઈરલ ઈન્ફેક્શનના 136 કેસ નોંધાયા છે. પરંતુ, લગ્ન સિઝનને કારણે ઝાડા-ઊલટી જેવાં પાણીજન્ય રોગોમાં વધારો થયો છે. જાન્યુઆરીમાં ઝાડા-ઊલટીના 99 કેસ નોંધાયા હતા. સોલા સિવિલ હોસ્પિટલના આંકડા મુજબ, હોસ્પિટલમાં ફેબ્રુઆરીના બે અઠવાડિયામાં ઓપીડીમાં કુલ 24 હજાર દર્દી સારવાર માટે આવ્યા હતા. જેમાંથી 9 હજારને દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં ચાલી રહેલી ડબલ સિઝનના કારણે બે અઠવાડિયામાં વાઈરલ ઈન્ફેક્શનના 196, કમળો અને ઝાડા-ઊલટીના જેવા પાણીજન્ય રોગોના 28 કેસ નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, ખાનગી હોસ્પિટલોમાં પણ વાઈરલ ઈન્ફેક્શનના તેમજ ઝાડા-ઊલટીના સંખ્યાબંધ કેસ નોંધાયા છે.

# સમયસર અને નિયમિત નોકરીએ આવવું પડશે!: AMCના અધિકારીઓ-કર્મચારીઓની હાજરી 12:30 સુધીમાં ભરાશે

(એજન્સી) અમદાવાદ । તા 19



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ સમયસર અને નિયમિત નોકરી ન કરતા હોવાના કારણે પ્રજાકીય કામો ઉપર અસર થતાં મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા તમામ અધિકારીઓને કર્મચારીઓની હાજરી પર સુપરવિઝન રાખવા અંગેનું નિર્ણય લીધો છે. ઓફિસ આવવાના સમયના બે કલાકમાં જ તેઓની હાજરી અંગેની માહિતી જે તે વિભાગના અધિકારીએ ગુગલ શીટમાં મોકલી આપવાની રહેશે. રજા હોય તો તેની મંજૂરી લીધી છે કે કેમ? તેની પણ માહિતી આપવાની રહેશે. જે તે વિભાગના વડા અને બિલ ક્લાર્ક દ્વારા પે રોલ મુજબના વર્ગ એકથી ચારના કર્મચારીઓની હાજરી અંગે બપોરે 12:30 વાગ્યા સુધીમાં તમામ માહિતી ભરી અને મોકલી આપવાની રહેશે, જેને લોક રાખવામાં આવશે. ત્યારબાદ હાજરી ભરી શકાશે નહીં. ત્યારબાદ નોકરી આવ્યા તો પણ ગેરહાજરી નોંધાઈ શકે છે. સફાઈ કામદાર અંગેની હાજરી પણ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા એકત્રિત કરીને સેન્ટ્રલ ઓફિસને મોકલવાની રહેશે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા અધિકારીઓને કર્મચારીઓ સમયસર અને નિયમિતપણે નોકરી આવે તેને ધ્યાનમાં રાખીને નવો પરિપત્ર બહાર પાડ્યો છે. જેમાં જણાવ્યું છે કે, હવેથી રોજ રોજ સવાર ફીલ્ડ ડ્યુટીમાં જે કર્મચારીઓ આવતા હોય તેવા કર્મચારીઓની હાજરીની માહિતી સવારે 10 વાગ્યા સુધીમાં તેમજ જે ઓફિસનો સમય સવારે 9થી 5 વાગ્યા સુધીનો છે, તેની માહિતી સવારના 11 સુધીમાં તેમજ ઓફિસનો સમય 10.30નો છે તેની માહિતી 12.30 સુધીમા સંબધિત ખાતાના અધિકારીએ મોકલવાની રહેશે.

### મંજૂરી વગર રજા પર ગયેલા સામે કાર્યવાહી કરાશે

વિભાગનાં કેટલા કર્મચારીઓ આજરોજ હાજર છે, કેટલા રજા ઉપર છે, તેમજ કેટલા રજા મંજૂર કરાવીને ગયા છે, કેટલા કર્મચારીઓ રજા મંજૂર કરાવ્યા સિવાય ગેરહાજર છે, તેમજ સસ્પેન્ડ કર્મચારીઓની માહિતી પણ દરરોજ બપોરના 12.30 ભરવાની રહેશે. રજા મંજૂર કરાવ્યા સિવાય ગેરહાજર રહેલા અધિકારી-કર્મચારીની ગેરહાજરી બાબતે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

# શિયાળો હવે વિદાય ભણી, બે-ત્રણ દિવસમાં આકરી ગરમીના એંધાણ

(એજન્સી) અમદાવાદ । તા 19



જમ્મુ-કાશ્મીરમાં સક્રિય થયેલું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આગળ વધ્યું છે. આગામી 24 કલાક પછી અમદાવાદનું તાપમાન 1થી 2 ડિગ્રી સુધી ઘટી શકે છે. પરંતુ હવે શહેરમાં કડકડતી ઠંડી પડવાની શક્યતા નહીં હોવાનું હવામાન વિશેષજ્ઞનું કહેવું છે. હવામાન વિભાગના આંકડા મુજબ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમના પવનો શરૂ થયાં હતા. અમદાવાદનું મહત્તમ તાપમાન સોમવાર કરતાં 0.4 ડિગ્રી ગગડીને 34.4 ડિગ્રી અને લઘુતમ તાપમાનમાં 1.8 ડિગ્રીનો વધારો થઈને 21 ડિગ્રી નોંધાયું છે. અમદાવાદના હવામાન વિભાગના પૂર્વ ડાયરેક્ટર ડો. ડી.બી. દુબે જણાવે છે કે, જમ્મુ-કાશ્મીર વિસ્તારમાં સક્રિય થયેલાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અમદાવાદના તાપમાનમાં વધારો થયો હતો. આગામી દિવસોમાં અમદાવાદ સહિત રાજ્યમાં ક્રમશ ગરમીમાં વધારો થવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી મોટાભાગના શહેરોમાં લઘુતમ તાપમાન 2થી 6 ડિગ્રી વધ્યું નોંધાયુ હતું. મંગળવારે રાજકોટમાં 35.3 ડિગ્રી ગરમી નોંધાઈ હતી. જ્યારે રાજ્યના 10 શહેરોમાં લઘુતમ તાપમાન 20થી 22 ડિગ્રીની આસપાસ રહ્યું હતું.

# સગીર દીકરીએ મોજશોખ પૂરા કરવા ચોરી શરૂ કરી, સિમ વગરનો મોબાઈલ મળતાં ભાંડો ફૂટ્યો

(એજન્સી) અમદાવાદ । તા 19

15 વર્ષીય સગીરા મોજશોખ પૂરા કરવા પાડોશીઓના ઘરમાંથી રૂ. 200, 500, દાગીના, ફોન જેવી વસ્તુઓની ચોરી કરવાના રવાડે ચઢી ગઈ હતી. તેણે પાડોશીના ફોનની ચોરી કરી ત્યારે તેના પિતા-નાનીને આખી ઘટનાની જાણ થઈ હતી. બંનેએ તેને સમજાવી તો ઝઘડો કરી ધમકી આપવા લાગતા કંટાળેલા પિતાએ દીકરીને સમજાવવા રડતાં રડતાં અભયમને ફોન કરી મદદ માગી. પૂર્વ વિસ્તારમાં પોતાની નાનીના ઘરે રહેતી 15 વર્ષીય સગીરા નાનીનું કહ્યું માનતી ન હતી અને પોતાની મરજી મુજબ જ કરતી હતી. રોજ સાંજે 7 વાગે મિત્રો સાથે બહાર જવાનું કહી નીકળી જતી અને મોડી રાતે 11.30 વાગે ઘરે આવતી હતી. એક દિવસ સગીરાના પિતા નાનીના ઘરે આવ્યા ત્યારે દીકરી મોડી રાતે 11.30 વાગે ઘરે આવી હતી અને તેની પાસેથી સિમ વગરનો ફોન મળ્યો હતો, જેથી સગીરાને પૂછતાં તેણે કોઈ જવાબ આપ્યો નહોતો. ત્યાર બાદ વધુ પૂછપરછ કરતા રમવાના બહાને પાડોશીના ઘરે જઈ ઘરમાંથી રોકડ તથા ફોનની ચોરી કરતી અને તેના પૈસાથી મોજશોખ પૂરા કરતી હોવાનું જણાયું હતું. તેથી પિતાએ તેને સમજાવી, પરંતુ તે કશું સમજવા તૈયાર ન હતી અને નાની-પિતા સાથે ઝઘડો કરી ધમકી આપતી હતી. આથી પિતાએ રડતાં રડતાં ફોન કરી અભયમની મદદ માગતા અભયમ ટીમે ઘટનાસ્થળે આવી સગીરાનું કાઉન્સેલિંગ કરી ચોરી ગુનો છે તેવી કાનૂની સમજ આપી હતી. ઉપરાંત અભયમની ટીમે તેના લાંબા ગાળાના કાઉન્સેલિંગ માટે મનોચિકિત્સકની સારવાર લેવાની સલાહ આપી હતી. સગીરાના સારા ભવિષ્યના હેતુથી પિતાએ તેને હોસ્ટેલમાં મૂકી હતી. તેને બ્રશ કરવું, નાહવું ગમતું ન હતું. અઠવાડિયામાં એક વાર જ નાહતી હતી. લઘુશંકા માટે જવું ગમતું નહોતું, તેથી પોતાના બેડ પર જ લઘુશંકા કરી લેતી. આથી હોસ્ટેલના લોકોએ ફરિયાદ કરતા તેને હોસ્ટેલમાંથી કાઢી મૂકતાં તે પિતાના ઘરે પરત આવી હતી, પરંતુ પિતા સાથે ઝઘડા કર્યા કરતી હોવાથી પિતાએ સગીરાને નાનીના ઘરે રહેવા-ભણવા માટે મોકલી હતી.

# ગુજરાત યુનિ.માં વર્ષમાં બીજી વખત પ્રવેશ પ્રક્રિયા શરૂ: વિવિધ કોર્સમાં વિદ્યાર્થીઓને ઓડ-ઈવન સિસ્ટમથી સીધું સેમેસ્ટર-2માં એડમિશન

(એજન્સી) અમદાવાદ । તા 19



ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ વખત વર્ષમાં બીજી વખત પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની છે. વિદ્યાર્થીઓને વિવિધ કોર્સમાં સીધું સેમેસ્ટર-2માં એડમિશન આપવામાં આવશે. હવે વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-2નો અભ્યાસ કરવાનો રહેશે. જે વિદ્યાર્થીઓ એડમિશન લેશે તેમને ઓડ-ઈવન સિસ્ટમથી પ્રવેશ આપવામાં આવશે. આ સિસ્ટમથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર કોઈ અસર નહીં થાય. સિલેબસ પણ તે રીતે નક્કી કરવામાં આવશે. સામાન્ય રીતે ગુજરાત યુનિવર્સિટી દ્વારા વર્ષમાં એક જ વખત પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવે છે પરંતુ, હવે નવી એજ્યુકેશન પોલિસી પ્રમાણે વર્ષ 2025થી ગુજરાત યુનિવર્સિટી દ્વારા વર્ષમાં બે વખત એડમિશન કરવામાં આવશે. નિયમિત એડમિશન જૂન મહિનામાં થશે તે ઉપરાંત બીજી વખત એડમિશન જાન્યુઆરી-ફેબ્રુઆરી મહિનામાં કરવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા એડમિશનને લઈને પ્રવેશ પ્રક્રિયા પણ જાહેર કરવામાં આવી છે. વિવિધ કોર્સની 6212 બેઠકો ઉપર યુનિવર્સિટી દ્વારા પ્રવેશ આપવામાં આવશે. આ પ્રક્રિયામાં અગાઉ પ્રવેશથી વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓ એડમિશન મેળવી શકશે. જે વિદ્યાર્થીઓ આ પ્રવેશ પ્રક્રિયા દ્વારા પ્રવેશ મેળવશે, તેમને સીધું સેમેસ્ટર-2માં પ્રવેશ આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-1ની પરીક્ષા સેમેસ્ટર-3ની જગ્યાએ આપવાની રહેશે. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-4ની પરીક્ષા નિયમિત વિદ્યાર્થીઓ સાથે આપવાની રહેશે અને સેમેસ્ટર-5ની જગ્યાએ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-3ની પરીક્ષા આપવાની રહેશે. આમ, સમગ્ર પ્રક્રિયામાં વિદ્યાર્થીઓએ અભ્યાસ અને સેમેસ્ટર ઈવન-ઓડ સિસ્ટમથી કરવાનો રહેશે. વર્ષમાં બે વખત પરીક્ષા યોજાય છે, જેમાં સામાન્ય રીતે સેમેસ્ટર 1, 2,3,4,5 અને 6 તે રીતે પરીક્ષા લેવાય છે પરંતુ, બીજી વખતની પ્રવેશ પ્રક્રિયામાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે, તેમણે ક્રમાંક સેમેસ્ટર 2,1,4,3,6 અને 5ની પરીક્ષા આપવાની રહેશે. ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર એન.કે ગજ્જરે જણાવ્યું હતું કે, આ પ્રકારની સિસ્ટમથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર કોઈ અસર નહીં થાય. વિદ્યાર્થીઓને કોઈ નુકસાન પણ નહીં થાય. નવી એજ્યુકેશન પોલિસી પ્રમાણે વિદ્યાર્થીઓનો અભ્યાસ અને સિલેબસ પણ તે રીતે સેટ કરવામાં આવશે. આ પ્રવેશ પ્રક્રિયામાં પણ GCAS પર ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. 20થી 24 ફેબ્રુઆરી દરમિયાન વિદ્યાર્થી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વિદ્યાર્થીઓએ તેમની પસંદગીની કોલેજ કોર્સમાં અરજી ફોર્મની હાર્ડ કોપી જમા કરાવવાની રહેશે. કોલેજોએ વિદ્યાર્થીનું ફોર્મ સ્વીકારીને ચકાસણી કર્યા બાદ મેરીટના આધારે GCAS પર ઓનલાઈન પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. 27 ફેબ્રુઆરી સુધી વિદ્યાર્થીઓનો એડમિશન કન્ફર્મ થઈ જશે.

# રાજકોટની હોસ્પિટલના CCTV ફૂટેજ વેચનારા ઝડપાયા

## અમદાવાદ સાયબર ક્રાઈમે મહારાષ્ટ્રમાંથી બે આરોપીની ધરપકડ કરી, પૂછપરછમાં નવા ખુલાસા થઈ શકે

(એજન્સી) અમદાવાદ । તા 19



રાજકોટની હોસ્પિટલમાં મહિલાઓના સારવાર દરમિયાનના ચેકઅપના સીસીટીવી વેચવાના કૌભાંડમાં અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રથી બે આરોપી ધરપકડ કરી છે. આ બંને આરોપીઓ ટેલિગ્રામ ચેનલમાં આ પ્રકારના દશ્યો વેચતા હતા. આ માટે તેઓ લોકો પાસેથી મોટી રકમ લેતા હોવાની વિગતો પણ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ પાસે આવી છે. બીજી તરફ રાજકોટની હોસ્પિટલમાંથી સીસીટીવી આઈપીના આધારે હેક થયા હોવાની પણ સ્પષ્ટતા અમદાવાદ સાયબર ક્રાઈમ પાસેથી થઈ રહી છે. ટૂંક સમયમાં મહારાષ્ટ્રથી બન્ને આરોપીને લઈ અમદાવાદ સાઈબર ક્રાઈમ ગુજરાત પહોંચશે. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચના અધિકારી પાસેથી મળતી માહિતી પ્રમાણે, મહિલાઓના સારવાર દરમિયાન સીસીટીવી ફૂટેજ મેળવીને અલગ-અલગ લોકોને ટેલિગ્રામ ચેનલ પર જોવા માટે લિંક મોકલવાના પ્રકરણમાં બે આરોપીને અમદાવાદ સાઈબર ક્રાઈમ બ્રાન્ચની ટીમે મહારાષ્ટ્રના બે અલગ-અલગ જિલ્લામાંથી ધરપકડ કર્યા છે. આ બંને આરોપીઓ પહેલાથી આ પ્રકારે મહિલાઓના અશ્લીલ વીડિયો વેચીને કમાણી કરતા હતા. હજી પણ આ સમગ્ર દિશામાં તપાસ ચાલી રહી છે. આ બંને આરોપીને અમદાવાદ સાબર ક્રાઈમ બ્રાન્ચ લાવ્યા બાદ તેની વધુ પૂછપરછ કરવામાં આવશે. વધુમાં ઉમેર્યું કે, રાજકોટની જે હોસ્પિટલમાં સીસીટીવી આ યુ-ટ્યુબ ચેનલમાં અપલોડ કરવામાં આવ્યા હતા તે તપાસમાં પણ સ્પષ્ટ થયું છે કે હોસ્પિટલના સીસીટીવી કેમેરાના આઈપીના આધારે ફૂટેજ હેક કરવામાં આવ્યા હતાં. બાદમાં આ ફૂટેજ સોશિયલ મીડિયા પર વેચતા કરી દીધા હતાં.

### ટેલિગ્રામ ચેનલ મહારાષ્ટ્રથી ઓપરેટ થતી હતી

મહિલાઓના સારવાર દરમિયાનના ચેકઅપના સીસીટીવી વેચવાના કૌભાંડ મામલે JCP શરદ સિંઘલ દ્વારા પ્રેસ-કોન્ફરન્સ યોજવામાં આવી હતી. એમાં તેમણે જણાવ્યું હતું કે રાજકોટ ક્રાઈમ દ્વારા મહત્ત્વની મદદ મળી છે. 3 મહિનાના સીસીટીવી IP ચેક કરવામાં આવ્યા છે. આ ટેલિગ્રામ ચેનલ મહારાષ્ટ્રના સાંગલી અને લાતુરથી ઓપરેટ થતી હતી. મહારાષ્ટ્ર અને પ્રયાગરાજમાં ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ફુલચંદ્ર નામની બીજી વ્યક્તિ ટેલિગ્રામ ચેનલ ચલાવતો હતો. રોમાનિયા અને એટલાન્ટાના હેકર સાથે પ્રજ્વલ સંપર્કમાં હતો.

### રાજકોટની હોસ્પિટલના CCTV જાન્યુઆરીમાં મેળવ્યા હતા

તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશની અલગ અલગ જગ્યાએ હોસ્પિટલમાં સીસીટીવી હેક થયાની શક્યતા છે. હજી સુધી કોઈ હોસ્પિટલ સ્ટાફની મદદગારી સામે આવી નથી. એક વર્ષથી આ પ્રકારની ચેનલ ચાલતી હતી. બે આરોપી 12 પાસ હતા. કુલ ત્રણ આરોપી છે, જેમાંથી બેને ઝડપી પાડવામાં આવ્યા છે. તેમને લાવવામાં આવી રહ્યા છે. આવ્યા બાદ ડિટેઈલ મળશે. રાજકોટની હોસ્પિટલના CCTV મેળવવા ડિસેમ્બરથી પ્રયાસ કરતા હતા. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં સીસીટીવી મેળવ્યા હતા.

# મિત્રે વેપારીને બદામ શેકમાં કેફી પીણું પીવડાવી સોનાની ચેઇન ચોરી લીધી

(એજન્સી) અમદાવાદ । તા 19

માધુપુરામાં વેપારીના મિત્રે બદામ શેકમાં કેફી પીણું પીવડાવી સોનાની ચેઈન ચોરી લીધી હોવાની માધુપુરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. માધુપુરામાં રહેતા નીલેશભાઈ ઉર્ફે બાબુભાઈ અને કમલેશભાઈ બોરીસા બંને ભાઈ રાહત સર્કલ પાસે અગરબત્તીની દુકાન ધરાવે છે. ગત સોમવારે બપોરે નીલેશભાઈના મિત્ર દિનેશભાઈના પુત્ર બીટુ ઉર્ફે સાવને ફોન કરીને કમલેશભાઈ દુકાન બહાર ઊલટી કરતા હોવાનું જણાવતા નીલેશભાઈ તેમના મિત્ર સાથે તાત્કાલિક દુકાને પહોંચીને જોયું તો કમલેશભાઇ તો દુકાનની બહાર નાદુરસ્ત હાલતમાં બેઠા હતા. ત્યાં હાજર બીટુ ઉર્ફે સાવનને પૂછતા તેણે બે-ત્રણ લોકોએ આવીને કમલેશભાઈને દારૂ પીવડાવ્યો અને બાદમાં બદામ શેક લેવા ગયો હોવાની સ્ટોરી સંભળાવી હતી. બદામ શેકના બે ગ્લાસમાંથી એક બીટુએ અને કમલેશભાઈને પીવડાવ્યાનું જણાવ્યું હતું. નીલેશભાઈ તેમના ભાઈને નાદુરસ્ત હાલતમાં દુકાને લઈ આવી સોડા પીવડાવી હતી ત્યારે કમલેશભાઈના ગળામાંથી 90 હજારની સોનાની ચેઈન ગાયબ હતી. જ્યારે તે ભાનમાં આવ્યા ત્યારે પૂછ્યું તો ઘટનામાં વળાંક આવ્યો હતો. બીટુ ઉર્ફે સાવન બે કલાકથી દુકાને બેઠો હતો અને તેણે બદામ શેકમાં કોઇ કેફી પદાર્થ નાખી પીવડાવતા તબિયત બગડતા ચેઈન કાઢી લીધાનું જણાયું હતું. આ મામલે માધવપુરા પોલીસે બીટુ ઉર્ફે સાવન સેંઘલ સામે ગુનો નોંધ્યો છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...